# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - અમરેલી

## ક્રિયાત્મક સંશોધન સારાંશ

## વર્ષ : ૨૦૨૩ – ૨૪

### :: પ્રેરણા ::


શ્રી નીલેશભાઈ ચાંપાનેરી

પ્રાચાર્ય

ડાયેટ – અમરેલી


### :: સંકલન ::


ડૉ કાર્તિક ડી. વ્યાસ

સીનીયર લેકચરર

ડાયેટ – અમરેલી

**ડૉ સુરેશ ઢીલા**

લેકચરર

ડાયેટ – અમરેલી


વર્ષ ૨૦૨૪-૨૫

## પ્રસ્તાવના

શિક્ષણના ક્ષેત્રમાં સંશોધનનું આગવું મહત્વ છે. સંશોધન એટલે નવા જ્ઞાનના સર્જનની પ્રક્રિયા. સંશોધન એ સહિયારા પુરૂષાર્થનું પરિણામ છે. રાષ્ટ્રીય કક્ષાએ એન.સી.ઇ.આર.ટી એ શાળેય શિક્ષણના ક્ષેત્રમાં કાર્ય કરતી મહત્વની સંસ્થા છે. રાજ્ય કક્ષાએ જીસીઇઆરટી શિક્ષણ અને સંશોધનમાં ક્ષેત્રમાં આગવું સ્થાન ધરાવે છે. જીસીઇઆરટી દ્વારા  શૈક્ષણિક સંશોધનના ક્ષેત્રમાં સતત કાર્ય થતું રહે છે.GAP અને GAS જેવાં સિદ્ધિ સર્વેક્ષણો જીસીઇઆરટી દ્વારા સમયાંતરે હાથ ધરાય છે.NAS જેવાં રાષ્ટ્રીય કક્ષાના સિદ્ધિ સર્વેક્ષણોનું અમલીકરણ પણ જીસીઇઆરટીના  માધ્યમથી થાય છે.

જીસીઇઆરટીના નેતૃત્વમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દર વર્ષે શિક્ષકો પાસે ક્રિયાત્મક સંશોધનો હાથ ધરાવે છે. ચાલુ વર્ષે જીસીઇઆરટી દ્વારા ડાયટ દ્વારા વર્ષ: ૨૦૨૩–૨૦૨૪ દરમિયાન શિક્ષકો દ્વારા હાથ ધરવામાં આવેલ ક્રિયાત્મક સંશોધનોનો સારાંશ તૈયાર કરવાની સૂચના થઇ આવેલ છે. પ્રસ્તુત સંશોધન સારસંચય જીસીઇઆટીની ઉપરોક્ત સૂચના  અન્વયે તૈયાર કરવામાં આવેલ છે.

આ સારસંચયમાં શિક્ષકો દ્વારા હાથ ધરવામાં આવેલ ક્રિયાત્મક સંશોધનો તૈયાર કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૩–૨૦૨૪માં શિક્ષકો દ્વારા હાથ ધરવામાં આવેલ ક્રિયાત્મક સંશોધનોનો સારાંશ આ સંચયમાં સંકલિત કરવામાં આવેલ છે. શિક્ષણ અને સંશોધનના ક્ષેત્રમાં કાર્ય કરતાં સહુ કોઇને આ સારસંચય ઉપયોગી પુરવાર થશે એજ અભ્યર્થના સહ,

શ્રી.નિલેશભાઈ આર. ચાંપાનેરી
પ્રાચાર્ય(I/C)
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
અમરેલી

## સારાંશ લેખન

1. શ્રી હરેશભાઈ ગોહેલ
2. શીતલબેન મકાણી
3. ચાર્મીબેન વસાણી
4. મધુભાઈ બોરીચા
5. ભાવિનભાઈ આંબલીયા
6. ધ્રુવભાઇ પંડ્યા
7. પૂજાબેન જોશી
8. પ્રકાશભાઈ સોલંકી
9. પરેશભાઈ સુરાણી
10. લાલજીભાઈ સિંધલ

# :: અનુક્રમણિકા ::


| ક્રમ | સંશોધક નું નામ | શીર્ષક |
|---|---|---|
| 1 | ગોંડલીયા રોહિતભાઈ વી. | વિદ્યાર્થીઓને વર્ગખંડમાં એકાગ્રતા વધારવાના ઉપાયો અને ઉપચાર |
| 2 | શ્રી જાગૃતિબેન એ.જોષી | ધોરણ ૬અને૭ના વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષામાં વિસર્ગ વાંચનમાં થતી સમસ્યાનું નિદાન અને ઉપચાર |
| 3 | અર્ચનાબેન દીપકકુમાર ત્રિવેદી | ધો. 7 ના વિદ્યાર્થીઓને અપૂર્ણાંક સંખ્યા ગુણાકારમાં થતી ભૂલો અને તેનું નિવારણ |
| 4 | જ્યોત્સનાબેન વી .પરમાર | ધો – 3 અને 4 ના બાળકોને જોડાક્ષરો અને રેફવાળા શબ્દો લખવામાં પડતી મુશ્કેલી નિવારવા કરેલ ક્રિયાત્મક સંશોધન |
| 5 | ચોટલીયા વિભુતિબેન પી. | ધો.3ના બાળકો વાચનમાં ભુલો કરે છે. |
| 6 | ભરતભાઈ જીલ્લુભાઈ વાળા | ધોરણ ૫ થી ૮ ના બાળકોને અંગ્રેજી લેખનમાં પડતી મુશ્કેલી અને ઉપચાર |
| 7 | શુક્લ નિષ્ઠાબેન વાસુદેવભાઇ | ધો-3ના વિદ્યાર્થીઓની વાચન ઝડપનો અભ્યાસ |
| 8 | જોશી કિશોરભાઇ પ્રાણશંકરભાઈ | ધો. ૬ તથા ૮ના વિદ્યાર્થીઓને ગુજરાતી શ્રુતલેખનમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ |
| 9 | અપારનાથી હિરેનગીરી જી. | વિદ્યાર્થીઓને પરીમીતી અને ક્ષેત્રફળ શોધવામાં પડતી મુશ્કેલીઓ |
| 10 | પ્રફુલભાઇ કાનજીભાઇ કાતરિયા | ધોરણ 6 અને 7 ના વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષા વાચનમાં અને લેખનમાં થતી ભૂલોનું નિદાન ઉપચાર |
| 11 | શ્રી દેવેન્દ્રભાઇ એચકોરાટ . | ધોરણ: 4 થી 6 માં અંગ્રેજીના CAPITAL- SMALL LETTERS લખવામાં પડતી મુશ્કેલીઓનું નિદાન અને ઉપચાર |
| 12 | શ્રી કિરીટભાઈ વીપાનશેરીયા . | ધો.6 અને 7 ના વિદ્યાર્થીઓને વર્ગ અને ઘન સમજવામાં પડતી મુશ્કેલી ઓનું નિદાન અને ઉપચાર |
| 13 | મેઘાણી શોભાબેન એન. | ધોરણ 1,2 પ્રજ્ઞા બાળકોને અંગ્રેજી અંકો અને એબીસીડી ઓળખવામાં પડતી મુશ્કેલી |
| 14 | ભાવનાબેન ગજેરા | ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીને Wh Question શીખવવામાં થતી ભૂલો |
| 15 | અનિશાબેન તરકવાડીયા | શ્રુત લેખનમાં થતી મુશ્કેલીઓ |
| 16 | પટેલ પાયલબેન નાથાભાઇ | વિદ્યાર્થીઓને પર્યાવરણમાં નિરસતા દૂર કરવાનું નિદાન અને ઉપચાર |
| 17 | દિવ્યાબેન ગૌરીશંકરભાઈ ધાંધિયા | ધોરણ ૮ના વિદ્યાર્થીઓ રસપ્રદ રીતે પત્ર લખતાં આવડતું નથી. |
| 18 | પંડ્યા દિપાલી દિનેશભાઈ | ધો.૫ના વિદ્યાર્થીઓની ગણિતમાં આકાર અને ખુણામાં થતી ભુલો |
| 19 | દવે અખિલકુમાર આર. | ધોરણ-7ના વિદ્યાર્થીઓ ગુજરાતી પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ કૃતિઓના સર્જકો પ્રત્યે અરુચિ ધરાવે છે. |
| 20 | ગોહિલ અજીતસિંહ જગુભાઈ | ભણવામાં નીરસ વિદ્યાર્થીઓનું નિદાન અને ઉપચાર |
| 21 | વર્ષાબેન હસમુખલાલ જોષી | ચ,છ,સ,શ,અને ષ જેવા મૂળાક્ષરોનું શુધ્ધ ઉચ્ચારણ |
| 22 | વૈષ્ણવ હીનાબેન જી. | શાળાના ધોરણ 6 અને 7 ના વિદ્યાર્થીઓ માં અંગ્રેજી લેખનમાં નબળા લેખન કાર્ય ની સમસ્યા અને નિવારણ |
| 23 | તેરૈયા પ્રજ્ઞાબહેન એમ. | ધો.૭ અને ૮ના વિદ્યાર્થીઓ સમાસ ઓળખવામાં ભૂલ કરે છે |
| 24 | દેવમુરારી ચિરાગકુમાર રમણિકલાલ | લુણસાપુર ક્લસ્ટરમાં યોજાતી વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓમાં જોવા મળતો ઉત્સાહનો અભાવ |

| | | |
|---|---|---|
| 25 | પ્રદિપકુમાર કાનાભાઇ રામ | ધોરણ-૬ નાં વિદ્યાર્થીઓ રસપ્રદ રીતે વાર્તા કહેતા આવડતી નથી. |
| 26 | સાવલિયા કમલેશકુમાર મનસુખલાલ | 13મી થી 16 મી સદીનાં શાસકોનાં નામ યાદ રાખવામાં પડતી મુશ્કેલીનો અભ્યાસ અને ઉપચાર |
| 28 | રવિ સેગલીયા | ધોરણ 8નાં વિદ્યાર્થીઓને સંસ્કૃત શબ્દ ઉચ્ચારણમાં થતી ભૂલોનું નિદાન ઉપચાર |
| 29 | કટકિયા વિપુલકુમાર વી | ધોરણ 5 થી 8 ના વિદ્યાર્થીઓને થતી વિરામચિહ્નના ઉપયોગમાં પડતી મુશ્કેલીઓનું નિદાન અને ઉપચાર |
| 30 | મકવાણા રસીકુમાર આર | ધો.ડ થી ૮ના કેટલાક બાળકો શીખવામાં ધીમા છે |
| 31 | કસવાલા વરૂણભાઈ મનુભાઈ | વિદ્યાર્થીઓને કૃકુ(ગુજરાતી)માં નિરસતા દૂર કરવાનું નિદાન અને ઉપચાર |
| 32 | બોરીચા મધુભાઈ કે. | ધોરણ ૬ થી ૮ વિદ્યાર્થીઓને ગાણિતિક સંજ્ઞાઓ ઓળખવામાં પડતી મુશ્કેલીઓનું નિરાકરણ |
| 33 | બાવીશી હીતેશકુમાર અમૃતલાલ | વિદ્યાર્થીઓને વર્ગખંડમાં એકાગ્રતા વધારવાના ઉપાયો અને ઉપચાર |
| 34 | બુહ્રા રૂપલબેન જે. | ધન અને ઋણ સંખ્યાઓની બેઝિક પ્રક્રિયામાં થતી મુશ્કેલી |
| 35 | ખૂંટ ચંદ્રેશકુમાર પરશોતમભાઈ | ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓમાં નકશાપૂર્તિ ક્ષમતાનો અભાવ |
| 36 | ગોધાણી કેતનભાઇ વલ્લભભાઈ | શીખવામાં ધીમા વિદ્યાર્થીઓનું નિદાન અને ઉપચાર |
| 37 | સમાબેન વી.બ્લોચ | વિદ્યાર્થીઓને અપૂર્ણાંકો ની સમાજ અને તેને અનુરૂપ ગાણિતિક પ્રક્રિયાઓ માં પડતી મિશ્કેલીઓનું નિવારણ. |
| 38 | કિશોરકુમાર ચુનીલાલ દેસાઇ | ધો.૧-૨માં અંગ્રેજી (Oral Work) શીખવામાં વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓનું નિદાન અને ઉપચાર |
| 39 | ભાવેશકુમાર રસિકલાલ ત્રિવેદી | ધોરણ ૬ નાં વિદ્યાર્થીઓને સ્વતંત્ર લેખન (નિબંધ લેખન)માં પડતી મુશ્કેલીઓનું નિદાન-ઉપચાર |
| 40 | કથીરિયા ભીમભાઈ છગનભાઈ | ધોરણ ૩ થી ૫ના વિદ્યાર્થીઓને સરવાળા- બાદબાકી કરવામાં પડતી મુશ્કેલીઓનું નિવારણ |
| 41 | અમિતભાઈ કે. ભેસાણીયા | ધોરણ ૬ ના વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષામાં ક્રિયાપદો(ACTION WORDS) માં થતી સમસ્યાનું નિદાન અને ઉપચાર |
| 42 | કાજલબેન વિનુભાઈ કળથીયા | ધોરણ 6 ના વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાનમાં કર્કવૃત્ત,વિષુવવૃત અને મકરવૃત અક્ષાંશ અને રેખાંશની સમસ્યા |
| 43 | કૃતિકા ધીરુભાઈ ત્રિવેદી | વિશિષ્ટ જરૂરિયાત ધરાવતાં બાળકોનાં વર્તન આધારિત સમસ્યાઓનો અભ્યાસ |
| 44 | વસોયા હેતલબેન વી | ધો.3 માં અંગ્રેજી ભાષાના અર્થગ્રહણ માં પડતી મુશ્કેલીઓ નો અભ્યાસ |
| 45 | ડોડીયા પ્રિયાબેન એચ | ધોરણ-૮ના વિધાર્થીઓ અંગ્રેજી વિષયમાં રસ ધરાવતા નથી |
| 46 | સંજયભાઈ ભીખાભાઇ વાળોદરા | ધોરણ 6 થી 8 માં ગુજરાતી વિષયમાં રેફવાળા (અર્થાત હલંત 'ર'કારવાળા) શબ્દોમાં પડતી મુશ્કેલીનું નિદાન તથા ઉપચાર |
| 47 | નથવાણી પાયલબેન એ | વિદ્યાર્થીઓમાં દીશા ઓળખ સંબધિત સમસ્યા અને તેનું નિરાકરણ. |
| 48 | સોલંકી પ્રકાશકુમાર ડી. | વાર્તા દ્વારા ધોરણ ૬ થી ૮ નાં બાળકોમાં વિજ્ઞાન વિષયની અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિ |

**સારાંશ ક્રમાંક** : 1

**થીમ/વિષય** : વર્ગખંડ વ્યવહાર

**સ્તર** : પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક** : વિદ્યાર્થીઓની વર્ગખંડમાં એકાગ્રતા વધારવાના ઉપાયો અને ઉપચાર

**સંશોધકનું નામ** : ગોંડલીયા રોહિતભાઈ વી.

**સંસ્થાનું સરનામું** : શ્રી પ્લોટશાળા હામાપુર , તા: બગસરા , જી અમરેલી

**સંશોધન વર્ષ** : ૨૦૨૩-૨૪

**સારાંશ :**

1. **ભૂમિકા :** પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધનમાં વિદ્યાર્થીઓની પર્યાવરણમાં નિરસતા દૂર કરવા અન્વયે આવશ્યક નિદાન અને ઉપચાર કાર્ય વિશે સંશોધન કાર્ય કરવામાં આવેલ હતું.

2. **સમસ્યા ક્ષેત્ર :** સમસ્યા ક્ષેત્ર અમરેલી જિલ્લાના બગસરા તાલુકાની શ્રી પ્લોટશાળા હામાપુર પ્રાથમિક શાળાના વર્ષ ૨૦૨૩-૨૪ના ધોરણ : ૩-૪ નાં વિદ્યાર્થીઓ સુધી સિમિત હતું.

3. **સમસ્યાના સંભવિત કારણો :**

I. વિદ્યાર્થીઓને વર્ગખંડમાં દ્રશ્ય શ્રાવ્ય સાધનોના ઉપયોગનો અભાવ

II. વર્ગખંડમાં તાદાત્મ્ય વાતાવરણ ન હોવાથી વિદ્યાર્થીઓને નિરસતા

III. શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ન આપવું

IV. વિદ્યાર્થીઓને વર્ગખંડમાં લઘુતાગ્રંથિ અનુભવવી

V. વિદ્યાર્થીઓને વર્ગખંડમાં વાર્તા કથન ચિત્રકામ જેવી પ્રવૃત્તિનો અભાવ

VI. વિદ્યાર્થીઓને વર્ગખંડમાં શિક્ષક પ્રત્યે મિત્રતા કેળવવા માટેનો ભય

VII. વિદ્યાર્થીઓને પ્રવૃત્તિમાં સામેલગીરીમાં નિરસતા

VIII. વિદ્યાર્થીઓને વર્ગખંડમાં વિષયવસ્તુ સંબંધિત સાધનોનો અભાવ

4. **ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

I. વર્ગખંડમાં રસરૂચિ વધારવા માટે યુ ટ્યુબ જેવી ચેનલનો ઉપયોગ કરીને બાળકોને વર્ગખંડમાં જોડી શકાશે.

II. જો વિદ્યાર્થીઓને ભાષાના વિષયમાં શબ્દકાર્ડ રમત અને 'મને ગમતો લેખ' જેવી પ્રવૃત્તિ કરાવીને બાળકને રસરૂચિ વધારી શકાશે.

III. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપ ઈનામ અથવા ભેટ આપવામાં આવે તો આ સમસ્યા હલ થઈ શકાશે.

IV. જો શિક્ષક વિદ્યાર્થીઓને દ્રશ્ય શ્રાવ્ય સાધનો દ્વારા શિક્ષણ આપે તો વિદ્યાર્થીઓને વર્ગખંડમાં એકાગ્રતા વધારી અને જ્ઞાનમાં વધારો કરી શકાશે.

V. જો વિદ્યાર્થીઓને વર્ગખંડમાં એકાગ્રતા વધારવા માટે ક્વિજ અને પ્રશ્નોત્તરી જેવા કાર્યપદ્ધતિ અમલમાં લાવીને બાળકને વર્ગખંડમાં જોડી શકાશે.

VI. જો વિદ્યાર્થીઓને પ્રવૃત્તિમય શિક્ષણ અને વર્ગખંડમાં નાવીન્યપૂર્ણ પ્રવૃત્તિ કરવામાં આવે તો વર્ગખંડમાં રુચિ વધારી શકાય.

VII. જો વિદ્યાર્થીઓને ગાણિતિક વિષયના કારણે વર્ગખંડમાં નિરસતા જોવા મળતી હોય તો વિદ્યાર્થીઓને પઝલ ગેમ અને અંક ગણન પ્રવૃત્તિ મોબાઈલ કે લેપટોપમાં રમાડીને નિરસતા દૂર કરી શકાય.

5. **પ્રયોગકાર્યની રૂપરેખા :** પ્રથમ દિવસે દરેક વિદ્યાર્થીની પૂર્વ કસોટી લઇ તેની ભૂલો સમજાવવી, બીજા દિવસે વિદ્યાર્થીઓને વર્ગખંડમાં દ્રશ્ય શ્રાવ્ય પદ્ધતિથી શિક્ષણ કાર્ય કરી સમજાવ્યા, ત્રીજા દિવસે વર્ગખંડમાં પ્રવૃત્તિ કરી શિક્ષણ કાર્ય કરાવ્યું, અને જૂથકાર્યમાં પ્રવૃત્તિ કાર્ય કરાવ્યું, ચોથા દિવસે વર્ગખંડમાં ઈતર પ્રવૃત્તિ તથા રમત ગમત દ્વારા શિક્ષણમાં જાગૃત કરવામાં આવ્યા, પાંચમાં દિવસે વર્ગખંડમાં ગાણિતિક અને ભાષાના વિષયમાં બાળકને ક્વિઝ અને પ્રશ્નોત્તરી દ્વારા ખ્યાલ અપાયો, છઠ્ઠા દિવસે ટી.એલ.એમ.નો ઉપયોગ કરી વિષયવસ્તુની સમજ આપી, સાતમાં દિવસે દરેક વિદ્યાર્થીની પુન: કસોટી લઇ તેની ભૂલો સમજાવી હતી.

6. **માહિતીનું વિશ્લેષણ :** પૂર્વ ટેસ્ટ,પ્રવૃત્તિમય શિક્ષણ અને પોસ્ટ ટેસ્ટના તફાવતની ટકાવારીના આધારે વિશ્લેષણ કરેલ હતું.

7. **તારણો :**

I. વિદ્યાર્થીઓએ વિવિધ પ્રવૃતિ અને રમતગમત દ્વારા જૂથમાં કાર્ય કરતાં હોવાથી વર્ગખંડમાં રસરૂચિ વધતી સ્પષ્ટ દેખાય હતું.

II. વિદ્યાર્થીઓ ને નવી પ્રવૃત્તિઓ ટેક્નોલોજીનો ઉપયોગ કરી ભણાવવા થી તેઓનો વર્ગખંડમાં અરુચિનો અણગમો દૂર કરી શકાય હતી.

III. વિદ્યાર્થીઓ પોતાના મિત્રો સાથે ગાણિતિક ક્વિઝ ની પ્રેક્ટિસ કરે છે તો તે પોતાના મિત્ર પાસેથી વધુ ઝડપી શીખી શક્યા હતાં.

IV. વિદ્યાર્થીઓને દ્રશ્ય શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરી પાયાનું અને જરૂરી જ્ઞાન આપી ઊંડાણપૂર્વક સમજ આપવાથી વિધ્યાર્થીઓ વર્ગખંડમાં રસરૂચિ વધી હતી.

V. વિદ્યાર્થીઓને માટીના રમકડાં બનાવવાની પ્રવૃતિ દ્વારા રસ લેતા કરી શકાયા હતા.

VI. વિદ્યાર્થીઓને ટેક્નોલોજીના માધ્યમથી વિવિધ ક્વિઝ અને પ્રશ્નોત્તરીની રમત કરાવવાથી તેઓના આત્મવિશ્વાસનો વધારો કરી શકાયો હતો.

**સારાંશ તૈયાર કરનાર** : મકાણી શિતલબેન પ્રાગજીભાઈ (પી.એમ.શ્રી જેસિંગપરા કન્યાશાળા અમરેલી )

**સારાંશ ક્રમાંક** : 2

**થીમ/વિષય** : ભાષા ( સંસ્કૃત)

**સ્તર** : ઉચ્ચ પ્રાથમિક (ધોરણ ૬ અને ૭)

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક** : "ધોરણ: ૬ અને ૭ ના વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષામાં વિસર્ગ વાંચનમાં થતી સમસ્યાનું નિદાન અને ઉપચાર"

**સંશોધકનું નામ** : શ્રી જાગૃતિબેન એ. જોષી

**સંસ્થાનું સરનામું** : શ્રી રાભડા પ્રાથમિક શાળા, તાલુકો - લાઠી , જીલ્લો - અમરેલી

**સંશોધન વર્ષ** : ૨૦૨૩-૨૪

**સારાંશ :**

1. **ભૂમિકા** : પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધનમાં ધોરણ ૬ અને ૭ ના વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષામાં વિસર્ગ વાંચનમાં થતી સમસ્યાનું નિદાન અને ઉપચારાત્મક કાર્ય વિશે સંશોધન કરવામાં આવ્યું હતું.

2. **સમસ્યા ક્ષેત્ર** : સમસ્યા ક્ષેત્ર અમરેલી જિલ્લાના લાઠી તાલુકાની શ્રી રાભડા પ્રાથમિક શાળાના વર્ષ ૨૦૨૩-૨૪ના ધોરણ : ૬-૭નાં વિદ્યાર્થીઓ સુધી સિમિત હતું.

3. **સમસ્યાના સંભવિત કારણો** :

   I. ધોરણ:૬ના વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષા એક વિષય તરીકે આવતો ન હોવાથી વાંચનના પૂર્વાનુભવનો અભાવ

   II. વિદ્યાર્થીઓને સંસ્કૃતમાં વિસર્ગ વાંચનમાં નહીવત રસ અને રુચિ

   III. વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષામાં વિસર્ગ વાંચન પ્રત્યે કાલ્પનિક ભય

   IV. શિક્ષક દ્વારા યોગ્ય પદ્ધતિનો અભાવ

   V. શાળામાં સંસ્કૃતમાં વિસર્ગ વાંચન સંબંધિત પ્રવૃત્તિ માટે ભાષા શિક્ષક પાસે સમયનો અભાવ

   VI. શિક્ષક દ્વારા પ્રોત્સાહનનો અભાવ

   VII. સંસ્કૃત ભાષામાં વિસર્ગ વાંચનના શિક્ષણ કાર્ય માટેના શૈક્ષણિક સંદર્ભોનો અભાવ

   VIII. સંસ્કૃત ભાષામાં વિસર્ગ વાંચનના મહાવરા માટે સમયનો અભાવ

   IX. ધોરણ ૬ અને ૭ ના વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષામાં વિસર્ગ વાંચન અઘરું લાગે છે.

   X. વિદ્યાર્થીઓને સંસ્કૃતમાં વિસર્ગ વાંચનમાં ઉચ્ચારણ સરળતાથી યાદ રહેતું નથી.

   XI. વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષામાં વિસર્ગ વાંચન સમયે સ્વર વાંચનમાં ભૂલ થાય છે.

   XII. વિદ્યાર્થીઓને સંસ્કૃતમાં વિસર્ગ વાંચનમાં કંટાળો આવે છે.

   XIII. વિદ્યાર્થીઓને સંસ્કૃતમાં વિસર્ગ વાંચન વિશે પૂરતું જ્ઞાન નથી .

   XIV. વિદ્યાર્થીઓને વિસર્ગ વાંચન કરતા શ્લોકગાન વધુ ગમે છે.

   XV. વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષામાં વિસર્ગ વાંચનના ઉચ્ચાર વારંવાર ભૂલી જાય છે.

**4. ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ** :

I. સંસ્કૃત ભાષાનું પૂર્વજ્ઞાન ન હોવાથી વિદ્યાર્થીઓને સંસ્કૃત નવા વિષય તરીકે નહીં પણ સંસ્કૃત ભાષાને એક પ્રવૃત્તિમય શિક્ષણ તેમજ રમતગમત સાથે જોડી શિક્ષણકાર્ય કરાવવામાં આવે તો વિસર્ગ વાંચનમાં સુધારો લાવી શકાશે.

II. પ્રવૃત્તિમય શિક્ષણ કરાવવાથી બાળકની સંસ્કૃત ભાષામાં વાંચનમાં સુધારો લાવી શકાશે.

III. વર્ગમાં નબળા વિદ્યાર્થીઓનું અલગ ગ્રુપ બનાવી તેને સંસ્કૃત ભાષામાં વાંચનનો મહાવરો કરાવવાથી પણ સુધારો લાવી શકાય અને ભય પણ દૂર કરી શકાશે.

IV. વિદ્યાર્થીઓને સંસ્કૃતમાં વિસર્ગ વાંચનને લગતા તમામ સાહિત્યનો ઉપયોગ કરવા પ્રેરવામાં આવે તો આ સમસ્યામાં સુધારો લાવી શકાશે.

V. વિદ્યાર્થીઓમાં સંસ્કૃતમાં વિસર્ગ વાંચનને લગતું શબ્દભંડોળ વિકસે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ તેમજ T.L.M દ્વારા શિક્ષણ કરાવવામાં આવે તો સંસ્કૃત વિસર્ગ વાંચનના સંભવિત જ્ઞાનમાં વધારો કરી શકાશે.

VI. જો વિદ્યાર્થીઓને મૂલ્યાંકનમાં પ્રશ્નોત્તરી પદ્ધતિથી મહાવરો કરાવવામાં આવે તો સમસ્યાનું નિવારણ કરી શકાશે.

VII. જો વિદ્યાર્થીઓને જૂથકાર્ય દ્વારા શીખવાડવામાં આવે તો વિદ્યાર્થીઓ જાતે જ પોતાની ભૂલો સુધારી વિસર્ગ વાંચન કરી શકાશે.

5. **પ્રયોગકાર્યની રૂપરેખા :** પ્રથમ દિવસે દરેક વિદ્યાર્થીઓની પૂર્વ કસોટી લઇ તેની ભૂલો સમજાવી, બીજા દિવસે સંસ્કૃત ભાષાના વિસર્ગ વાંચન માટે વિવિધ શબ્દોનું વાંચન માટે દ્રશ્ય-શ્રાવ્ય સધાનોનો ઉપયોગ કરવમ આવ્યો, ત્રીજા દિવસે સંસ્કૃત ભાષાના વિસર્ગ વાંચનમાં શબ્દોનો ચાર્ટ બનાવી તેના દ્વારા વિસર્ગનું વાંચન કરાવ્યું, ચોથા દિવસે વિસર્ગને લગતા શબ્દોની વિવિધ પ્રવૃત્તિઓ, રમતો રમાડી શિક્ષણકાર્ય કરાવ્યું, પાંચમા દિવસે સંસ્કૃતમાં વિસર્ગ વાંચનના ઉચ્ચારણ વિશે માહિતી આપી, છઠ્ઠા દિવસે દ્રશ્ય-શ્રાવણ સાધનોનો ઉપયોગ કરી વિસર્ગ વાંચનનો મહાવરો કરાવ્યો, સાતમાં દિવસે દરેક વિદ્યાર્થીઓની પુનઃ કસોટી લઇ તેની ભૂલો સમજાવવમાં આવી હતી.

**6. માહિતીનું વિશ્લેષણ :** પૂર્વ ટેસ્ટ,પ્રવૃત્તિમય શિક્ષણ અને પોસ્ટ ટેસ્ટના તફાવતની ટકાવારીના આધારે વિશ્લેષણ કરેલ હતું.

**7. તારણો :**

I. દરેક વિદ્યાર્થીઓની મૌખિક કસોટી લેવામાં આવી હતી.

II. સંસ્કૃત વિસર્ગવાંચન કરાવવામાં આવ્યું તથા T.L.M દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

III. વિસર્ગ વાંચન માટે ચાર્ટ દ્વારા મૌખિક વાંચન નું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

IV. અલગ-અલગ ઉચ્ચારણ વાળા વિસર્ગ વાળા શબ્દોનું વાંચન દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

V. દરેક વિદ્યાર્થીઓની વિસર્ગ વાંચનની કસોટી લેવામાં આવી હતી.

**સારાંશ તૈયાર કરનાર** : મકાણી શિતલબેન પ્રાગજીભાઈ (પી.એમ.શ્રી જેસિંગપરા કન્યાશાળા અમરેલી)

**સારાંશ ક્રમાંક** : 3

**થીમ/વિષય** :  ગણિત

**સ્તર** :   ઉચ્ચ પ્રાથમિક (ધોરણ ૭)

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક** : "ધોરણ ૭ નાં વિદ્યાર્થીઓને અપૂર્ણાંક સંખ્યાના ગુણાકારમાં થતી ભૂલો અને તેનું નિવારણ"

**સંશોધકનું નામ** : શ્રી   અર્ચનાબેન ડી. ત્રિવેદી

**સંસ્થાનું સરનામું** : શ્રી હાવતડ પ્રાથમિક  શાળા, તાલુકો - લાઠી  , જીલ્લો - અમરેલી

**સંશોધન વર્ષ** : ૨૦૨૩-૨૪

**સારાંશ :**

1. **ભૂમિકા :**

પ્રસ્તુત સંશોધન ધોરણ સાતના વિદ્યાર્થીઓને અપૂર્ણાંક સંખ્યામાં ગુણાકારની ક્રિયામાં પડતી મુશ્કેલીઓનું નિદાન કરવા માટે હાથ ધરવામાં આવ્યું હતું. .

2. **સમસ્યા ક્ષેત્ર** :

સમસ્યા ક્ષેત્ર અમરેલી જિલ્લાના લાઠી તાલુકાની શ્રી હાવતડ પ્રાથમિક શાળાના વર્ષ ૨૦૨૩-૨૪ના ધોરણ :૭નાં વિદ્યાર્થીઓ પુરતું સિમિત હતું.

3. **સમસ્યાના સંભવિત કારણો** :

I. શક્યત: કોરોનાની વૈશ્વિક મહામારીના કારણે વિદ્યાર્થીઓમાં પરોક્ષ શિક્ષણના કારણે પૂર્વજ્ઞાનની કચાશ હતી.

II. અમુક વિદ્યાર્થીઓમાં ઘડિયા જ્ઞાનમાં કચાશ હતી.

III. કેટલાક વિદ્યાર્થીઓના અપૂર્ણાંક સંખ્યાના ગુણાકારની ક્રિયાને સમજી શકતા ન હતા.

IV. કેટલાક વિદ્યાર્થીઓને સાદા સંખ્યાના ગુણાકારમાં મુશકેલી પડતી હતી.

V. કેટલાક વિદ્યાર્થીઓને અંશ અને છેદની સંકલ્પના સ્પષ્ટ ન હતી.

VI. કેટલાક વિદ્યાર્થીઓને કોઈપણ સંખ્યાના અવયવો શોધવામાં તકલીફ પડતી હતી.

**4. ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

I. કોરોના વૈશ્વિક મહામારીના કારણે તે સમયે પરોક્ષ શિક્ષણના કારણે શૈક્ષણિક સિદ્ધિમાં રહેલ કચાસને પ્રત્યક્ષ શિક્ષણ દ્વારા દૂર કરી શકાશે.

II. વિદ્યાર્થીઓને ઘડિયા કંઠસ્થ કરાવી અવયવોની સમજ કેળવી શકાશે.

III. વિદ્યાર્થીઓને પૂર્ણાંક સંખ્યાના ગુણાકારમાં મુશ્કેલી પડતી હોય તો તેનું નિવારણ કરી શકાશે.

IV. વિદ્યાર્થીઓને આપેલ સંખ્યાના અવયવ શોધતા શીખવી શકાશે.

V. વિદ્યાર્થીઓમાં અંશ અને છેદ ની સંકલ્પના સ્પષ્ટ કરાવી શકાશે.

VI. વિદ્યાર્થીઓમાં અપૂર્ણાંક સંખ્યાના ગુણાકારના નિયમો સમજાય તેવી પ્રવૃત્તિ કરાવી શકાશે.

VII. છેદ ઉડાડવાના નિયમો યોગ્ય રીતે સમજાય તેવી પ્રવૃત્તિ કરાવી શકાશે.

**5. પ્રયોગકાર્યની રૂપરેખા :**

પ્રથમ દિવસે દરેક વિદ્યાર્થીઓની પૂર્વ કસોટી લઇ તેની ભૂલો તપાસી હતી, ત્યારબાદ બીજા દિવસે ઘડિયા શીખવવા, ત્રીજા દિવસે અવયવ શીખવવા, ચોથા દિવસે પૂર્ણાંક સંખ્યાના ગુણાકાર પુનરાવર્તન, પાંચમાં દિવસે અંશ અને છેદની સંકલ્પના સ્પષ્ટ કરાવી, છઠ્ઠા દિવસે અવયવો પાડી છેદ ઉડાડતા શીખવ્યા સાતમાં દિવસે દાખલાઓનો મહાવરો કરાવ્યો, આઠમાં દિવસે જૂથ બનાવી દાખલા ગણવાની રમતો રમાડી અને છેલ્લે દરેક વિદ્યાર્થીઓની પુનઃ કસોટી લઇ તેની ભૂલો સમજાવવમાં આવી હતી.

**6. માહિતીનું વિશ્લેષણ :**

પૂર્વ ટેસ્ટ,પ્રવૃત્તિમય શિક્ષણ અને પોસ્ટ ટેસ્ટના તફાવતની ટકાવારીના આધારે વિશ્લેષણ કરેલ હતું.

**7. તારણો :**

I. દરેક વિદ્યાર્થીઓની પૂર્વ ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટના આધારે ધોરણ ૭ના વિદ્યાર્થીઓની અપૂર્ણાંક સંખ્યાના ગુણાકારમાં થતી ભૂલોનું નિવારણ કરી શકાયું હતું.

**સારાંશ તૈયાર કરનાર** : મકાણી શિતલબેન પ્રાગજીભાઈ (પી.એમ.શ્રી જેસિંગપરા કન્યાશાળા અમરેલી)

**સારાંશ ક્રમાંક** : 4

**થીમ/વિષય** : ભાષા ( ગુજરાતી )

**સ્તર** : પ્રાથમિક (ધોરણ 3 અને 4)

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક** : "ધો – 3 અને 4 ના બાળકોને જોડાક્ષરો અને રેફવાળા શબ્દો લખવામાં પડતી મુશ્કેલી નિવારવા કરેલ ક્રિયાત્મક સંશોધન "

**સંશોધકનું નામ** : જ્યોત્સનાબેન વી . પરમાર

**સંસ્થાનું સરનામું** : શ્રી માળવીયા પીપરીયા પ્રા.શાળા, તા.લાઠી, જી.અમરેલી

**સંશોધન વર્ષ** : ૨૦૨૩-૨૪

**સારાંશ :**

1. **ભૂમિકા :** પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધનમાં શિક્ષણ કાર્ય દરમિયાન ધોરણ ૩અનેજ઼ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ગુજરાતી લેખનમાં ભૂલો દૂર કરવા સંશોધન કાર્ય કરવામાં આવેલ હતું.

2. **સમસ્યા ક્ષેત્ર :** સમસ્યા ક્ષેત્ર અમરેલી જિલ્લાના લાઠી તાલુકાની શ્રી માળવીયા પીપરીયા પ્રાથમિક શાળાના વર્ષ ૨૦૨૩-૨૪ના ધોરણ : ૩-૪ નાં વિદ્યાર્થીઓ સુધી સિમિત હતું.

3. **સમસ્યાના સંભવિત કારણો :**

I. વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધારે હોવાથી વ્યક્તિગત બાળક ઉપર શિક્ષક ધ્યાન આપી સમય ફાળવી શકતા નથી.

II. શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને જોડાક્ષરોનાં અનુલેખનનો મહાવરો ઓછો કરાવવામાં આવે છે.

III. વાલીઓ શિક્ષણનું મહત્વ સમજતા નથી તેથી વિદ્યાર્થીઓ ઉપર ધ્યાન આપતા નથી તેથી વિદ્યાર્થીઓ લેખનકાર્ય કરતાં નથી.

IV. જોડાક્ષરોના લેખન કાર્યના મહાવરા માટે યોગ્ય ટી.એલ.એમ. નો ઉપયોગ કરવામાં આવતો નથી.

V. ગૃહકાર્યની તપાસણી વખતે જોડાક્ષરો વિશે શિક્ષકશ્રી લક્ષ આપતા નથી.

VI. ગૃહકાર્યની નિયમિત તપાસણી શિક્ષક દ્વારા થતી નથી.

VII. વિદ્યાર્થીઓને સ્થાનિક પર્યાવરણમાથી જોડાક્ષરોનું સ્પષ્ટ ઉચ્ચારણ સાંભળવા મળતું નથી.

VIII. જોડાક્ષરોનાં વાંચન અને લેખનના અલગ અલગ મહાવરાનો અભાવ

IX. પૂરતા પ્રમાણમા શ્રાવ્ય અનુભવોનો અભાવ.

4. **ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

I. જો પૂરતા શ્રાવ્ય અનુભવો પૂરા પાડવામાં આવે તો જોડાક્ષરોનું વાંચન સ્પષ્ટ રીતે કરી શકાશે.

II. જો વાતચીત દરમિયાન જોડાક્ષરોનાં ઉચ્ચારણમાં થતી ભૂલો તરફ ધ્યાન દોરવામાં આવે તો વિદ્યાર્થીઓ જોડાક્ષરો સ્પષ્ટ રીતે વાંચી શકાશે.

III. જો જોડાક્ષરોના લેખનકાર્ય દરમિયાન થતી ભૂલો તે જ સમયે સુધારી લેવાય તો જોડાક્ષરોના લેખનમાં થતી ભૂલો સુધરી શકાશે.

IV. જો જોડાક્ષર લેખન માટે યોગ્ય મહાવરો કરાવવામાં આવે તો જોડાક્ષર લેખનની ક્ષતિ દૂર થઈ શકાશે.

V. જો જોડાક્ષર વાંચનમાટે યોગ્ય પધ્ધતિઓનો ઉપયોગ થાય તો જોડાક્ષરોના વાંચનમા થતી ભૂલો સુધારી શકાશે.

VI. જો યોગ્ય ટી.એલ. એમ. નો ઉપયોગ કરવામાં આવે તો જોડાક્ષરોના લેખન અને વાંચનમા થતી ભૂલો સુધરી શકાશે.

VII. જો વારંવાર જોડક્ષરોમાં એક્જ પ્રકારની ભૂલ થતી હોય તો વ્યક્તિગત માર્ગદર્શન આપી શકાશે.

VIII. જો ગૃહકાર્યમાં નિયમિત જોડાક્ષરોનો મહાવરો આપવામાં આવે તો રોજ રોજ થતી ભૂલો સુધારી શકાશે.

IX. જો જાહેર કાર્યક્રમમાં આવા વિદ્યાર્થીઓને જોડાક્ષર વાંચન કરવા દેવામાં આવે તો વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધી શકશે.

X. જો વાલી દ્વારા નિયમિત રીતે જોડાક્ષર વાંચન અને લેખનનો મહાવરો કરાવવામાં આવે તો ભૂલો સુધારી શકાશે.

XI. જો જોડાક્ષરમા નબળા વિદ્યાર્થીઓને હોંશિયાર વિદ્યાર્થીઓ સાથે બેસાડાય તો તેઓ વધુ સારી રીતે શીખી શકાશે.

XII. જો વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવે તો તેઓ વધુ સારી રીતે ધ્યાન આપી શકાશે.

5. **પ્રયોગકાર્યની રૂપરેખા :** જોડાક્ષરોનું વાંચન સ્પષ્ટ રીતે કરી શકે તે માટે શ્રાવ્ય અનુભવો પૂરા પાડ્યા, વાર્તાલાપ યોજ્યા, લેખનનો મહાવરો પુરો પાડ્યા, જોડાક્ષરોના ઉચ્ચારણમાં થતી ભૂલો અટકાવવા આંતરિક વાતચીત કરાવી, વાંચન કરાવ્યું, લેખનનો મહાવરો આપ્યો, જોડાક્ષરોના કાર્ડ બનાવ્યા, જોડાક્ષરોની ઓળખ સ્પષ્ટ થાય તે માટે જોડાક્ષરો શોધવાની પ્રવૃત્તિઓ કરાવી, શ્રુતલેખન કરાવ્યું, પ્રાથના સભામાં જોડાક્ષરોનું વાંચન કરાવ્યું હતું.

6. **માહિતીનું વિશ્લેષણ :** પૂર્વ ટેસ્ટ,પ્રવૃત્તિમય શિક્ષણ અને પોસ્ટ ટેસ્ટના તફાવતની ટકાવારીના આધારે વિશ્લેષણ કરેલ હતું.

7. **તારણો :**

I. લેખનમાં ભૂલો કરતાં વિદ્યાર્થીઓને વારંવાર રેફવાળા શબ્દો તથા જોડાક્ષરો લખાવી લખાણમાં સુધારો લાવી શકાયો હતો.

II. વાંચનમા ભૂલો કરનાર વિદ્યાર્થીઓને રેફવાળા તથા જોડાક્ષરોનું વારંવાર ઉચ્ચારણ કરાવી સુધારો લાવી શકાયો હતો.

III. ગૃહકાર્યમાં રોજ રેફવાળા શબ્દો અને જોડાક્ષરોનું લેખનકાર્ય સોંપી દ્રઢીકરણ કર્યું હતું.

IV. જે વિદ્યાર્થીઓ સતત જોડાક્ષરોના વાંચન અને લેખનમાં ભૂલો કરતાં તેમને વર્ગમાં અલગ બેસાડીને મહાવરો કરવી વ્યક્તિગત સુધારો લાવી શકાયો હતો.

**સારાંશ તૈયાર કરનાર** : મકાણી શિતલબેન પ્રાગજીભાઈ (પી.એમ.શ્રી જેસિંગપરા કન્યાશાળા અમરેલી)

**સારાંશ ક્રમાંક** : 5

**થીમ/વિષય** : ભાષા ( ગુજરાતી )

**સ્તર** : પ્રાથમિક (ધોરણ 3)

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક** : "ધોરણ-૩ ના બાળકો વાંચનમાં ભુલો કરે છે."

**સંશોધકનું નામ** : ચોટલીયા વિભુતિબેન પી.

**સંસ્થાનું સરનામું** : શ્રી તાલુકા શાળા ફાજરાબાદ,તા.જાફરાબાદ, જિ.અમરેલી

**સંશોધન વર્ષ** : ૨૦૨૩-૨૪

**સારાંશ :**

1. **ભૂમિકા :**

   પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધનમાં શાળામાં ધોરણ-૩ ના બાળકો વાંચનમાં ભૂલો પ્રત્યે ઉદભવતી મુશ્કેલીનો સમજવા અને આવશ્યક નિદાનઅને ઉપચાર માટે સંશોધનકાર્ય હાથ ધરવામાં આવેલ છે.

2. **સમસ્યા ક્ષેત્ર :**

   સમસ્યા ક્ષેત્ર અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાની શ્રી તાલુકા શાળા ફાજરાબાદ શાળાના વર્ષ ૨૦૨૩-૨૪ના ધોરણ : ૩નાં વિદ્યાર્થીઓ સુધી સિમિત હતું.

3. **સમસ્યાના સંભવિત કારણો :**

   I. વિદ્યાર્થીઓમાં શિક્ષકનો પાયો પ્રાથમિક સ્તરે નબળો
   II. શાળામાં બાળકો પ્રત્યે શિક્ષકનું બેધ્યાન
   III. વિદ્યાર્થીમાં શીક્ષક પ્રત્યેનો ભય
   IV. વિદ્યાર્થી પર ઘરની જવાબદારી હોય
   V. શિક્ષકનું ભાષાના ભાષાના આરોહ અવરોહ પ્રત્યેનું ઓછું જ્ઞાન
   VI. શિક્ષક દ્વારા યોગ્ય પ્રયુક્તિનો અભાવ

4. **ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

   I. જો વિદ્યાર્થીને પ્રાથમિક સ્તરેથી જ વાંચન પ્રત્યેની ટેવ કેળવવામાં આવે તો આ સમસ્યા નિવારી શકાશે.
   II. જો શાળામાં વાંચનમાં ભુલો કરતા બાળકો પ્રત્યે શિક્ષક જાગરૂક બને તો આ ટેવ સુધારી શકાશે.
   III. જો વિદ્યાર્થીમાં શિક્ષક પ્રત્યે રહેલો ભ્રમ દુર કરવમાં આવે તો આ સમસ્યાનો ઉકેલ લાવી શકાશે.
   IV. જો વિદ્યાર્થી પર ઘરની જવાબદારી હોય તો વાલી સંપર્ક કરી અભ્યાસમાં વધુ ધ્યાન આપવા માટે માર્ગદર્શનઆપી આ સમસ્યા દુર કરી શકાશે.
   V. જો શિક્ષક જ વાંચન ભુલો સુધારે તો બાળકોની વાંચનદોષની સમસ્યા નિવારી શકાશે.

VI. જો વાંચન કૌશલ્ય વિકાસ માટેની યોગ્ય પ્રયુક્તિ વિકસાવવામાં આવે તો આ સમસ્યા નિવારી શકાશે.

5. **પ્રયોગકાર્યની રૂપરેખા :**

I. સૌપ્રથમ વર્ગમાં રહેલા બાળકોને વાંચન કાર્ય કરાવી જે બાળકો વાંચન ભુલો કરે છે તેને અલગ તારવ્યા હતા.

II. ત્યારબાદ વાંચનમાં ભુલો કરનાર વિદ્યાર્થી સાથે પ્રેમ અને સોહાર્દ્પૂર્ણ વાતાવરણ ઊભું કરી તેને વાંચન માટે પ્રેરણા આપી હતી.

III. ત્યારબાદ વાંચન માટે પ્રથમ દિવસે વિદ્યાર્થીને મુળાક્ષરોની ઓળખ માટેની સમજુતી આપવામાં આવી હતી.

IV. બીજા દિવસે બાળકને બે અક્ષર વાળા નામનો મહાવરો કરાવવામાં આવ્યો હતો.

V. ત્યારબાદ 'નમગજ' દ્વારા સતત મહાવરો કરાવામાં આવ્યો હતો.

VI. સતત ૧૫ દિવસ સુધી બાળકોને મુળાક્ષરો, બે અક્ષર વાળા શબ્દો, નમગજ અને સાદા વાકયોનું વાંચન કરાવવામાં આવ્યું હતું.

6. **માહિતીનું વિશ્લેષણ :**

પૂર્વ ટેસ્ટ,પ્રવૃત્તિમય શિક્ષણ અને પોસ્ટ ટેસ્ટના તફાવતની ટકાવારીના આધારે વિશ્લેષણ કરેલ હતું.

7. **તારણો :**

I. વિદ્યાર્થીને પ્રાથમિક સ્તરેથી મહાવરો કરાવવાથી ઘણી સફળતા પ્રાપ્ત થઇ હતી.

II. શાળામાં વાંચન દોષમાં ભુલો કરનારા બાળકો પ્રત્યે શિક્ષક સજાગ બનવાથી બાળકોની ભુલોનું પ્રમાણ નહિવત જોવા મળ્યું હતું.

III. શિક્ષકે વાંચન દોષમાં બાળકો સાથે પ્રેમ પુર્વક વ્યવહાર કરવાથી ભુલોનું પ્રમાણ ઓછું જોવા મળ્યું આ વાંચન ભુલો નિવારી શકાયુ હતું.

IV. બાળકોના વાલી સંપર્ક કરવાથી બાળકો શાળામાં નિયમિત બન્યા અને ઘરે પણ અભ્યાસમાં સમય મળવાથી વાંચન કરતા થયા હતા.

V. શિક્ષક પોતે વાંચન દોષ પ્રત્યે ધ્યાન આપવાથી બાળકોનું વાંચન કૌશલ્ય સુધારી શકાયું હતું.

VI. શિક્ષક દ્વારા વાંચન કૌશલ્યનાં ઉત્તમ નમુના પુરા પાડવામાં આવ્યા જેથી વાંચન ભુલો નીવારી શકાયું હતું.

**સારાંશ તૈયાર કરનાર** : મકાણી શિતલબેન પ્રાગજીભાઈ (પી.એમ.શ્રી જેસિંગપરા કન્યાશાળા અમરેલી)

**સારાંશ ક્રમાંક** : 6

**થીમ/વિષય :** ભાષા – અંગ્રેજી

**સ્તર :** ઉચ્ચ પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક :** ધોરણ ૫ થી ૮ ના બાળકોને અંગ્રેજી લેખનમાં પડતી મુશ્કેલી અને ઉપચાર

**સંશોધકનું નામ** : ભરતભાઈ જીલ્લુભાઈ વાળા,મદદનીશ શિક્ષક

**સંસ્થાનું સરનામું** : શ્રી બોરાળા પ્રાથમિક શાળા.તા. સાવરકુંડલા, જિ. અમરેલી

**સંશોધન વર્ષ** : ૨૦૨૩-૨૪

**સારાંશ :**

1. **ભૂમિકા :**
   **પ્રસ્તુત સંશોધનમાં** બાળકો વિના ભૂલે અંગ્રેજી વાચી શકે અને લખી શકે તે માટેનો નમ્ર પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો.

2. **સમસ્યા ક્ષેત્ર :**
   **સમસ્યા ક્ષેત્ર** શ્રી બોરાળા પ્રાથમિક શાળા, તા. સાવરકુંડલા, જિ. અમરેલી ના ધોરણ ૫ થી ૮ ના ૩૧ વિદ્યાર્થીઓ પુરતું સિમિત હતું.

3. **સમસ્યાના સંભવિત કારણો :**

   I. અંગ્રેજી મુળાક્ષરોના લેખનમાં કરવામાં આવતા મહાવરાનો અભાવ

   II. વિદ્યાર્થીઓમાં પ્રારંભિક પાયાના અંગ્રેજી ભાષાના લેખન જ્ઞાનનો અભાવ

   III. અંગ્રેજી વાંચનમાં મહાવરાનો અભાવ

   IV. અંગ્રેજી ભાષા પ્રત્યેની બાળકોનો ડર

4. **ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

   I. ધોરણ ૫ થી ૮ ના વિદ્યાર્થીઓને અંગ્રેજી લેખનમાં પડતી મુશ્કેલી દુર થશે અંગ્રેજી ભાષા પ્રત્યે રસ જાગશે અને અંગ્રેજી ભાષાનો ભય દુર થશે.

   II. અંગ્રેજી લેખન સુંદર અક્ષરો અને યોગ્ય વળાંક સાથે લખી શકશે.

   III. અંગ્રેજી શબ્દને અંગ્રેજીના ઉચ્ચાર મુજબ લખતાં શીખશે

**5. પ્રયોગકાર્યનીરૂપરેખા :**

જે બાળકોની વધુ પડતી ભૂલો હતી તેમના માટે છાપેલ abcd ના વળાંક વાળા ફોરમેટ બનાવી મુળાક્ષરોની ડ્રીલ કરાવી, જેથી તેમની તે મૂળાક્ષર લખવાની ટેવમાં સુધારો થાય. બાળકોને વર્ગ કાર્ય દરમિયાન જયારે જયારે યુનિટ ચલાવવામાં આવે ત્યારે ધ્યાન દોરી કોઈ પણ લીટીની શરૂઆત માં કેપિટલ શબ્દ જ આવે તે બાબત દ્રઢ કરી. જે બાળકોને b અને d તેમજ n અને h વચ્ચેનો ભેદ સમજતા નહોતા તેમને b અને d તેમજ n અને h વાળા શબ્દોનો મહાવરો અને લેખન કરાવવામાં આવ્યા. પરિણામે મોટા ભાગના બાળકોના અક્ષરો હતા તેના કરતા સારા થયા અને જે પ્રારંભિક બાબતોની ભૂલો થતી હતી તેમાં સુધારો કરી શકાયો. ક્યારેક તેમને શ્રુતલેખન કરાવી ચકાસણી કરવામાં આવી. બાળકોને શાળાના એક બોર્ડમાં મારા અંગ્રેજીના પાંચ શબ્દો એવી એક પ્રવૃત્તિ કરાવવામાં આવી જેનાથી બાળકોની લેખન કળાની સાથે સાથે અંગ્રેજી શબ્દભંડોળમાં પણ વધારો થયો.

**6.માહિતીનું વિશ્લેષણ** :

પૂર્વ ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ તફાવત આધારે કરેલ છે

**7. તારણો** :

I. સંશોધન કાર્ય દરમિયાન થયેલ મહાવરાના કારણે પોસ્ટ ટેસ્ટમાં ૧૫ બાળકો ઉત્તમ દેખાવ કરી શક્યા હતા. ૧૦ બાળકો મધ્યમ દેખાવ અને ૦૬ બાળકોને હજુ વધારે મહાવરાની જરૂર હોય એવું લાગ્યું.

II. શાળામાં રહી તેમજ શાળા સમય બાદ ધગશથી કામ કરનાર ૭ બાળકો ઉત્તમ દેખાવ કરનાર બાળકોમાં સ્થાન પામી શક્યા. નબળા દેખાવ કરનાર બાળકોની સંખ્યા અડધી થઇ ગઈ.

III. બાળકોના અક્ષરો સુધાર્યા અને અંગ્રેજી સ્પેલિંગનું શબ્દભંડોળ વધ્યું.

**સારાંશ તૈયાર કરનાર** :વસાણી ચાર્મીબેન એચ., ખીજડિયા રાદડિયા પ્રાથમિક શાળા,તા-જી.અમરેલી

**સારાંશ ક્રમાંક** : 7

**થીમ/વિષય** : ભાષા

**સ્તર** : પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક** : ધોરણ 3ના વિદ્યાર્થીઓની વાચન ઝડપનો અભ્યાસ

**સંશોધકનું નામ** : શુક્લ નિષ્ઠાબેન વાસુદેવભાઇ

**સંસ્થાનું સરનામું** : બ્લોક રિસોર્સ સેન્ટર (બી.આર.સી.ભવન )બાબરા તા.:-બાબરા ,જિલ્લો:- અમરેલી

સંશોધન વર્ષ : ૨૦૨૩-૨૪

**સારાંશ** :

**1.ભૂમિકા** :

ધોરણ 3ના વિદ્યાર્થીઓમાં વાચન ઝડપ ઓછી તેમજ અર્થગ્રહણ વિકાસ કાર્યમાં ક્યાશ જોવા મળી હતી. જેથી આ કચાશના કારણો જાણવા માટે તેમજ નિદાન ઉપચાર કાર્ય માટે ક્રિયાત્મક સંશોધન કરવામાં આવ્યું હતું.

**2.સમસ્યા ક્ષેત્ર** :

પ્રસ્તુત ક્રિયાત્મકસંશોધન અભ્યાસ અમરેલી જિલ્લાની બાબરા તાલુકાની ગુજરાતી માધ્યમની કોટડપીઠા પ્લૉટ વર્ષ 2023-24માં પ્રા.શાળાના ધોરણ 3માં અભ્યાસ કરતાં 10 વિદ્યાર્થીઓનો જ સમસ્યા ક્ષેત્રમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

**3.સમસ્યાના સંભવિત કારણો** :

I. વિદ્યાર્થીઓમાં વાચન મહાવરાનો અભાવ
II. વર્ગખંડમાં વાચન માટે ઓછી તક
III. શિક્ષકોને વર્ગખડમાં તાસ પદ્ધતિના કારણે વિદ્યાર્થીઓને વાચન કરાવવાની પુરતો સમય મળતો નહિ હોય
IV. જે વિદ્યાર્થીઓ શાળામાં વધુ ગેરહાજર રહેતા હશે તેને વાચનમાં મુશ્કેલીઓ પડતી હશે
V. Read along apps નો ઉપયોગ વર્ગખંડમાં વાચન માટે થતો નહિ હોય

**4 ક્રિયાત્મક ઉત્કલ્પના :**

I. જો વિદ્યાર્થીઓમાં વાચન માટે વાર્તા પુસ્તકો ,વાચન કાર્ડ ,ટી.એલ.એમ. Read along apps નો ઉપયોગ વર્ગખંડમાં વધારવામાં આવે તો વાચન અને વાચન ઝડપમાં સુધારો લાવી શકાય .

II. જો વિદ્યાર્થીઓમાં એકાગ્રતા ના હોય તો તેમના માટે વિવિધ પ્રવૃતિ દ્વારા એકાગ્રતા લાવી શકાય .

III. જો પૂર્વનાં ધોરણમાં વાચનમાં કચાશ રહી ગઈ હશે તો તેને પાયાનુ જ્ઞાન પુરુ પાડીને કચાશ અને ભૂલોને નિવારી શકાય.

**5 પ્રયોગકાર્યનીરૂપરેખા**

પ્રસ્તુત માટે સૌ પ્રથમ પૂર્વ આયોજન કરવામાં આવ્યું .ત્યાર બાદ શાળા મુલાકાત દરમિયાન આચાર્ય તેમજ ધોરણ 2ના શિક્ષકા બહેનોને ક્રિયાત્મક સંશોધન વિશે માહિતી અને જાણકારી આપવામાં આવેલ.આ ઉપરાંત અલગ અલગ નવ સોપાનો મુજબ સંશોધન કરવામાં આવ્યુ.

I. પૂર્વ વાચન કસોટી Read along appsના માધ્યમથી લેવામાં આવી

II. ગેરહાજર રહેતા વિદ્યાર્થીઓ નિયમિત આવે તેવી સમજ આપી નિયમિત આવે તેવો પ્રયત્ન કરવામાં આવ્યો.

III. વર્ગખંડમાં વિદ્યાર્થીઓની વય કક્ષા પ્રમાણે પૂરતી વાચન માટેની સામગ્રી રાખી તેનો ઉપયોગ કરવામાં આવ્યો.

IV. પૂર્વ વાચન કસોટી અને ઉતર વાચન કસોટીની માહિતીનું પૃથક્કરણ કરી અહેવાલ તૈયાર કર્યો .

**માહિતીનું વિશ્લેષણ** :

સૌપ્રથમ ધોરણ 3 ના વિદ્યાર્થીઓની Read along apps નો ઉપયોગ કરી વાચન ચકાસી ,નિદાન ઉપચાર કાર્ય કરી અને વિદ્યાર્થીની સિદ્ધી ચકાસી હતી.

**તારણો** :

I. સંશોધન દરમિયાન માહિતીનું પૃથક્કરણ કરતા જણાયું કે વિદ્યાર્થીમાં સિમિત વાચન હતું

II. પૂર્વનાં ધોરણમાં વાચનમાં કચાશ જોવા મળી .જેથી ધોરણ 3ના વિદ્યાર્થી ઓને વાચનમાં મુશ્કેલી પડતી જણાય હતી.

III. ગેરહાજર રહેતા વિદ્યાર્થીઓમાં વાચન મુશ્કેલી અને ઝડપ ઓછી જોવા મળી હતી.

**સારાંશ તૈયાર કરનાર** : :વસાણી ચાર્મીબેન એચ., ખીજડિયા રાદડિયા પ્રાથમિક શાળા,તા-જી.અમરેલી

**સારાંશ ક્રમાંક** : 8

**થીમ/વિષય** ;ભાષા

**સ્તર** : પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક :** ધોરણ – ૬ તથા ૮ ના વિદ્યાર્થીઓને ગુજરાતી શ્રુતલેખનમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ

**સંશોધકનું નામ :** જોશી કિશોરભાઇ પ્રાણશંકરભાઈ

**સંસ્થાનું સરનામું :** શ્રી મીઠાપુર પ્રા.શાળા, તા:જાફરાબાદ જિ: અમરેલી

**સંશોધન વર્ષ** : ૨૦૨૩-૨૪

**સારાંશ :**

**1.ભૂમિકા** :

પ્રસ્તુત સંશોધનમાં બાળકો વિના ભૂલે લખી શકે તે માટેનો નમ્ર પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો.

**2. સમસ્યા ક્ષેત્ર** :

શ્રી મીઠાપુર પ્રા.શાળાના ધોરણ-6 તથા 8 ના વિદ્યાર્થીઓને ગુજરાતી શ્રુતલેખનમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ

**3.સમસ્યાના સંભવિત કારણો** :

I. વિદ્યાર્થીઓને જોડાક્ષરો અંગેની સમજ ન હોય.
II. વિદ્યાર્થીઓની લેખિત અભિવ્યક્તિમાં પ્રાદેશિક્તા જોવા મળી હતી.
III. ખોટું લેખન થશે તો શિક્ષક ઠપકો આપશે તો આવા ડરના કારણે.
IV. વિદ્યાર્થીઓને આદર્શ શ્રુતલેખન કેમ કરવું તેની પુરતી માહિતી ન હોય.
V. વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન સતત ન થતું હોય

**4. ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ** :

I. જો વર્ગખંડમાં યોગ્ય વાતાવરણ પુરૂ પાડવામા આવે તો વિદ્યાર્થીઓને શ્રુતલેખનમાં પડતી મુશ્કેલીઓ દૂર થઇ શકશે.

II. જો જોડાક્ષરો લેખનકાર્ય દરમિયાન થતી ભૂલો તે જ સમયે સુધારી લેવાય તો જોડાક્ષરોના લેખન માં થતી ભુલો સુધારી શકાશે.

III. જો જોડાક્ષરોના લેખનનો યોગ્ય મહાવરો કરાવવામાં આવે તો જોડાક્ષરોના લેખન થતી ભુલો સુધારી શકશે

IV. જો વાલી દ્વારા નિયમિત રીતે લેખનનો મહાવરો કરાવવામાં આવે તો મુશ્કેલીઓ દૂર થઇ શકશે

**5.પ્રયોગકાર્યનીરૂપરેખા** :

પ્રથમ દિવસે ક્રિયાત્મક સંશોધન પૂર્વ કસોટી લીધેલ હતી.બીજા દિવસે પૂર્વ કસોટીના પરિણામ ને આધારે જૂથની રચના તથા મૂળાક્ષર તેમજ બે કે ત્રણ મૂળાક્ષરો વાળા શબ્દોનું શ્રુતલેખન કરાવ્યુ હતુ.ત્રીજા દિવસે ચાર મૂળાક્ષરો વાળા શબ્દો અને કાના વાળા તથા હ્રસ્વ ઇ અને ઉ વાળા શબ્દો તેમજ દીર્ઘ ઇ અને ઊ વાળા શબ્દોનું શ્રુતલેખન કરાવ્યુ હતુ.ચોથા દિવસે કાનો માત્રા વાળા શબ્દોનું શ્રુતલેખન કાનો બે માત્રા વાળા શબ્દોનું શ્રુતલેખન, અનુસ્વાર વાળા શબ્દોનું શ્રુતલેખન કરાવ્યુ હતુ.પાંચમા દિવસે જોડાક્ષરવાળા વકયોનું શ્રુતલેખન કરાવ્યુ હતુ.છઠા દિવસે વિરામચિહ્નનો ઉપયોગ વિશે માહિતી આપવામાં આવી હતી.સાતમાં દિવસે ક્રિયાત્મક સંશોધન ઉત્તર કસોટી લીધેલ હતી.

**6.માહિતીનું વિશ્લેષણ** : : પૂર્વ ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ તફાવત આધારે કરેલ હતુ.

**7.તારણો** :

I. ધોરણ-૬ ના વિદ્યાર્થીઓ ગુજરાતી શ્રુતલેખન સરળતાથી તેમને અનુરૂપ તેવા બિજા શબ્દો દ્વારા લખી શક્યા હતા.

II. મોટા ભાગના વિદ્યાર્થીઓ ગુજરાતી શ્રુતલેખનમાં મુશ્કેલી અનુભવ્યા વગર સારી રીતે શબ્દોનું લેખન કાર્ય કરી શક્યા હતા

**સારાંશ તૈયાર કરનાર** : વસાણી ચાર્મીબેન એચ., ખીજડિયા રાદડિયા પ્રાથમિક શાળા,તા-જી.અમરેલી

**સારાંશ ક્રમાંક** : 9

**થીમ/વિષય** :ગણિત

**સ્તર :** પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક :** વિદ્યાર્થીઓને પરીમીતી અને ક્ષેત્રફળ શોધવામાં પડતી મુશ્કેલીઓ

**સંશોધકનું નામ** : અપારનાથી હિરેનગીરી ગણપતગીરી

**સંસ્થાનું સરનામું** : શ્રી કમી કેરાળા પ્રાથમિક શાળા તા.ધારી જિ.અમરેલી

**સંશોધન વર્ષ** : ૨૦૨૩-૨૪

**સારાંશ :**

1.**ભૂમિકા :**

પ્રસ્તુત સંશોધનમાં ગણિત વિષયને રસમય અને સરળ બનાવવા તેમજ બાળકો ગણિત વિષય પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવે તે હેતુ હાથ ધરેલ હતો.

**2.સમસ્યા ક્ષેત્ર** :

શ્રી કમી-કેરાળા પ્રાથમિક શાળા ધો. ૬ અને ૭ ના બાળકો પુરતુ સિમિત હતુ.

**3.સમસ્યાના સંભવિત કારણો** :

I. વિદ્યાર્થીને ગણિત વિષય પ્રત્યે અરુચિ
II. વિદ્યાર્થીની શાળામાં અનિયમિતતા
III. સરવાળા અને ગુણાકાર જેવી ગાણિતિક પ્રક્રિયામાં પડતી મુશ્કેલી
IV. વિદ્યાર્થીમાં માપનની ક્ષમતાનો અભાવ
V. શિક્ષક દ્વારા યોગ્ય શૈક્ષણિક પદ્ધતિનો અભાવ

**4. ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ** :

I. શાળામાં જ્ઞાન સાથે ગમ્મત ભર્યું વાતાવરણનું સર્જન કરવું જેથી વિદ્યાર્થીઓ શારીરિક અને માનસિક રીતે હાજર રહી શકશે
II. વિદ્યાર્થીઓને મોબાઈલ અને ટીવી જેવા સાધનોનો યોગ્ય ઉપયોગ કરવા યોગ્ય માર્ગદર્શન આપી શકાશે..

III. ગણિત જેવા વિષયમાં પણ ગાણિતિક સાધનોનો ઉપયોગ કરી પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ આપવાનો પ્રયત્ન કરવો જેથી વિદ્યાર્થીને ગણિત પ્રત્યે આરુચી અને અઘરા પણાનો હાઉ દુર કરી શકાશે.

**5.પ્રયોગકાર્યનીરૂપરેખ** :

પ્રથમ દિવસે બાળકોની પ્રિટેસ્ટ લીધી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ.બીજા દિવસે બાળકોને પરીમીતી વિષે વર્ગખંડમાં રહેલી વિવિધ વસ્તુઓ બતાવી અને સમજુતી આપવામાં આવી હતી. વિવિધ આકારોની સમજુતી આપવામાં આવી હતી..ત્રીજા દિવસે બાળકોને પ્રવૃત્તિ દ્વારા પરીમીતીનો ખ્યાલ વધુ દ્રઢ કરાવ્યો હતો.ચોથાદિવસે બાળકોને ક્ષેત્રફળ વિષે વિવિધ ઉદાહરણ દ્વરા સમજ આપવામ આવી હતી.પાંચમાં દિવસે ક્ષેત્રફળનાં દાખલા કરાવ્યા અને વિદ્યાર્થીઓને મહાવરા માટે બીજા કેટલાક ક્ષેત્રફળનાં દાખલા ગણવા આપ્યા હતા.છઠા દિવસે વિદ્યાર્થીઓને વર્ગખંડમાં રહેલી લાદીનું ક્ષેત્રફળ માંપાવ્યું અને કાર્ડ પેપર પર ચોરસ માપના એક સરખા કાગળનાં ટુકડા ચોટાડીને ક્ષેત્રફળનું માપન કરાવ્યું હતુ.સાતમાં દિવસે દરેક બાળકની પોસ્ટ ટેસ્ટ લઇ તેમણે કરેલી ભૂલો અંગે વિગતવાર સમજ આપવામાં આવી હતી.

**6.માહિતીનું વિશ્લેષણ** :

પૂર્વ ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ તફાવત આધારે કરેલ હતુ.

**7. તારણો :**

I. વિદ્યાર્થીઓને નવી નવી પ્રવૃતિઓથી શીખવાત્તા તેમની ગાણિતિક શક્તિમાં વધારો જોવા મળ્યો હતો

II. વિદ્યાર્થીઓને કસોટી દ્વારા તેમનામાં થતી ભૂલો અંગે વ્યક્તિગત ખ્યાલ મળતા તેનાં પાયાના જ્ઞાનની સમસ્યા દુર થયો હતો.

**સારાંશ તૈયાર કરનાર** : વસાણી ચાર્મીબેન એચ., ખીજડિયા રાદડિયા પ્રાથમિક શાળા,તા-જી.અમરેલી

**સારાંશ ક્રમાંક** : 10

**થીમ/વિષય** :સંસ્કૃત

**સ્તર** : ઉચ્ચ પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક** : ધોરણ 6 અને 7 ના વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષા વાચનમાં અને લેખનમાં થતી ભૂલોનું નિદાન ઉપચાર

**સંશોધકનું નામ :-** પ્રફુલભાઇ કાનજીભાઇ કાતરિયા

**સંસ્થાનું સરનામું** : શ્રી જાળિયા પ્રાથમિક શાળા , તા. જિ . અમરેલી

**સંશોધન વર્ષ** : ૨૦૨૩-૨૪

**સારાંશ :**

**1.ભૂમિકા** : પ્રસ્તુત સંશોધનમાં સંસ્કૃત વિષયને રસમય અને સરળ બનાવવા તેમજ સંસ્કૃત વિષય પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવે તે હેતુ હાથ ધરેલ હતો

**2.સમસ્યા ક્ષેત્ર :** ધોરણ 6 અને 7 ના વિદ્યાર્થીઓ ને સંસ્કૃત ભાષા વાચનમાં અને લેખનમાં થતી ભૂલોનું નિદાન ઉપચાર શ્રી જાળિયા પ્રાથમિક શાળા , તા. જિ . અમરેલી પ્રાથમિક શાળાના વર્ષ ૨૦૨૩-૨૪ના ધો.૬ અને ૭ના વિદ્યાર્થીઓ સુધી સીમીત હતું.

**3.સમસ્યાના સંભવિત કારણો** :

I. ધોરણ 6 માં સંસ્કૃત નવા વિષય તરીકે આવતા મુશ્કેલી જણાય છે
II. સંસ્કૃત ભાષા હિન્દી સમાન માનીને વિસર્ગ કે અનુસ્વાર તરફ બેધ્યાન જોવા મળે છે
III. સંસ્કૃત ભાષામાં ધ્યાન ન આપવા છતાં પણ સારા માર્ક્સ સાથે પાસ થવાય છે એવી પૂર્વ ધારણાને પગલે.
IV. મહાવરાના અભાવે ઉચ્ચારણ સંબંધી દોષો જોવા મળે છે.

**4 ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ** :

I. વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયે પૂર્વ જ્ઞાન તપાસી વિદ્યાર્થીઓને જૂથમાં વિભાજિત કરી કામ સોંપવામાં આવે તો સંસ્કૃત વાચનમાં પડતી મુશ્કેલી દૂર કરી શકાશે
II. સંસ્કૃત ભાષામાં આવતા વિસર્ગ તથા અનુસ્વારનું કોષ્ટક બરાબર સમજાવવામાં આવે તો શુદ્ધ ઉચ્ચારણ કરાવી શકાશે અને સંસ્કૃત ભાષા પ્રત્યેનો અણગમો દૂર કરાવી શકાશે

III. સંસ્કૃત ભાષા વધુ પ્રબળ અને રસિક બનાવવા માટે ભારતીય સંસ્કૃતિનો સંદર્ભ આપી તથા સતત લેખન – વાચનનો મહાવરો કરાવવાથી ઉચ્ચાર તથા લેખન સબંધી દોષો નિવારી શકાશે

IV. અનુનાસિકનો પ્રયોગ થયો હોય તેવા શબ્દોના કાર્ડનો ઉપયોગ કરી વર્ગ કાર્ય કરાવવાથી આ સમસ્યા નિવારી શકાશે

**5. પ્રયોગકાર્યનીરૂપરેખા** :

પ્રથમ દિવસે વિદ્યાર્થીઓની પૂર્વ કસોટી લેઅવામાં આવેલ હતી.બીજા દિવસે સંસ્કૃત ભાષામાં વિસર્ગ તથા અનુનાસિક ની સમજ આપવામાં આવી હતી.ત્રીજા દિવસે મહાવરા માટે વિસર્ગ યુક્ત શબ્દોનું લેખન કરાવવામાં આવ્યું હતુ.ચોથા દિવસે અનુનાસિક વાળા શબ્દોની યાદી પાઠમાથી લખાવવા માં આવી હતી.પાંચમાં દિવસે અનુનાસિક કોષ્ટક સમજાવ્યુ હતું.છઠા દિવસે ટી.એલ.એમ. નો ઉપયોગ કરી વાચન-લેખન કરાવવા માં આવ્યું હતુ .સાતમાં દિવસે દરેક છાત્રોની પુનઃ કસોટી લઈ ચકાસી કચાશ દૂર કરવા સમજાવવામાં આવ્યું હતુ.

**6.માહિતીનું વિશ્લેષણ** : પૂર્વ ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ તફાવત ના આધારે કરેલ છે

7. **તારણો** :

I. વિવિધ પ્રવૃત્તિ અને પ્રયુક્તિ દ્વારા અભ્યાસ કરાવવાથી વિધ્યાર્થીઓમાં સંસ્કૃત વાચન લેખન પ્રત્યે રસ –રુચિ વધી હતી

II. અનુનાસિક તથા વિસર્ગ વાળા શબ્દોની યાદી વિધ્યાર્થીઓ પાસે બનાવડાવી વાચનનો મહાવરો કરાવવાથી સંસ્કૃત વાચનની સમસ્યા દૂર થઈ હતી

III. સંસ્કૃત પરિચ્છેદમાં આવતા જોડિયા શબ્દો જોઈને ધોરણ 6 તથા 7 ના વિધ્યાર્થીઓમાં સંસ્કૃત વિષય અઘરો છે એવો સતત ભય હતો તે હવે દૂર થતો જોવા મળી હતી

IV. વ્યવહારુ ઉપાય દ્વારા સંસ્કૃતમાં આવતા વિસર્ગ તથા અનુનાસિક વાળા શબ્દો જે પૂર્વે ખૂબ મુશ્કેલ જણાતા તે હવે વિધ્યાર્થીઓને સરળ લાગતું હતુ.

**સારાંશ તૈયાર કરનાર :** વસાણી ચાર્મીબેન એચ., ખીજડિયા રાદડિયા પ્રાથમિક શાળા,તા-જી.અમરેલી

**સારાંશ ક્રમાંક** : 11

**થીમ/વિષય** : ભાષા (અંગ્રેજી)

**સ્તર** : પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક** : ધોરણ: 4 થી 6 માં અંગ્રેજીના CAPITAL- SMALL LETTERS લખવામાં પડતી મુશ્કેલીઓનું નિદાન અને ઉપચાર

**સંશોધકનું નામ** : શ્રી દેવેન્દ્રભાઇ એચ. કોરાટ

**સંસ્થાનું સરનામું** : શ્રી માણેકવાડા પ્રાથમિક શાળા, તા.બગસરા જિ. અમરેલી

**સંશોધન વર્ષ** : ૨૦૨૩-૨૪

**સારાંશ :**

1. **ભૂમિકા** :

પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન ધોરણ 4 થી 6 ના વિદ્યાર્થીઓની અંગ્રેજીમાં **CAPITAL LETTERS - SMALL LETTERS** ના પાયાના શિક્ષણમાં પડતી મુશ્કેલીઓને સમજવા તેમજ આવશ્યક નિદાન અને ઉપચાર કાર્ય હાથ ધરવામાં આવેલ હતું.

2. **સમસ્યા ક્ષેત્ર** :

સમસ્યા ક્ષેત્ર અમરેલી જિલ્લાના બગસરા તાલુકાની શ્રી માણેકવાડા પ્રાથમિક શાળાના વર્ષ ૨૦૨૩-૨૪ના ધો. ૪ થી ૬ના વિદ્યાર્થીઓ સુધી સીમીત હતું.

3. **સમસ્યાના સંભવિત કારણો :**

I. વિદ્યાર્થીઓમાં અંગ્રેજી લેખનનો પાયો પ્રાથમિક સ્તરે કાચો.
II. વિદ્યાર્થીઓમાં અંગ્રેજી વિષય પ્રત્યે કાલ્પનિક ભય.
III. શાળામાં અંગ્રેજી વિષય સંબંધિત પ્રવૃત્તિ માટે ભાષાના શિક્ષક પાસે સમયનો અભાવ.
IV. શાળામાં અંગ્રેજી લેખનના શિક્ષણ કાર્યને લગતા શૈક્ષણિક સાધનોનો અભાવ.
V. વિદ્યાર્થીઓને અંગ્રેજી લેખન કરવું ગમતું નથી.
VI. વિદ્યાર્થીઓને અંગ્રેજી લેખન અઘરું લાગે છે.
VII. વિદ્યાર્થીઓને સ્મોલ / કેપિટલ લેટર સરળતાથી યાદ રહેતા નથી.

4. **ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ** :

I. વિદ્યાર્થીઓનું પૂર્વજ્ઞાન તપાસી તેમાં અવરોધ રૂપ બાબતોની સમજ આપવામાં આવે તો લેખનની અશુદ્ધિઓ દૂર કરી શકાશે.
II. નબળા વિદ્યાર્થીઓના અલગ જૂથ બનાવી તેમને અંગ્રેજી લેખનના પાયાનું શિક્ષણ આપવામાં આવે, તો અંગ્રેજી લેખન પ્રત્યેની અરુચી ઘટે અને જ્ઞાનમાં વધારો કરી શકાશે..

III. અંગ્રેજી વિષયમાં રસ અને રુચિ વધારવા માટે રમતગમત અને ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે તો સુધારો લાવી શકાશે.

IV. બાળકોનું શબ્દ ભંડોળ વિકસે તેવી વિવિધ પ્રવૃત્તિ દ્વારા શીખવવામાં આવે તો અંગ્રેજી લેખનના જ્ઞાનમાં વધારો કરી શકાશે.

V. જો વિદ્યાર્થીઓને ઓનલાઈન ઉપલબ્ધ માહિતીથી વાકેફ કરવામાં આવે તો વિદ્યાર્થીઓ જાતે જ પોતાની ભૂલો સુધારી અંગ્રેજી લેખન વધુ શુદ્ધ કરી શકાશે.

5. **પ્રયોગકાર્યનીરૂપરેખા** :

પ્રથમ દિવસે પ્રિ ટેસ્ટ દ્વારા અવલોકન વડે દરેક વિદ્યાર્થીની પૂર્વ કસોટી લઈ તેની ભૂલો સમજાવવામાં આવી હતી. બીજો દિવસે વર્ગખંડ શિક્ષણ દ્વારા અવલોકન વડે અંગ્રેજી લેખનના પાયાના ખ્યાલો સમજાવવામાં આવ્યા જેમાં ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો. ત્રીજા દિવસે શૈક્ષણિક પ્રવુતિ દ્વારા અવલોકન વડે અંગ્રેજી લેખનના વિવિધ મુદ્દાઓનું નોટબુકમાં લેખન કરાવવામાં આવ્યું તથા વધુ જ્ઞાન મેળવવા માટે આવશ્યક સંદર્ભ સાહિત્ય આપવામાં આવ્યું. ચોથા દિવસે શૈક્ષણિક પ્રવુતિ વડે અવલોકન દ્વારા વિવિધ પ્રકારના મુદ્દાઓનું લેખન કરાવવામાં આવ્યું તથા વિવિધ અંગ્રેજી શબ્દોમાં કેપિટલ / સ્મોલ લેટર સમજાવવામાં આવ્યા.

6. **માહિતીનું વિશ્લેષણ** :

દરેક વિદ્યાર્થીની લેખિત કસોટી લેવામાં આવી. અંગ્રેજી લેખનના વિવિધ મુદ્દાઓ નોટબુકમાં લખાવવામાં આવ્યા તથા ટેકનોલોજીની મદદથી વિવિધ પરિસ્થિતિમાં થતું અંગ્રેજી લેખન બતાવવામાં આવ્યું. વિવિધ પ્રકારની પરિસ્થિતિમાં થતા અંગ્રેજીના વાક્યોનું લેખન અને વિડીયો બતાવવામાં આવ્યા.વિવિધ પ્રકારની પરિસ્થિતિમાં થતા અંગ્રેજીના વાક્યો અને શબ્દો લખાવામાં આવ્યા. દરેક વિદ્યાર્થીની અંગ્રેજી સ્મોલ કેપિટલ લેટર્સની ખાસ કસોટી લેવામાં આવી.

7. **તારણો** :

I. વિદ્યાર્થીઓને નવી પ્રવૃત્તિઓ ટેકનોલોજીનો ઉપયોગ કરી ભણાવવાથી તેઓના અંગ્રેજી લેખન પ્રત્યેનો અણગમો દૂર કરી શક્યા.

II. વિદ્યાર્થીઓને ટેકનોલોજીના માધ્યમથી વિવિધ પરિસ્થિતિમાં થતું અંગ્રેજી લેખન બતાવવાથી તેમનો આત્મવિશ્વાસ વધારી શક્યા.

III. વિદ્યાર્થીઓને અંગ્રેજી લેખનમાં પડતી તકલીફોનો વ્યવહારુ ઉકેલ લાવીને તેઓને અંગ્રેજી લેખનના પાયાના ખ્યાલો જેવા કે સ્મોલ/કેપિટલ લેટર્સની સમજણ સહેલાઈથી આપી શક્યા.

**સારાંશ તૈયાર કરનાર** : ભાવિન એમ. આંબલીયા,શ્રી અમરાપરા પ્લોટ શાળા, તા. બાબરા, જી. અમરેલી

**સારાંશ ક્રમાંક :** 12

થીમ/વિષય : ગણિત

સ્તર : ઉચ્ચ પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક :** ધોરણ 6 અને 7 ના વિદ્યાર્થીઓને વર્ગ અને ઘન સમજવામાં પડતી મુશ્કેલીઓનું નિદાન અને ઉપચાર

**સંશોધકનું નામ :** શ્રી કિરીટભાઈ વી. પાનશેરીયા

**સંસ્થાનું સરનામું :** શ્રી પીઠડીયા પ્રાથમિક શાળા, તા.બગસરા, જિ. અમરેલી

**સંશોધન વર્ષ :** ૨૦૨૩-૨૪

**સારાંશ :**

1. **ભૂમિકા :**

પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન ધોરણ ૬ અને ૭ના બાળકોને ગણિત વિષયમાં ઉપયોગી વર્ગ અને ઘન ના જ્ઞાનમાં કચાશ અનુભવતા જોવા મળેલ વર્ગ અને ઘન વચ્ચેનો તફાવત સમજવામાં મુશ્કેલી અનુભવી રહ્યા હોય તેવું લાગતું હતું. આ સમસ્યાને દુર કરવા અને વર્ગ તથા ઘન ની સમજ આપવા આ સંશોધન કાર્ય કરવામાં આવ્યું.

2. **સમસ્યા ક્ષેત્ર :**

સમસ્યા ક્ષેત્ર અમરેલી જિલ્લાના બગસરા તાલુકાની શ્રી પીઠડીયા પ્રાથમિક શાળાના વર્ષ ૨૦૨૩-૨૪ના ધો.૬ના વિદ્યાર્થીઓ સુધી સીમીત હતું.

3. **સમસ્યાના સંભવિત કારણો :**

I. વિદ્યાર્થીઓમાં ગણિતનો પાયો પ્રાથમિક સ્તરે કાચો.
II. વિદ્યાર્થીઓમાં ગણિત વિષય પ્રત્યે કાલ્પનિક ભય.
III. વિદ્યાર્થીઓને વર્ગ એટલે શું તે સમજવામાં પડતી મુશ્કેલી.
IV. વિદ્યાર્થીઓને ઘન એટલે શું તે સમજવામાં પડતી મુશ્કેલી.
V. વિદ્યાર્થીઓને ગુણાકારની ક્રિયામાં પડતી મુશ્કેલી.
VI. વિદ્યાર્થીને ગણિત વિષય પ્રત્યે નો અણગમો.

4. **ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

I. વિદ્યાર્થીઓનું પૂર્વજ્ઞાન તપાસી તેમાં અવરોધરૂપ બાબતોની સમજ આપવામાં આવે તો ઘણી અસમંજસ દૂર કરી શકાશે.
II. નબળા વિદ્યાર્થીઓના અલગ જૂથ બનાવી તેમને ગણિતનું પાયાનું શિક્ષણ આપવામાં આવે, તો ગણિત પ્રત્યેની અરુચી ઘટે અને જ્ઞાનમાંવધારો કરી શકાશે.

III. ગણિત વિષયમાં રસ અને રુચિ વધારવા માટે રમતગમત અને ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે તો સુધારો લાવી શકાશે.

IV. બાળકોનું સંખ્યાજ્ઞાન વિકસે તેવી વિવિધ પ્રવૃત્તિ દ્વારા શીખવવામાં આવે તો સંખ્યાજ્ઞાનમાં વધારો કરી શકાશે.

V. જો વિદ્યાર્થીઓને ઓનલાઈન ઉપલબ્ધ માહિતીથી વાકેફ કરવામાં આવે તો વિદ્યાર્થીઓ જાતે જ પોતાની ભૂલો સુધારી સંખ્યાજ્ઞાન માં વધારો કરી શકશે.

VI. વિદ્યાર્થીઓને ગણિત વિષયમાં રુચિ વધારવા માટે ગણિત વિષયને અનુરૂપ રમત રમાડવામાં આવે તો તેમની સમસ્યા નું નિરાકરણ થઇ શકાશે.

**5. પ્રયોગકાર્યની રૂપરેખા :**

પ્રથમ દિવસે પ્રિ ટેસ્ટ વડે અવલોકન દ્વારા દરેક વિદ્યાર્થીની પૂર્વકસોટી લઈ તેની ભૂલો સમજાવવામાં આવી. બીજા દિવસે વર્ગખંડ શિક્ષણ દ્વારા અવલોકન વડે ગણિત વિષયનાં પાયાના ખ્યાલો સમજાવવામાં ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો. ત્રીજો દિવસે શૈક્ષણિક પ્રવૃત્તિ દ્વારા અવલોકન વડે ગણિત વિષયની વિવિધ સમસ્યાનું નોટબુકમાં લેખન કરાવ્યુ તથા વધુ જ્ઞાન મેળવવા માટે આવશ્યક સંદર્ભ સાહિત્ય આપવામાં આવ્યું. છેલ્લા દિવસે પોસ્ટ ટેસ્ટ દ્વારા અવલોકન વડે દરેક વિદ્યાર્થીની પુનઃકસોટી લઈ તેની ભૂલોને સમજવામાં આવી હતી.

**6. માહિતીનું વિશ્લેષણ :**

પ્રિ ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટનાં પરિણામોનાં આધારે

**7. તારણો :**

I. નવી શિક્ષણ પધ્ધતિથી કાર્ય કરવામાં આવતા ૮૦% વિદ્યાર્થીઓમાં વર્ગ અને ઘનના જ્ઞાન માં

II. વધારો થયેલો જોવા મળ્યું.

III. ગણિત વિષયમાં વિવિધ પાસાઓ વિશેની પ્રાથમિક માહિતી ઊંડાણ પૂર્વક સમજાવવામાં આવતા ૮૦% વિદ્યાર્થીઓને મુશ્કેલી દુર થઇ.

IV. વિદ્યાર્થીઓને દૈનિક ચર્ચામાં આવતા ગણિતના વર્ગ અને ઘન ને સમજવામાં મુશ્કેલી ઓછી થઇ. તેમજ ગણિતના વર્ગ અને ઘનના મોડેલ બનાવતા આવડયા અને વ્યવહારમાં ઉપયોગ કરતા થયા.

**સારાંશ તૈયાર કરનાર :** ભાવિન એમ. આંબલીયા, શ્રી અમરાપરા પ્લોટ શાળા, તા.બાબરા, જિ. અમરેલી

**સારાંશ ક્રમાંક :** 13

**થીમ/વિષય :** ભાષા (અંગ્રેજી)

**સ્તર** : પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક** : ધોરણ 1,2 પ્રજ્ઞા બાળકોને અંગ્રેજી અંકો અને એબીસીડી ઓળખવામાં પડતી મુશ્કેલી.

**સંશોધકનું નામ :** મેઘાણી શોભાબેન એન.

**સંસ્થાનું સરનામું** : શ્રી નાની કુંકાવાવ પ્રાથમિક શાળા તા : કુંકાવાવ જિ. અમરેલી

**સંશોધન વર્ષ :** ૨૦૨૩-૨૪

**સારાંશ :**

1. **ભૂમિકા :**

   પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધનમાં ધોરણ 1,2 પ્રજ્ઞાના વર્ગખંડમાં અંગ્રેજી ભાષાનું શિક્ષણ કરાવતી વખતે બાળકો અંગ્રેજી અંકો તેમજ એબીસીડી ઓળખવામાં થતી ભૂલો જાણવા તેમજ તેના ઉપાયો શોધવા હાથ ધરવામાં આવેલ હતું.

2. **સમસ્યા ક્ષેત્ર** :

   સમસ્યા ક્ષેત્ર અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાની શ્રી નાની કુંકાવાવ પ્રાથમિક શાળાના વર્ષ ૨૦૨૩-૨૪ના ધો.1 અને 2 ના પ્રજ્ઞાવર્ગના વિદ્યાર્થીઓ સુધી સીમીત હતું.

3. **સમસ્યાના સંભવિત કારણો :**

   I. વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષાની પાયાની બાબતોથી અજાણ હોય.

   II. વિદ્યાર્થીઓની વૈશ્વિક મહામારી કોરોનાના લીધે શિક્ષણથી વંચિત રહ્યા હોય.

   III. વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષા પ્રત્યે અરુચી ધરાવતા હોય.

   IV. વર્ગખંડમાં અંગ્રેજી ભાષાનો મહાવરો પૂરતો ન હોય.

   V. અંકો અને એબીસીડી મૌખિક યાદ રાખી શકતા ન હોય.

**4. ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

I. બાળકોને અંગ્રેજી ભાષાની પાયાની બાબતો શીખવી શકાશે.

II. બાળકોને અંકોના ચિત્રો અને ફ્લેશકાર્ડ દ્વારા વિશેષ મહાવરો કરાવી સમસ્યા દૂર કરી શકાશે.

III. બાળકોને અંગ્રેજી વાંચવાની પ્રવૃત્તિ કરાવી સમસ્યા દૂર કરી શકાશે.

IV. બાળકોને અંગ્રેજી એબીસીડી અને અંકોની રમત રમાડી સમસ્યા દૂર કરી શકાશે.

V. દાખલા તરીકે વર્ગખંડમાં લાદી પર 1,2,3 તેમજ abcd લખી શકાય.

VI. બાળકોને અંગ્રેજી શૈક્ષણિક કીટનો ઉપયોગ કરી વિવિધ અંકોને એબીસીડીના પાસાઓ દ્વારા રમત રમાડી સમસ્યા દૂર કરી શકાશે.

VII. બાળકોને Read Along Appમાં આવેલ પ્રવૃત્તિ કરાવી સમસ્યા દૂર કરી શકાશે.

VIII. બાળકોની શાળામિત્ર એપ દ્વારા અંગ્રેજી અંકો અને એબીસીડીનો મહાવરો કરી શીખવી શકાશે.

**5. પ્રયોગકાર્યની રૂપરેખા :**

ધોરણ એક-બે પ્રજ્ઞાવર્ગખંડમાં બે તબક્કામાં પ્રી ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ સહિત વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિ કરાવી હતી. જેમા વિવિધ પ્રવૃત્તિઓ તેમજ રમતોનો ઉપયોગ કરવામાં આવેલ હતો. ઉપરાંત મોબાઈલ એપ્લીકેશન તેમજ YouTube નો ઉપયોગ કરવામાં આવેલ હતો.

**6. માહિતીનું વિશ્લેષણ :**

પ્રિ ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટની ટકાવારીના તફાવતને આધારે માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું.

**7. તારણો :**

I. વિવિધ પદ્ધતિ પ્રયુક્તિને લીધે વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયમાં રસ લેતા થયા.

II. પ્રત્યક્ષ અનુભવથી પ્રગતિ સાધી શકાય.

III. રીડ એલોંગ એપ અને શાળા મિત્ર એપમાં આવતા બાળવિભાગ દ્વારા અંકો અને એબીસીડી મહાવરો કરી શક્યા.

IV. કોઈ કલા કે રમત સાથે અનુબંધ જોડી દેવામાં આવે તો વિદ્યાર્થીઓ સરળતાથી શીખી શક્ય.

V. પ્રોત્સાહક ઇનામ આપવાથી પણ વિદ્યાર્થીઓમાં સ્પર્ધા સુધારો મળી શકયો.

VI. વિદ્યાર્થીઓના અંગ્રેજી વિષયના શૈક્ષણિકકાર્યમાં સરેરાશ 15% જેટલો સુધારો જોવા મળી.

**સારાંશ તૈયાર કરનાર** : ભાવિન એમ. આંબલીયા,શ્રી અમરાપરા પ્લોટ શાળા, તા. બાબરા, જી. અમરેલી

**સારાંશ ક્રમાંક :** 14

**થીમ/વિષય :** ભાષા (અંગ્રેજી)

**સ્તર :** ઉચ્ચ પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક :** ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીને Wh Questions શીખવામાં થતી ભૂલો.

**સંશોધકનું નામ :** ભાવનાબેન જયંતીલાલ ગજેરા

**સંસ્થાનું સરનામું :** શ્રી અનીડા પ્રા. શાળા, તા. મોટી કુંકાવાવ, જી. અમરેલી

**સંશોધન વર્ષ** : ૨૦૨૩-૨૪

**સારાંશ :**

1. **ભૂમિકા :** પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધનમાં ધોરણ 6 થી 8 નાં વિદ્યાર્થીઓને Questions શીખવવામાં પડતી મુશ્કેલીઓના નિરાકરણ માટે તથા તેના નિદાન માટે હાથ ધરવામાં આવેલ હતું.

2. **સમસ્યા ક્ષેત્ર :** સમસ્યા ક્ષેત્ર અમરેલી જિલ્લાના મોટી કુંકાવાવ તાલુકાની શ્રી અનીડા પ્રા. શાળાના વર્ષ ૨૦૨૩-૨૪ના ધો.6 થી 8ના વિદ્યાર્થીઓ સુધી સીમીત હતું.

3. **સમસ્યાના સંભવિત કારણો :**
   I. વિદ્યાર્થીમાં અંગ્રેજી વિષય અઘરો હોવાની માન્યતા.
   II. વિદ્યાર્થીઓમાં ક્રિયાપદના જુદા-જુદા રૂપોના પૂર્વજ્ઞાનનો અભાવ.
   III. વિદ્યાર્થીઓમાં સહાયકારક ક્રિયાપદની સમજનો અભાવ.
   IV. વિદ્યાર્થીઓમાં Questions શીખવવા માટે યોગ્ય વાતાવરણનો અભાવ.

4. **ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**
   I. Questions શીખવવા બાળકોને વિવિધ કાળની પાયાની બાબતો શીખવવામાં આવે તો બાળકોને સરળતાથી શીખવી શકાશે.
   II. Questions ને શીખવવા માટે વિવિધ પ્રવૃત્તિઓ તેમજ રમતોનો ઉપયોગ કરી શકાશે.

III. વિવિધ પ્રત્યાયન તરાહો જેવી કે પેર વર્ક, ગ્રુપ વર્ક વગેરેના ઉપયોગ દ્વારા Questions ની અધ્યાપન પ્રક્રિયાને સરળ બનાવી શકાશે.

IV. બાળકોને જાતે ટી.એલ.એમ. બનાવવા આપી શકાય જેથી તેઓ Questions ની જટિલતાને જાતે જ સમજી શકશે.

5. **પ્રયોગકાર્યની રૂપરેખા :** પ્રથમ દિવસે પ્રિ ટેસ્ટ દ્વારા અવલોકન વડે Questionsમા પડતી મુશ્કેલીને સમજવામાં આવી. બીજા દિવસે શૈક્ષણિક પ્રવૃતીઓ વડે રમતો દ્વારા Questions ની વિવિધ પેટર્ન સમજાવવામાં આવી. ત્રીજા દિવસે બાળકો દ્વારા ટી.એલ.એમ. નિર્માણકાર્ય થયું અને Questionsની જટિલતાને સમજવામાં આવી. ચોથા દિવસે મલ્ટી પર્પઝ બોર્ડ દ્વારા બાળકો જાતે વાક્ય પટ્ટીઓ તૈયાર કરતા થયા. છેલ્લા દિવસે શૈક્ષણીક પ્રવૃતીઓ દ્વારા અવલોકન વડે દરેક વિદ્યર્તિઓની પૂનઃ કસોટી દ્વારા નિદાન કરવામાં આવ્યું.

6. **માહિતીનું વિશ્લેષણ :** માહિતીનું વિશ્લેષણ પ્રિ ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટનાં પરિણામની ટકાવારીના તફાવતને આધારે કરવામાં આવ્યું.

7. **તારણો :**

I. કોમ્યુંનીકેટીવ અપ્રોચ અને રમત દ્વારા શિક્ષણની મદદ થી 70% બાળકો Questions માં થતી ભૂલો સુધારી શક્યા.

II. અલગ અલગ ઇન્ટરેક્શન પેટર્ન ની મદદથી બાળકો Questions નો પુરતો મહાવરો કરી શકયા.

III. Activity Based Learning દ્વારા વર્ગના 70% બાળકો Questions રસ રૂચી પૂર્વક શીખી શક્યા.

IV. ક્રિયાપદો અને કાળ ની વિવિધ રમતો દ્વારા વિદ્યાર્થીઓ પાયાના જ્ઞાનનો મહાવરો કરી શકાયો.

**સારાંશ તૈયાર કરનાર :** ભાવિન એમ. આંબલીયા,શ્રી અમરાપરા પ્લોટ શાળા, તા. બાબરા, જી. અમરેલી

**સારાંશ ક્રમાંક :** 15

**થીમ/વિષય :** ભાષા શિક્ષણ

**સ્તર :** પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક :** શ્રુતલેખનમાં થતી મુશ્કેલી.

**સંશોધકનું નામ :** અનીશાબેન એ. તરકવાડીયા

**સંસ્થાનું સરનામું :** નવા આગરીયા પ્રા. શાળા

**સંશોધન વર્ષ :** ૨૦૨૩-૨૪

**સારાંશ :**

1. **ભૂમિકા :** પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન ધોરણ 1 થી 6 ના બાળકોને શ્રુતલેખન કરતી વખતે ઉદ્દભવતી મુશ્કેલીઓને જાણવા તેમજ તેનું નિદાન કરવાના હેતુથી હાથ ધરવામાં આવેલ હતું.

2. **સમસ્યા ક્ષેત્ર :** સમસ્યા ક્ષેત્ર અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાની શ્રી નવા આગરીયા પ્રાથમિક શાળાના વર્ષ ૨૦૨૩-૨૪ના ધો. 1 થી 6ના વિદ્યાર્થીઓ સુધી સીમીત હતું.

3. **સમસ્યાના સંભવિત કારણો :**
   - I. બાળકોનો લેખનનો મહાવરો ઓછો હોય.
   - II. બાળકોમાં જોડણીના નિયમોનો અભાવ.
   - III. બાળકોનો જોડાક્ષર લખવાના મહાવરાનો અભાવ.
   - IV. ગ્રામ્ય વિસ્તારનાં બાળકોમાં તળપદી ભાષાની જોવા મળતી અસર.
   - V. બાળકો ઘણી વખત શ્રુત લેખન કરતી વખતે ખોટી ઉતાવળ કરતા હોય.

4. **ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**
   - I. જો દરેક વર્ગના છેલ્લા તાસની છેલ્લી ૩૦ મિનીટ માટે દારરોજ 15 થી ૨૦ શબ્દોનું શ્રુતલેખન કરાવવામાં આવે અને તે શ્રુતલેખનના શબ્દોને જો વ્યક્તિગત ચકાસી અને ભૂલો સુધારવામાં આવે તો આ સમસ્યાને નિવારી શકાશે.

II. દર 15 દિવસે 30 શબ્દોની શુદ્ધ જોડણી લેખન કસોટી લેવામાં આવે અને બાળકોને નંબર તેમજ એકલવ્યનુ સિમ્બોલ પહેરાવી પ્રોત્સાહન આપવામાં આવે તો સમસ્યા નિવારી શકાશે.

III. જો બાળકોને જોડણી ભૂલોના માર્કસ આપવા બાબતે સૂચન અને માર્ગદર્શન આપવામાં આવે તો સમસ્યા નિવારી શકાશે.

**5. પ્રયોગકાર્યની રૂપરેખા :** પહેલા દિવસે સાદા શબ્દોનું શ્રુતલેખન કરાવવામાં આવ્યું. બાળકોની નોંધપોથીઓની વ્યક્તિગત રીતે ચકાસણી કરીને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું. બીજા દિવસે બાળકોને જોડણી વિષેની પ્રાથ્મિકા માહિતી આપી કઠીન શબ્દોનું લેખન કરાવવામાં આવ્યું. ત્રીજા દિવસે બાળકોને મનગમતા 10 જોડિયા શબ્દો લખાવવામાં આવ્યા તેમજ બોર્ડ પર સાચી જોડણીનું નિદર્શન કરવામાં આવ્યું. છેલ્લે સ, શ, ઝ, ધ, ઘ, ષ વગેરેની જોડણી વિશેના નિયમોની સમજ આપી તેમજ યોગ્ય મહાવરો કરાવવામાં આવ્યો.

**6. માહિતીનું વિશ્લેષણ :** પ્રિ ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટનાં પરિણામની ટકાવારીના તફાવતને આધારે કરવામાં આવ્યું.

**7. તારણો :**

I. વિદ્યાર્થીઓને શ્રુતલેખનથી વાંચન-લેખનમા ઘણો સુધારો જોવા મળ્યો.

II. વિદ્યાર્થીઓ જોડણીના નિયમોથી પરિચિત થયા.

III. શ્રુતલેખનના કારણે શિક્ષક વિદ્યાર્થીઓના જોડણીદોષમાં નોંધપાત્ર ઘટાડો લાવી શક્યા**.**

**સારાંશ તૈયાર કરનાર :** ભાવિન એમ. આંબલીયા,શ્રી અમરાપરા પ્લોટ શાળા, તા. બાબરા, જી. અમરેલી

**સારાંશ ક્રમાંક :** 16

**થીમ/વિષય :** પર્યાવરણ

**સ્તર :** પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક** : વિદ્યાર્થીઓને પર્યાવરણમાં નિરસતા દૂર કરવા માટે નિદાન અને ઉપચાર

**સંશોધકનું નામ :** પટેલ પાયલબેન નાથાભાઇ

**સંસ્થાનું સરનામું :** શ્રી સમઢીયાળા-૨ પ્રાથમિક શાળા  તા- ખાંભા જી- અમરેલી

**સંશોધન વર્ષ :** ૨૦૨૩-૨૪


**સારાંશ :**

**1. ભૂમિકા** : પ્રસ્તુત સંશોધનમાં વિદ્યાર્થીઓને પર્યાવરણમાં નિરસતા દૂર કરવા આવશ્યક નિદાન અને ઉપચાર કાર્ય કરવામાં આવેલ હતું.

**2. સમસ્યા ક્ષેત્ર** : સમસ્યા ક્ષેત્ર અમરેલી જિલ્લાની ખાંભા તાલુકાની શ્રી સમઢીયાળા-૨ પ્રાથમિક શાળાનાં વર્ષ   ૨૦૨૩-૨૪ના ધોરણ 5 ના વિદ્યાર્થીઓ પુરતું સીમિત હતું.

**3. સમસ્યાના સંભવિત કારણો :**

I. વિદ્યાર્થીઓને પર્યાવરણ વિષે સ્થાનિક ભાષામાં સમજ નો અભાવ હતો .
II. શાળામાંધો 1 થી 5 ના બે જ શિક્ષકોને કારણે સમયનો અભાવ હતો.
III. વિદ્યાર્થીઓમાં વિચારશીલતાનો અભાવ હતો.
IV. વિદ્યાર્થીઓને પર્યાવરણનું લાંબુ લચક લખાણ ગમતું હતું નહી.
V. વિદ્યાર્થીઓને પર્યાવરણમાં પ્રયત્ન કરવામાં ખ્યાલ આવતો ન હતો.

**4. ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

I. જો શિક્ષક નિરસતા ધરાવતા વિદ્યાર્થીઓનું અલગ જુથ બનાવે અને તેમને પર્યાવરણ વિષયમાં પાયાનું શિક્ષણ આપે તો ઈતર વાંચન વધારી શકશે.
II. વિદ્યાર્થીઓને “સફારી” જેવા પુસ્તકોનો ઉપયોગ કરવા પ્રેરવામાં આવે તો આ સમસ્યા હલ થઈ શકશે.
III. જો વિદ્યાર્થીઓને જે તે પ્રવૃતિ માં રસ રુચિ હોય તેના વિષે પ્રશ્નોત્તરી તૈયાર કરી બાળકોને પ્રશ્નોત્તરી કરતાં કરી રસ દાખવી શકશે.

IV. જો વિદ્યાર્થીઓને "જાણવા જેવુ "તમને ગમતી પ્રવૃતિ જેવીકે ક્વિજ સ્પધાનું આયોજન કરી બાળકોને રસરૂચિ પેદા કરી શકશે.

**5. પ્રયોગકાર્યની રૂપરેખા** : પ્રથમ દિવસે પ્રિ-ટેસ્ટ દ્વારા અવલોકન વડે દરેક વિદ્યાર્થીની પુર્વ કસોટી લઇ તેને રસ દાખવતાં કર્યા. બીજો દિવસે વર્ગખંડ શિક્ષણકાર્યમાં અવલોકન દ્વારા પર્યાવરણમાં ચાર્ટ દ્વારા સમજૂતી આપી. અલગ અલગ ચાર્ટ તૈયાર કર્યા. ત્રીજો દિવસે શૈક્ષણિક પ્રવૃત્તિમાં પર્યાવરણ વિષયમાં પ્રાણી- પક્ષી વૃક્ષો વિશે લેખન કરાવવું તથા જ્ઞાન મેળવવા માટે આવશ્યક સંદર્ભ સાહિત્ય આપ્યું.

**6. માહિતીનું વિશ્લેષણ** : ચાર્ટ પ્રવુતિ દ્વારા,સંદર્ભ સાહિત્ય,પ્રવુતિ અને પર્યાવરણ વિષયની પ્રશ્નોતરી, દરેક વિદ્યાર્થીની પર્યાવરણ વિષય ની ખાસ કસોટી લેવામાં આવી હતી.

**7. તારણો :**

I. વિદ્યાર્થીઓને નવી પ્રવૃત્તિઓ અને સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરી ભણાવવાથી તેઓનો પર્યાવરણ વિષય પ્રત્યેનો અણગમો દૂર કરી શકાયો હતો.

II. વિદ્યાર્થીઓને પર્યાવરણ વિષયમાં પર્યાવરણને લગતા અન્ય સાહિત્ય નું ઊંડાણપૂર્વક જ્ઞાન મેળવીને રસરૂચિ લેતા થયા હતા.

III. વિદ્યાર્થીઓને શાળામાં બનવામાં આવેલ બાગ બગીચા નો દેખભાળ તેના પ્રત્યેના લગાવ થી રસરૂચિ વધારી શકાય હતી .

IV. વિદ્યાર્થીઓને વિવિધ માટીના રમકડાં બનાવવાની પ્રવૃતિ કરીને રસ કેળવે શકાયો હતો.

V. વિદ્યાર્થીઓને પ્રશ્નોત્તરી પ્રત્યેનો અણગમો વ્યવહારુ ઉકેલ લાવીને રસ કેળવતા થયા હતા.

**સારાંશ તૈયાર કરનાર :** પંડ્યા ધ્રુવ આર. શ્રી વાંશીયાળી પ્રા.શાળા,તા-સાવરકુંડલા જીલ્લો- અમરેલી

**સારાંશ ક્રમાંક** : 17

**થીમ/વિષય** : ભાષા

**સ્તર** : ઉચ્ચપ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક** : ધોરણ ૮ના વિદ્યાર્થીઓ રસપ્રદ રીતે પત્ર લખતાં આવડતું નથી.

**સંશોધકનું નામ** : શ્રી દિવ્યાબેન ગૌરીશંકરભાઈ ધાંધિયા

**સંસ્થાનું સરનામું** : શ્રી સરસ્વતી વિદ્યામંદિર પ્રાથમિક શાળા – રાજુલા તા- રાજુલા જિ.- અમરેલી

**સંશોધન વર્ષ** : ૨૦૨૩-૨૪

**સારાંશ** :

**1. ભૂમિકા** : ધોરણ ૮ના વિદ્યાર્થીઓ રસપ્રદ રીતે પત્ર લખતાં આવડતું નથી તે બાબતે ક્રિયાત્મક સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

**2. સમસ્યા ક્ષેત્ર** : સમસ્યા ક્ષેત્ર અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાની શ્રી સરસ્વતી મંદિર પ્રાથમિક શાળાના વર્ષ ૨૦૨૩-૨૪ના ધો.૮ના વિદ્યાર્થીઓ પુરતું સીમીત હતું.

**3. સમસ્યાના સંભવિત કારણો :**

I. વિદ્યાર્થીઓએ કયારેય પત્ર સાંભળ્યો ન હોવાથી.
II. વિદ્યાર્થીઓએ કયારેય કોઇપણ પત્ર ન લખ્યો હોવાથી.
III. વિદ્યાર્થીઓ પત્રમાં વિશિષ્ટ શબ્દોનો ઉપયોગ ન કરી શકતા હોવાથી.
IV. વિદ્યાર્થીઓને પોતાનો લખેલ પત્ર વાંચીને બીજા હાંસી ઉડાવશે તેવો ભય હોવાથી.
V. વિદ્યાર્થીઓના પત્રોની ભાષા અને શબ્દો સ્પષ્ટ ન હોવાથી.

**4. ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ**

I. જો શિક્ષક વિદ્યાર્થીઓને પત્ર લખવા માટેનો આત્મવિશ્વાસ વધારે તો વિદ્યાર્થીઓને પોતાના લખેલા પત્રની હાંસી ઉડાવવાની શંકા કે ડર રહી શકશે નહી.
II. જો શિક્ષક વિદ્યાર્થીઓને પત્ર લખવામાં પ્રોત્સાહિત કરે તો વિદ્યાર્થીઓ પત્ર લખવા પ્રેરિત થઇ શકશે.
III. જો શિક્ષક ભાષા અંગેનું જ્ઞાન વધારે અને વિશિષ્ટ શબ્દનો ઉપયોગ કરે તો પત્ર લખવામાં વિદ્યાર્થીઓ પણ વિશિષ્ટ શબ્દનો ઉપયોગ કરી શકશે.
IV. જો શિક્ષક પ્રાદેશિક ભાષાનો ઉપયોગ ટાળે અને શુદ્ધ ભાષા વાપરે તો વિદ્યાર્થીઓ પણ શુદ્ધ ભાષામાં લખી શકશે.
V. જો શિક્ષક પત્ર ના અનુભવ દરમિયાન મળવાપાત્ર વ્યક્તિનું સરનામું લખવાની ટેવ પાડે તો ક્યારેય વિદ્યાર્થીઓને ભૂલ થવાની સંભાવના રહી શકશે નહી.

5. **પ્રયોગકાર્યની રૂપરેખા** : પ્રથમ અને બીજા દિવસે પત્રનું માળખું વ્યવસ્થિત રીતે સમજાવામાં આવ્યું. પત્રના સંદર્ભમાં વડે ગુજરાતી વિષયવસ્તુંનું પુસ્તક બતાવામાં આવ્યું. પત્રનું વર્ણન સમજનો ખ્યાલ આપવામાં આવ્યો. વિદ્યાર્થીઓને પત્રમાં રસ લેતા કર્યા અને પત્ર લખવાનું કાર્ય કરવામાં આવ્યું. ત્રીજો, ચોથો, અને પાંચમાં દિવસે વિદ્યાર્થીઓ પાસે પત્ર લખાવ્યો હતો. પત્રના વિવિધ ચાર્ટ વડે ચિત્ર બતાવ્યા હતા.વિદ્યાર્થીઓએ સરસ પત્ર લખવાનો પ્રયત્ન કર્યો. વ્યવસ્થિત પત્ર લખવાનો પ્રયત્ન કર્યો. છઠ્ઠા, સાતમાં અને આઠમા દિવસે વિદ્યાર્થીઓ પત્રમાં નામ, સરનામું સંબોધન વ્યવસ્થિત લખેલા આવતા ધીરે ધીરે વિદ્યાર્થીઓએ સુંદર પત્ર લખવાનો પ્રયત્ન કર્યો. યોગ્ય સરનામાં સંબોધન સાથે પત્ર લખતા. નવમા અને દસમા દિવસે વિદ્યાર્થીઓ પત્રના નમુના લાવતા થયા અને ખૂબ સુંદરપત્ર લખતા થયા. પત્રનું વિષયવસ્તુ ધોરણ 8, 9, 10 ની નિબંધમાળાનું પુસ્તક બતાવ્યું. તેમણે પૂર્ણ સરનામું આરંભ, મધ્ય, અંત અને સંબોધન યોગ્ય પત્ર લખવાનો પ્રયત્ન કર્યો. વિવિધ પત્ર સ્પર્ધાનું આયોજન તથા ખૂબ તૈયારી અને આત્મવિશ્વાસ સાથે પત્ર લખ્યો.

6. **માહિતીનું વિશ્લેષણ**: પત્રનું વિષયવસ્તુ ધોરણ 8, 9, 10 ની નિબંધમાળાનું પુસ્તક બતાવ્યું તેમણે પૂર્ણ સરનામું આરંભ મધ્ય અંત અને સંબોધન યોગ્ય પત્ર લખવાનો પ્રયત્ન કર્યો વિવિધ પત્ર સ્પર્ધાનું આયોજન તથા ખૂબ તૈયારી અને આત્મવિશ્વાસ સાથે પત્ર લખ્યો .શિક્ષકે વિદ્યાર્થીઓને પત્ર કેમ લખવો તે શીખવ્યું અને તેનું મહત્વ સમજાવીને તેનું મૂલ્યાંકન કરી શક્યા હતા.વિદ્યાર્થીઓ પાસે દરરોજ એક પત્ર લખાવી તૈયાર કરાવ્યો અને તેનું મૂલ્યાંકન કરી શક્યા હતા.વિદ્યાર્થીઓ પાસે નિયમિત એક પત્ર લખાવ્યું અને વંચાવ્યો અને તૈયાર કરી લાવ્યા આમ પત્ર વિશે રસપૂર્વક શીખી શકયા.શિક્ષકે તેમની પાસેથી પ્રમાણિત કસોટી લઈને વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કર્યું.શિક્ષકે વિદ્યાર્થીઓને પત્રસ્પર્ધાનું આયોજન કરીને મૂલ્યાંકન કરી શક્યા. વિદ્યાર્થીઓનું અવલોકન કરી અને પત્રનું મહત્વ સમજાવી મૂલ્યાંકન કરી શક્યા હતા.

7. **તારણો :**

   I. વિદ્યાર્થીઓને પત્રનું સાચું મહત્વ અને ઉપયોગ જણાવી પત્રના વિષયને રસયુક્ત બનાવી શકાયા.

   II. વિદ્યાર્થીઓમાં પત્ર સ્પર્ધા યોગીને પત્રની યોગ્ય લખવાની રીતમાં ફાવટ લાવી શકાઈ .

   III. વિદ્યાર્થીઓને સ્વાધ્યાયમાં પણ પત્ર તૈયાર કરવા અને લખી લાવવા આપ્યા પછી વર્ગમાં જ્યારે તે પત્ર લખાવ્યો ત્યારે ખૂબ જ આત્મવિશ્વાસ સાથે લખી શક્યા.

**સારાંશ તૈયાર કરનાર** : પંડ્યા ધ્રુવ આર. શ્રી વાંશીયાળી પ્રા.શાળા,તા-સાવરકુંડલા જીલ્લો- અમરેલી

**સારાંશ ક્રમાંક :** 18

**થીમ/વિષય** : ગણિત

**સ્તર** : પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક :** ધોરણ 5ના વિધાર્થીઓની ગણિતમાં આકાર અને ખૂણામાં થતી ભૂલો.

**સંશોધકનું નામ** : પંડ્યા દિપાલી દિનેશભાઈ

**સંસ્થાનું સરનામું** :શ્રી બાબરકોટ પ્રાથમિક શાળા, તા.જાફરાબાદ, જી. અમરેલી.

**સંશોધન વર્ષ** : ૨૦૨૩-૨૪

**સારાંશ :**

1. **ભૂમિકા** : પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન ગણિત વિષયને રસમય અને સરળ બનાવવા તેમજ બાળકો ગણિત વિષય પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવાય તે હેતુથી હાથ ધરેલ હતું.ગણિતનું પ્રકરણ આકાર અને ખૂણામાં થતી ભૂલોને શોધવા માટે આ સંશોધન કરેલ હતું.

2. **સમસ્યા ક્ષેત્ર** : સમસ્યા ક્ષેત્ર અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાની બાબરકોટ પ્રાથમિક શાળાના વર્ષ ૨૦૨૩-૨૪ના ધો.5ના વિદ્યાર્થીઓ સુધી સીમીત હતું.

3. **સમસ્યાના સંભવિત કારણો** :

   I. બાળકોમાં ભૌમિતિક આકારો વિશેના જ્ઞાનનો અભાવ હતો.

   II. ગણિત વિષય પ્રત્યે બાળકની અરૂચી હતી.

   III. વિદ્યાર્થીઓને ગણિતના આકારો તેમજ ખૂણા ગણવાનું કઠીન લાગતું હતું.

   IV. શિક્ષક દ્વારા યોગ્ય શૈક્ષણિક પદ્ધતિનો અભાવ હતો.

   V. કાળા પાટિયા અને ચોક સિવાયની પ્રવૃતિલક્ષી પદ્ધતિનો અભાવ હતો.

   VI. કોરોના કાળ દરમિયાન મળેલ ઓનલાઈન શિક્ષણ પ્રત્યે પુરતું ધ્યાન ન અપાયું હતું.

4. **ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

   I. બાળકોમાં ગણિત જેવા વૈચારિક વિષયમાં અરૂચી અને અઘરા હોવાનો હાઉ દુર કરી શકશે.

   II. વિદ્યાર્થીઓ સમક્ષ કોયડાઓ મુકવા અને સાથે મળી ઉકેલી શકશે.

   III. વિદ્યાર્થીઓને લંબચોરસ, ચોરસ, ત્રિકોણ, વર્તુળ, ષટ્કોણ જેવી ગોઠવણીમાં બેસાડવા અને આકાર વિશેનું પૂર્વજ્ઞાન ચકાસી શકશે.

**5. પ્રયોગકાર્યની રૂપરેખા** : પ્રથમ દિવસ પ્રિટેસ્ટ અવલોકન દ્વારા દરેક બાળકની પ્રિ-ટેસ્ટ યોજી તેમણે કરેલી ભૂલો અંગે વિગતે ખ્યાલ આપેલ. બીજો દિવસ વર્ગખંડમાં શૈક્ષણિક કાર્ય દ્વારા વિવિધ આકારોને કાગળ પર કેવી રીતે નિરૂપણ કરી શકાય તે ખ્યાલ આપેલ જેમાં રંગીન કાગળો, પેન્સિલ, કલર, સ્કેચપેન ઉપયોગ કરવામાં આવ્યો હતો. ત્રીજો દિવસે શૈક્ષણિક પ્રવૃત્તિ રમત દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ આકારો મુજબ બેસાડીને રમત દ્વારા આકાર વિશેનો ખ્યાલ આપવામાં આવ્યો હતો. ચોથો દિવસે શૈક્ષણિક પ્રવૃત્તિ દ્વારા દીવાસળીની મદદથી વિવિધ આકારો કાર્ડ પેપર પર બનાવવાની પ્રવૃત્તિ કરાવેલ  હતા જેમાં દિવાસળી, ગુંદર, રંગીન કાર્ડ પેપર, કાતર, કલર, સ્કેચપેનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**6. માહિતીનું વિશ્લેષણ** : ચોરસને કેટલી બાજુ હોય છે?ત્રિકોણ બનાવવા કેટલી દિવાસળીની જરૂર પડે?પંચકોણમાં કેટલા ખૂણા હોય?પ્રીઝમને કેટલી બાજુ હોય ૯૦° ના ખૂણાને શું કહેવાય?અષ્ટકોણ દોરો કાટકોણથી મોટા ખૂણાને શું કહેવાય?સાણસીથી કયો ખૂણો બને?ઘડિયાળ દોરીને તેમાં કાટકોણ ખૂણો દર્શાવો જેવી વિવિધ પ્રવુતિ દ્વારા વિદ્યાર્થીઓની માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

**7. તારણો**

I. પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ-ટેસ્ટની ટકાવારી દર્શાવે છે કે પહેલા કરતા વિદ્યાર્થીઓમાં આકાર અને ખૂણાનું જ્ઞાન વધુ દ્રઢ થયું હતું  અને તે માર્ક્સમાં પણ પરિવર્તિત થયું હતું

II. વિદ્યાર્થીઓને નવી-નવી પ્રવૃતિઓથી શીખવતા તેમની ગાણિતિક શક્તિમાં વધારો થયો.

III. વિવિધ ભૌમિતિક આકારો પ્રત્યક્ષ બતાવતા, જાતે કાર્ય કરતા તેનો આત્મવિશ્વાસ વધતા ગણિત પ્રત્યેનો ડર દુર થયો અને ગણિત વિષય પ્રત્યેની રૂચીમાં વધારો થયો.

IV. વિદ્યાર્થીઓની કસોટી દ્વારા તેમની થતી ભૂલો અંગે વ્યક્તિગત ખ્યાલ મળતા તેને પાયાના જ્ઞાનની સમસ્યા દુર થઈ.

**સારાંશ તૈયાર કરનાર** : પંડ્યા ધ્રુવ આર. શ્રી વાંશીયાળી પ્રા.શાળા,તા-સાવરકુંડલા જીલ્લો- અમરેલી

**સારાંશ ક્રમાંક :** 19

**થીમ/વિષય :** ભાષા

**સ્તર** : ઉચ્ચ્તર પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક** : ધોરણ 7ના વિદ્યાર્થીઓ ગુજરાતી પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ કૃતિઓના સર્જકો પ્રત્યે અરુચિ ધરાવે છે.

**સંશોધકનું નામ :** દવે અખિલકુમાર આર.

**સંસ્થાનું સરનામું:** શ્રી સણોસરા પ્રાથમિક શાળા તા. જિ. - અમરેલી

**સંશોધન વર્ષ :** ૨૦૨૩-૨૪

**સારાંશ :**

1. **ભૂમિકા** : પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધનમાં ધોરણ 7ના વિદ્યાર્થીઓને ગુજરાતી પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ કૃતિઓના સર્જકો પ્રત્યે અરુચિની સમસ્યાના આવશ્યક નિદાન અને ઉપચારકાર્ય વિષે સંશોધનકાર્ય કરવામાં આવ્યું હતું.

2. **સમસ્યા ક્ષેત્ર** : સમસ્યા ક્ષેત્ર અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાની શ્રી સણોસરા પ્રાથમિક શાળાના વર્ષ ૨૦૨૩-૨૪ના ધો.5ના વિદ્યાર્થીઓ સુધી સીમીત હતું.

3. **સમસ્યાના સંભવિત કારણો :**
   I. વિદ્યાર્થીઓ સર્જકોના મહત્વથી અજાણ હતા .
   II. તેમને મન તે બાબત પરીક્ષાલક્ષી મહ્ત્વ નહીં ધરાવતી હોય.
   III. તેઓ સર્જકોના ભાવ વિશ્વથી અજાણ હતા.
   IV. ગુજરાતી ભાષાના સર્જકોનું તેમને મન ઓછું મહ્ત્વ હતું.
   V. સર્જક પરિચય તેમની રસરૂચીને પોષે એવા આકર્ષક રીતે રજૂ નહીં થયો હોય.

4. **ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**
   I. સર્જક અને એનું સાહિત્ય સમાજના ઘડતર માટે કેટલું મહ્ત્વપૂર્ણ છે એ વાત જો વિદ્યાર્થીના મનમાં સ્પષ્ટ થાય તો આ સમસ્યા હલ થઈ શકશે.
   II. સર્જકો દ્વારા રચાતા સાહિત્યનો માત્ર પરીક્ષાલક્ષી દ્રષ્ટિકોણ ને બદલે જીવનલક્ષી દૃષ્ટિકોણથી અભ્યાસ થાય એ જરૂરી બાબત છે એનો ખ્યાલ વિદ્યાર્થીને આવે તો આ સમસ્યાનું સમાધાન કરી શકશે.

III. જો વિદ્યાર્થીઓને સર્જક અને એમના ભાવવિશ્વનું કેટલું મહત્વ છે એ સમજાવવામાં આવે તો આ સમસ્યા હલ થઈ શકશે. ગુજરાતી ભાષાની અન્ય અમર અને રસાળ કૃતિઓનો આસ્વાદ વિદ્યાર્થીઓને કરાવવામાં આવે તો આ સમસ્યા હલ થઈ શકશે.સર્જક પરિચય થોડો અલગ અને સંદર્ભ ગ્રંથો સાથે ઓડિયો વિઝ્યુઅલ રીતે વિદ્યાર્થી સમક્ષ રજુ કરીએ અને શક્ય બને તો હયાત સર્જકોની વિદ્યાર્થીઓ સાથે રૂબરૂ કે વીડિયો કોન્ફરન્સ દ્વારા વાતચીત ગોઠવી શકીએ તો આ સમસ્યા હલ થઈ શકશે.

5. **પ્રયોગકાર્યની રૂપરેખા :** અઠવાડિયે બે એવા તાસનું આયોજન કર્યું જેમાં કોઈ એક કવિની કવિતાઓનું ગાન થાય. તેમના જીવન પ્રસંગો વર્ણવવામાં આવ્યા.કાવ્ય પંક્તિઓ કે ગદ્ય કૃતિઓ આપણને સારા વ્યક્તિ અથવા તો સંવેદનશીલ માનવી બનવામાં કેવી રીતે મદદ કરે છે એ સદ્રષ્ટાંત સમજાવવામાં આવ્યું.વિદ્યાર્થીઓને નાની પંક્તિઓનું સર્જન કરવા માટે પ્રેરણા આપવામાં આવી. વિદ્યાર્થીઓએ હાઇકુ લખવાનો પ્રયત્ન કર્યો.સંદર્ભ ગ્રંથો વિદ્યાર્થીઓને બતાવવામાં આવ્યા અને કવિ કે સર્જકની અન્ય કૃતિઓનો પરિચય મેળવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા.Youtube ના માધ્યમથી સર્જકોનો પરિચય કરાવવામાં આવ્યો તેમજ હયાત સર્જકો સાથે ટેલિફોનિક વાતચીત કરવામાં આવી હતી.

6. **માહિતીનું વિશ્લેષણ** : વિદ્યાર્થીઓને અલગ અલગ સર્જકો અને તેમની કૃતિઓ વિશે પ્રશ્નો પૂછવામાં આવ્યા વિદ્યાર્થીઓને પોતાને ક્યાં સર્જક સૌથી વધુ ગમ્યા અને શા કારણે ગમ્યા? તેની પણ વર્ગ સમક્ષ ચર્ચા કરવામાં આવી હતી વિદ્યાર્થીઓ પાસે કાવ્ય કે કૃતિ નો આસ્વાદ્ય પોતાના વિચારો સાથે રજૂ કરવવવામાં આવ્યો.

7. **તારણો**

   I. કવિતાઓનું ગાન અને કવિના રસપ્રદ જીવન પ્રસંગો પ્રત્યે વિદ્યાર્થીઓ રસ લેતા થયા

   II. વિદ્યાર્થીઓ સર્જકના કાર્ય પ્રત્યે સભાન બન્યા

   III. Youtubeના માધ્યમથી સર્જકોનો પરિચય કરાવતા તેમજ હયાત સર્જકો સાથે ટેલિફોનિક વાતચીત કરાવતા વિદ્યાર્થીઓ સર્જક પ્રત્યે અભિમુખ બનીને પ્રેરીત થયા.

**સારાંશ તૈયાર કરનાર** : પંડ્યા ધ્રુવ આર. શ્રી વાંશીયાળી પ્રા.શાળા,તા-સાવરકુંડલા જીલ્લો- અમરેલી

**સારાંશ ક્રમાંક** : 20

**થીમ/વિષય** :  અધ્યયન-અધ્યાપન

**સ્તર** :  ઉચ્ચતર પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક** : ભણવામાં નીરસ વિદ્યાર્થીઓનું નિદાન અને ઉપચાર

**સંશોધકનું નામ** : ગોહિલ અજીતસિંહ જગુભાઈ

**સંસ્થાનું સરનામું**: શ્રી હેમાળ પ્રાથમિક શાળા તાલુકો જાફરાબાદ જીલ્લો અમરેલી

**સંશોધન વર્ષ :** ૨૦૨૩-૨૪

**સારાંશ :**

1. **ભૂમિકા**:   પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધનમાં  જેમ કે વાલીઓમાં શિક્ષણ પ્રત્યેની જાગૃતતાનો અભાવ,સ્થાનિક પર્યાવરણ,સામાજિક,આર્થિક વગેરે પરિબળોને કારણે આપણે અવનવી પદ્ધતિઓ અમલમાં મૂકવા છતાં શક્ય એટલા સફળ થઈ શકતા નથી.જેને કારણે શાળામાં કેટલાક વિદ્યાર્થીઓ અભ્યાસમાં રસ દાખવતા નથી.તેઓ દરરોજ શાળાએ આવે છે છતાં તેની પ્રગતિ ઓછી દેખાય છે.

2. **સમસ્યા ક્ષેત્ર** :  સમસ્યા ક્ષેત્ર અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાની શ્રી હેમાળ પ્રાથમિક શાળાના વર્ષ  ૨૦૨૩-૨૪ના ધો.૭ ના વિદ્યાર્થીઓ સુધી સીમીત હતું.

3. **સમસ્યાના સંભવિત કારણો :**
   I. સ્થાનિક પર્યાવરણ નો અભાવ હતો.
   II. વાલીઓમાં શિક્ષણ પ્રત્યેની જાગૃતતા નો અભાવ હતો.
   III. આર્થિક પરિસ્થિતિ ના કારણે તેમને માતા - પિતા ને કામમાં મદદ કરતા હતા.
   IV. મિત્રોનું ગ્રુપ કારણે અભ્યાસમાં ઓછો રસ દાખવતા હતા.
   V. પ્રવૃત્તિ શિક્ષણનો અભાવના કારણે વિદ્યાર્થીઓ અભ્યાસમાં ઓછો રસ દાખવતા હતા.
   VI. ઘરનું વાતાવરણ વિદ્યાર્થીઓને અભ્યાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

4. **ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ** :
   I. જો હું વિદ્યાર્થીને તેની સામાન્ય સિદ્ધિ બદલ પણ બિરદાવું તો તેને પ્રોત્સાહન અને રસ કેળવી શકશે.
   II. વિદ્યાર્થીના પરિવારના સભ્યોને મળી શિક્ષણનું મહત્વ સમજાવુ તો તે બાળકોને શિક્ષણ પ્રત્યે ધીમે ધીમે વાળી શકશે.
   III. વિદ્યાર્થીઓના મિત્રોના ગ્રુપમાં ફેરફાર કરુ. હોશિયાર વિદ્યાર્થીને નબળા વિદ્યાર્થીઓના મિત્ર બનાવુ તો તેમની પ્રગતિમાં વધારો થઇ શકશે.
   IV. શાળા સમય બાદ વિદ્યાર્થી જે મિત્રો સાથે રમે છે તેમને પણ શિક્ષણ તરફ વાળવામાં આવે તો વિદ્યાર્થીની શૈક્ષણિક પ્રગતિમાં સુધારો થઇ શકશે
   V. મોબાઇલમાં રસ છે તો તેમને મોબાઇલમાં શૈક્ષણિક એપ ના ઉપયોગ અંગે સમજાવુ તો તેમની પ્રગતિમાં સુધારો થઇ શકશે.

**5. પ્રયોગકાર્યની રૂપરેખા** : શાળાના શિક્ષણ કાર્યમાં નીરસ વિદ્યાર્થીઓને આગળ અભ્યાસમાં જેમને રસ છે તેવા વિદ્યાર્થીઓની બાજુમાં બેસાડવામાં આવ્યા. પ્રવૃતિમાં હોશિયાર વિદ્યાર્થીઓને નીરસ વિદ્યાર્થીઓ સાથે કોઈ મુદ્દા વિશે વાર્તાલાપ કરવાનું સમજાવવામાં આવ્યું. ભણવામાં નીરસ વિદ્યાર્થીઓ કોઈ પ્રશ્નનો થોડો ઘણો જવાબ સાચો આપે તો પણ તેને બિરદાવ્યા હતા . વિદ્યાર્થીના વાલીશ્રી ને મળી સમજાવવામાં આવ્યું કે દરરોજ અભ્યાસ અંગે વિદ્યાર્થી સાથે ચર્ચા કરે. તેમને શાળામાં આજે શું ભણાવવામાં આવ્યું? ગૃહકાર્યમાં શું આપવામાં આવ્યું છે? કસોટીમાં કેટલા માર્ક્સ આવ્યા છે? વગેરે જેવા પ્રશ્નો પૂછી વિદ્યાર્થીને સારા માર્ક્સ આવે અને ભણવામાં રસ જાગે તેવું પ્રોત્સાહન આપવામાં આવે. દરરોજ સાંજના સમયે થોડો સમય વિદ્યાર્થી સાથે ગાળી તેને પ્રેમપૂર્વક અભ્યાસ તરફ વાળવા. ભણવામાં નીરસ વિદ્યાર્થીના મિત્રોને બોલાવી તેમને શૈક્ષણિક રમતો અંગે સમજાવવામાં આવ્યા અને કઈ કઈ રમતો દ્વારા આનંદ સાથે જ્ઞાન મેળવી શકાય તે પ્રેક્ટીકલી કરી બતાવ્યુ.

વિદ્યાર્થીઓને તેમના વાલીશ્રીના મોબાઇલમાં શાળામિત્ર,,- વગેરે જેવી એપ ડાઉનલોડ કરી આપી અને તેના ઉપયોગની રીત વિદ્યાર્થી તથા વાલીશ્રી ને સમજાવી. ભણવામાં નીરસ વિદ્યાર્થીઓને શાળાની જુદી જુદી સમિતિમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

**6. માહિતીનું વિશ્લેષણ** : કોઈપણ સમસ્યા માટે એક અથવા અનેક પરિબળો જવાબદાર હોય છે. ઘણા પરિબળો સમસ્યા માટે જવાબદાર હોવા છતાં અમુક પરિબળો મુખ્ય જવાબદાર હોય છે. જો મુખ્ય જવાબદાર પરિબળોને ધ્યાનમાં રાખીને સમસ્યાનું નિવારણ કરવા સંશોધન કરવામાં આવે તો સમસ્યા ઓછા સમયમાં ઝડપથી નિવારી શકાય છે. મારી સમસ્યામાં ભણવામાં નીરસ વિદ્યાર્થીઓ શાળામાં ભણવા બેઠા ત્યારથી જ તેમના મિત્રોનું જે ગ્રુપ બન્યું તે વિદ્યાર્થીઓ ભણવામાં નીરસ હતા. તેમજ તેમના વાલીશ્રીઓ પણ શાળા સમય બાદ વિદ્યાર્થી સાથે શિક્ષણ બાબતે વાતચીત કરતા ન હતા. અને શાળામાં પણ તે વિદ્યાર્થીઓને પૂરતું પ્રોત્સાહન આપવામાં આવતું ન હતું. તેથી મેં બાળકોને સમસ્યા ધ્યાનમાં રાખી તેના ચોક્કસ કારણો જાણ્યા અને તે મુજબ સૌપ્રથમ ભણવવામાં નીરસ વિદ્યાર્થીઓને ભણવામાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ પાસે બેસાડી તેમના મિત્ર બનાવ્યા. તેથી તેઓ સાથે મળી કોઈ મુદ્દાને સમજવા પ્રયત્ન કરવા લાગ્યા અને શૈક્ષણિક પ્રવૃત્તિમાં જોડાયા.

**7. તારણો**

I. 15 માંથી 11 વિદ્યાર્થીઓની પ્રગતિ ખૂબ જ સારી જોવા મળી છે.જેમને સામાન્ય મુદ્દા શીખવામાં પણ તકલીફ પડતી હતી તે હવે કઠિન મુદ્દાના નિવારણ તરફ વળ્યા હતા.

II. બે વિદ્યાર્થીઓએ વાંચન અને લેખનમાં સારી પ્રગતિ કરી છે. તે અર્થગ્રહણ કરી પ્રશ્નોના જવાબ આપતા થયા હતા.

III. બે વિદ્યાર્થીઓની પ્રગતિ થોડી ધીમી છે. પણ ક્રિયાત્મક સંશોધન પહેલા જે સ્થિતિ હતી તેમાં ઘણો સુધારો થયો હતો.

**સારાંશ તૈયાર કરનાર** : પંડ્યા ધ્રુવ આર. શ્રી વાંશીયાળી પ્રા.શાળા,તા-સાવરકુંડલા જીલ્લો- અમરેલી

**સારાંશ ક્રમાંક :** 21

**થીમ/વિષય :** ભાષા (ગુજરાતી)

**સ્તર :** પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક** : ચ,છ,સ,શ,અને ષ જેવા મૂળાક્ષરોનું શુધ્ધ ઉચ્ચારણ

**સંશોધકનું નામ :** વર્ષાબેન હસમુખલાલ જોષી

**સંસ્થાનું સરનામું** : શ્રી ગોઢાવદર પ્રાથમિક શાળા – ગોઢાવદર

સંશોધન વર્ષ **: ૨૦૨૩-૨૪**

**સારાંશ :**

**1.ભૂમિકા** : પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધનમાં વિદ્યાર્થીઓને બાહ્યપરીક્ષાઓ તેમજ સહઅભ્યાસિક પ્રવૃતિઓ શીખવવામા પડતી મુશ્કેલીઓને સમજવા અન્વયે આવશ્યક નિદાન અને ઉપચાર કાર્ય વિશે સંશોધન કાર્ય કરવામાં આવેલ હતુ.

**2.સમસ્યા ક્ષેત્ર :** અમરેલી જિલ્લા ની શ્રી ગોઢાવદર પ્રાથમિક શાળાના બાળકોમા ચ,છ,સ,શ,અને ષ જેવા મૂળાક્ષરોનું શુધ્ધ ઉચ્ચારણ પુરતુ સિમિત હતુ.

**3. સમસ્યાના સંભવિત કારણો :**

I. વિદ્યાર્થીઓમા કયારેય ચ,છ,સ,શ,અને ષ મૂળાક્ષરોનો યોગ્ય ઉચ્ચારણ કરવાનો, ભેદ સમજવાનો પ્રયત્ન,મૂળાક્ષરોના શુધ્ધ ઉચ્ચારણ માટે પ્રેરીત ન થયા હોવાથી, મૂળાક્ષરો ઓળખવામાં રૂચી કે શોખ ન હતો.

II. વિદ્યાર્થીઓને પોતાની ભાષા અને બોલી બોલવાથી ખોટા ઉચ્ચારણો પ્રત્યેની નિંદા થવાનો ભય હોવાથી, આ મૂળાક્ષરોનો ઉપયોગ યોગ્ય રીતે ન કરી શકતા હોવાથી, ભાવાર્થ અન્ય વ્યક્તિને સમજાવી શકતા ન હતા.

III. વિદ્યાર્થીઓને ચ,છ,સ,શ,અને ષ જેવા મૂળાક્ષરો પરિવાર કે પારંપરિક ભાષામાં ઉપયોગમાં લેવાતા હતા.

**4.ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :** જો શિક્ષક વિદ્યાર્થીઓને ચ,છ,સ,શ,અને ષ જેવા મુળાક્ષરો બોલવા માટેનો આત્મવિશ્વાસ વધારે ,પ્રોત્સાહિત કરે તો વિદ્યાર્થીઓને પોતાના બોલેલા શબ્દો પર હાંસી ઉડાવવાની શંકા કે ડર રહેતો નથી .શિક્ષક પ્રાદેશિક ભાષાનો ઉપયોગ ટાળે અને શુદ્ધ ભાષા વાપરે તો ક્યારેય વિદ્યાર્થીઓને ભૂલ થવાની સંભાવના રહે નહિ.

**5.પ્રયોગકાર્યની રૂપરેખા :**

પ્રથમ અને બીજા દિવસે વિદ્યાર્થીઓને ચ,છ,સ,શ,અને ષ જેવા મુળાક્ષરો બોલવા માટે જુથ કાર્ય કરાવ્યુ.ત્રીજા ,ચોથા અને પાંચમા દિવસે વિદ્યાર્થીઓને ચ,છ,સ,શ,અને ષ જેવા મુળાક્ષરો બોલાવવા અને લખાવવાનો પ્રયત્ન કર્યો.છઠ્ઠા સાતમાં અને આઠમા દિવસે વિદ્યાર્થીઓ ચ,છ,સ,શ,અને ષ જેવા મુળાક્ષરો યોગ્ય રીતે બોલતાં થયા.નવમા અને દસમા દિવસે વકૃત્વ જેવી વિવિધ સ્પર્ધાઓ યોજીને ભાષા શુધ્ધી માટે યોગ્ય સુધાર કાર્ય કરી વિદ્યાર્થીઓને યોગ્ય પ્રોત્સાહિત કર્યા.

6.માહિતીનું વિશ્લેષણ : શિક્ષકે વિદ્યાર્થીઓને ચ,છ,સ,શ,અને ષ જેવા મુળાક્ષરો ની પ્રમાણિત કસોટી લઈને, વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરીને મૂલ્યાંકન કરી ,માહિતીનું વિશ્લેષણ કર્યું.

**7. તારણો :** વિદ્યાર્થીઓને ચ,છ,સ,શ,અને ષ જેવા મુળાક્ષરોનુ સાચું મહત્વ અને ઉપયોગ જણાવી ગુજરાતી વિષયને રસયુક્ત બનાવી શક્યા હતા.

**સારાંશ તૈયાર કરનાર :** જોષી પૂજાબેન એચ. હેડ ટીચર , શ્રી બ્રાંચ શાળા .4,સાવરકુંડલા

**સારાંશ ક્રમાંક** : 22

**થીમ/વિષય** : ભાષા (અંગ્રેજી )

**સ્તર** :પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક** : શાળાના ધોરણ 6 અને 7 ના વિદ્યાર્થીઓમાં અંગ્રેજી લેખનમાં નબળા લેખન કાર્યની સમસ્યા અને નિવારણ.

**સંશોધકનું નામ** : વૈષ્ણવ હીનાબેન .જી

**સંસ્થાનું સરનામું** : શ્રી ભીંગરાડ પ્રાથમિક શાળા,તા-લાઠી

**સંશોધન વર્ષ** : ૨૦૨૩-૨૪

**સારાંશ** :

1. **ભૂમિકા** : પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધનમાં ધો- 6 થી 8 ના વિદ્યાર્થીઓને અંગેજી વિષયમા નબળા અક્ષરની સમસ્યાનો ઉકેલ કરવામા આવ્યો હતો.

**2.સમસ્યા ક્ષેત્ર** : પ્રસ્તુત સંશોધન અમરેલી જિલ્લાની શ્રી ભીંગરાડ પ્રાથમિક શાળા,તા-લાઠી ના ધો- 6 થી 8ના વિદ્યાર્થીઓ પુરતુ સિમિત હતુ.

**3.સમસ્યાના સંભવિત કારણો :**

1. વિદ્યાર્થિઓમા અક્ષરોના વળાંકની યોગ્ય સમજ ન હોવી.
2. વિદ્યાર્થિઓમા કેલીગ્રાફી પ્રેક્ટીસ ન હોવી.
3. વિદ્યાર્થિઓમા લેખનમાં ધીરજનો અભાવ.
4. વિદ્યાર્થિઓમા લેખનમાં યોગ્ય માર્ગદર્શન અને મહાવરો ન હોવો.
5. વિદ્યાર્થીઓ સોપેલા લેખનકાર્ય ને પૂરું કરવાના ઈરાદા થી લખે છે.
6. વિદ્યાર્થિઓમા પુનરાવર્તનનો અભાવ.
7. વિદ્યાર્થિઓમા રસ ન હોવો.

**4.ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ** : યોગ્ય મૂળાક્ષરના વળાંકની સમજ આપવામાં આવે તો વળાંક ખુબજ સારી રીતે કરશે.વારંવાર વળાંક કરવાનો મહાવરો આપતા ટેવ પડવાથી લખાણમાં ઝડપ આવશે.ક્યાં

મૂળાક્ષરો લીટીને અડાડી,લીટીની નીચે કે લીટી પર લખાય તેવો ખ્યાલ વારંવાર આપતા વિદ્યાર્થી તેનાથી વાકેફ થશે અને યોગ્ય રીતે લખશે.લખાણમાં ચોક્કસાઈ જળવાશે.

**5.પ્રયોગકાર્યની રૂપરેખા** : બાળકને સૌ પ્રથમ સારા પેન,પેન્સિલ આપી લેખન માટે પરિસ્થિતિનું નિર્માણ કર્યું. ત્યારબાદ ફોરલાઈન પેઈજ પર મૂળાક્ષરો છાપી ઘુટવાના પ્રયત્નો (કેલીગ્રાફી)નો મહાવરો કરાવ્યો અને બ્લેક બોર્ડ પર યોગ્ય વળાંકનો વારંવાર મહાવરો કરાવ્યો.ત્યારબાદ ક્યાં મૂળાક્ષરો નીચેની લીટીમાં,ક્યાં મૂળાક્ષરો ઉપરની લીટીમાં તેમજ ક્યાં મૂળાક્ષરો લીટી પર જ આવે તેની વારંવાર મહાવરા સાથેની સમજ આપવામા આવી. બે શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખવાનું સમજાવ્યું અને દરરોજ એક પેરેગ્રાફ લખાવી અક્ષર સુધારણાનું કાર્ય 15 દિવસ સુધી કરાવ્યું.

**6.માહિતીનું વિશ્લેષણ** : પ્રી- ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ ની ટ્કાવારીના આધારે માહિતિનુ વિશ્લેષણ કરવામા આવ્યુ.

**7.તારણો** : વિદ્યાર્થીઓને લેખનમાં રસ જાગ્યો.યોગ્ય મૂળાક્ષરો અને વળાંક સાથે ની સમજ મેળવી.લેખનનો મહાવરો વધાર્યો. કેલીગ્રાફી લેખન સારી રીતે કરી શક્યા.પોતાની બુકમાં સુંદર લેખન કરતા થયા.સૂચનાનું પાલન કરતા થયા અને ધ્યાનથી લખતા થયા.મહાવરા અને પુનરાવર્તનથી અક્ષરોના વળાંકો શીખ્યા.અનુલેખનમાં યોગ્ય અંતર સાથે લેખન કરતા થયા.દરરોજ એક પેરેગ્રાફ લખવાની ટેવ પાડતા થયા.લેખનની સાથે વાંચન પણ કરતા થયા.લેખનમાં નિયમિતતાથી સારા અક્ષરો કરવાની સિદ્ધિ પ્રાપ્ત કરતા થયા.

**સારાંશ તૈયાર કરનાર** : જોષી પૂજાબેન એચ. હેડ ટીચર , શ્રી બ્રાંચ શાળા .4,સાવરકુંડ્લા

**સારાંશ ક્રમાંક** : 23

થીમ/વિષય : - ભાષા (ગુજરાતી)

સ્તર : પ્રાથમિક

ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક : - ધો.૭ અને ૮ના વિદ્યાર્થીઓ સમાસ ઓળખવામાં ભૂલ કરે છે.

સંશોધકનું નામ : તેરૈયા પ્રજ્ઞાબહેન એમ.

સંસ્થાનું સરનામું : શ્રી ગમાં પીપળીયા પ્રાથમિક શાળા

સંશોધન વર્ષ : ૨૦૨૩-૨૪

**સારાંશ :**

**1.ભૂમિકા** : શ્રી ગમાં પીપળીયા પ્રાથમિક શાળામાં ધોરણ - ૭ અને ૮નાવિદ્યાર્થીઓ વ્યાકરણમાં સમાસ ઓળખવામાં ભુલ શા માટે કરે છે તે બાબત નુ સંશોધન હાથ ધરવામા આવ્યુ હ્તુ.

**2.સમસ્યા ક્ષેત્ર** : અહીં બાબરા ગામની શ્રી ગમાં પીપળીયા પ્રાથમિક શાળાના ધોરણ ૭ અને ૮ ના વિદ્યાર્થીઓ પૂરતું સમસ્યાક્ષેત્ર મર્યાદિત છે.

**3.સમસ્યાના સંભવિત કારણો** :

1. વ્યાકરણમાં રસ નથી.
2. સમાસ વિશે વધારે માહિતી નથી.
3. સમાસનો અભ્યાસ નથી કરતા.
4. સમાસ શીખવામાં તકલીફ પડે છે.
5. સમાસ શીખવાનો સમય નથી.
6. પહેલા સમાસ ભણેલા નથી સમાસ અઘરો લાગે છે.
7. સમાસના પ્રકારો સમજાતા નથી અને સમાસ વિશે ખોટી ધારણા બંધાઇ ગઇ છે.
8. દરેક પાઠમાં સમાસ આવતા નથી.
9. સમાસનું પુનરાવર્તન થતું નથી.
10. સમાસની વ્યાખ્યા સમજાતી નથી.

11. સમાસ શીખવામાં કંટાળો આવે છે.

12. સમાસનું મહ્ત્વ નથી સમજતા.

13. સમાસ શીખવા પ્રયત્ન નથી કરતા અથવા સમાસ વિશે યોગ્ય માર્ગદર્શન નથી.

14. સતત ગેરહાજર રહેવાથી

**4.ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ** : જો વિદ્યાર્થીઓને વ્યાકરણમાં સમાસ અંગે પુરતું શિક્ષણ આપવામાં આવે ,વધારે ઉદાહરણ આપી તેમજ ચાર્ટ દ્વારા સમજાવવામાં આવે,વ્યાકરણ માટે અલગ તાસ ગોઠવવમા આવે તો તેઓ સમાસ ઓળખવામાં ભૂલ નહિ કરે.

**5.પ્રયોગકાર્યની રૂપરેખા** : પ્રથમ દિવસે સમાસથી માહિતગાર થયા. બીજા દિવસે સમાસની વ્યાખ્યા શીખ્યા. ત્રીજા દિવસે સમાસના પ્રકારો જાણ્યા. ચોથા, પાંચમાં અને છઠ્ઠા દિવસે સમાસ ભણવામાં રસ દાખવ્યો. સાતમાં,આઠમાં અને નવમાં દિવસે સમાસ યાદ રહ્યા. દસમાં દિવસે ૮૫%વિદ્યાર્થીઓના જવાબ સાચા પડ્યા.

**6.માહિતીનું વિશ્લેષણ** : વિદ્યાર્થીઓને પિરિયડ દરમ્યાન વિવિધ ઉદાહરણો આપીને તેમાંથી સમાસ ઓળખવાનું જણાવવામાં આવ્યુ. પરિણામ પરથી માહિતીનું વિશ્લેષણ કરવામા આવ્યુ.

**7.તારણો** : વિદ્યાર્થીઓને સમાસ વિશેની માહિતી પ્રાપ્ત થઇ. વિદ્યાર્થીઓને સમાસ જાણવામા મજા આવવા લાગી. વિદ્યાર્થીઓ સમાસના પ્રકારોને ઓળખવા લાગ્યા. વિદ્યાર્થીઓ જાતે ઉદાહરણો આપવા લાગ્યા. વિદ્યાર્થીઓને વ્યાકરણમાં વધારે રસ પડવા લાગ્યો. વિદ્યાર્થીઓ દરેક પાઠમાંથી સમાસ શોધવા લાગ્યા. ૭૫%વિદ્યાર્થીઓ સમાસ ઓળખવામાં ભૂલ કરતા ન હતા.

**સારાંશ તૈયાર કરનાર** : જોષી પૂજાબેન એચ. હેડ ટીચર , શ્રી બ્રાંચ શાળા .4,સાવરકુંડ્લા

**સારાંશ ક્રમાંક :** 24

**થીમ/વિષય :** વિવિધ સ્પર્ધાઓ

**સ્તર :** પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક :** લુણસાપુર ક્લસ્ટરમાં યોજાતી વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓમાં જોવા મળતો ઉત્સાહનો અભાવ

**સંશોધકનું નામ :** દેવમુરારી ચિરાગકુમાર રમણિકલાલ

**સંસ્થાનું સરનામું :** લુણસાપુર ક્લસ્ટર

**સંશોધન વર્ષ :** ૨૦૨૩-૨૪

**સારાંશ :**

**1.ભૂમિકા :** પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધનમાં લુણસાપુર ક્લસ્ટરમાં યોજાતી વિવિધ સ્પર્ધાઓમાં વિધાર્થીઓમાં જોવા મળતા ઉત્સાહના અભાવ બાબતે સંશોધન કાર્ય કરવામાં આવેલ હતુ.

**2.સમસ્યા ક્ષેત્ર** : :- ક્લસ્ટરમાં સમાવિષ્ટ ૯ પ્રાથમિક શાળાઓ

**3. સમસ્યાના સંભવિત કારણો :**

1. યોગ્ય આયોજનનો અભાવ.
2. શાળામાં શિક્ષકો દ્વારા વિવિધ સ્પર્ધાઓને અનુલક્ષીને આપવામાં આવતું અપૂરતું માર્ગદર્શન
3. નિર્ણયકોમાં નિર્ણય બાબતની તટસ્થતાનો અભાવ.
4. સી.આર.સી.કૉ- ઓર્ડિનેટર દ્વારા સ્પર્ધામાં ભાગ લેતા વિદ્યાર્થીઓને આપવામાં આવતી પ્રેરણા અને પ્રોત્સાહનનો અભાવ.

**4.ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ** : સી.આર.સી.કૉ- ઓર્ડિનેટર દ્વારા વિવિધ સ્પર્ધાઓનું યોગ્ય રીતે આયોજન થઇ શકે ,તો વિદ્યાર્થીઓમાં વિવિધ સ્પર્ધાઓને લઈને ઉત્સાહમાં વધારો થઇ શકશે.શાળાના આચાર્ય અને શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ સ્પર્ધાઓને અનુલક્ષીને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે તો વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો થઇ શકશે. સી.આર.સી.કૉ- ઓર્ડિનેટર, શાળાના આચાર્ય અને શાળાના શિક્ષકો વચ્ચે વિવધ સ્પર્ધાઓને લઈને યોગ્ય ચર્ચા વિચારણા તેમજ સંકલન સાધવામાં આવશે તો પણ વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો થઇ શકશે.

**5.પ્રયોગકાર્યની રૂપરેખા :** સૌપ્રથમ સી.આર.સી શાળા મુલાકાત દરમિયાન શાળાના આચાર્ય, શાળાના શિક્ષકો સાથે સ્પર્ધાને અનુલક્ષીને એક સંકલન બેઠક યોજવામાં આવેલ હતી. આ સંકલન બેઠકમાં

સ્પર્ધાને લગતા પરિપત્રનું વાંચન, સ્પર્ધાના નિયમો, વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશનનો સમયગાળો, સ્પર્ધા માટેનું સાહિત્ય, સ્પર્ધાનું સ્થળ અલગ-અલગ, સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે ઇનામ પ્રમાણપત્ર અંગેની ચર્ચા વગેરે જેવી બાબતોનું સુક્ષ્મ આયોજન બનાવી નોંધ રાખવામાં આવતી. સંકલન બેઠકમાં થયેલ ચર્ચા – વિચારણા મુજબ શાળાના આચાર્ય અને શિક્ષકોને પ્રાર્થનાસભામાં સ્પર્ધાની જાહેરાત કરવી તથા સ્પર્ધાને અનુલક્ષીને ઊંડાણપૂર્વકની માહિતી વિદ્યાર્થીઓને આપવા માટે જણાવવામાં આવ્યું હતું. ત્યારબાદ્ સ્પર્ધાને અનુલક્ષીને એક લેખિત આયોજન તૈયાર કરવામાં આવતુ હતુ. તથા સ્પર્ધાના  તજજ્ઞ નિર્ણાયકોની યાદી તૈયારી કરી આ નિર્ણાયકોને ટેલીફોન કરી જાણ કરવામાં આવતી હતી.

**6.માહિતીનું વિશ્લેષણ :** લુણસાપુર ક્લસ્ટરમાં વિવિધ સ્પર્ધાઓ યોજી તેના પરિણામ પરથી માહિતીનું વિશ્લેષણ કરવામા આવ્યુ.

**7. તારણો :**

I. વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં સ્પર્ધાને લઈને પ્રસન્નતા જોવા મળી હતી.સ્પર્ધામાં ભાગ લેતા વિદ્યાર્થીઓને શાળા કક્ષાએ યોગ્ય માર્ગદર્શન આપવામાં આવેલ હોવાથી આત્મવિશ્વાસ સભર પોતાનામાં રહેલી કળા પ્રદર્શિત કરતા જોવા મળ્યા હતા.

II. નિર્ણાયકોએ તટસ્થતાથી મુલ્યાંકન કરેલ હોય ગર્વની લાગણી અનુભવતા જોવા મળ્યા હતા

**સારાંશ તૈયાર કરનાર** : જોષી પૂજાબેન એચ. હેડ ટીચર , શ્રી બ્રાંચ શાળા .4,સાવરકુંડ્લા

**સારાંશ ક્રમાંક :** 25

**થીમ/વિષય :** વાર્તાકથન (ગુજરાતી )

**સ્તર :** પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક :** ધોરણ-૬નાં વિદ્યાર્થીઓને રસપ્રદ રીતે વાર્તા કહેતા આવડતી નથી.

**સંશોધકનું નામ :** પ્રદિપકુમાર કાનાભાઇ રામ મુખ્ય શિક્ષક, શ્રી રબારીકા પ્રાથમિક શાળા

**સંસ્થાનું સરનામું** :શ્રી રબારીકા પ્રાથમિક શાળા તા.ખાંભા જી.અમરેલી

**સંશોધન વર્ષ :** ૨૦૨૩-૨૪

**સારાંશ :**

**1.ભૂમિકા :** રબારીકા પ્રાથમિક શાળાના ધો.૬ના બાળકો વાર્તાઓ રસપ્રદ રીતે કહી શકતા ન હોવાથી પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું.

**2.સમસ્યા ક્ષેત્ર** : :- રબારીકા પ્રાથમિક શાળા

**3.સમસ્યાના સંભવિત કારણો :**

1. વિદ્યાર્થીઓને સ્પષ્ટ વાર્તા આવડતી ન હોવાથી તેઓ રસપ્રદ રીતે વાર્તા કહી શકતા નથી.
2. વિદ્યાર્થીઓ વાચતી વખતે યોગ્ય રીતે વિરામચિહ્નો નો ઉપયોગ કરી શકતા નથી તેથી, તેઓ રસપ્રદ રીતે વાર્તા કહી શક્તા નથી.
3. વિદ્યાર્થીઓને વાર્તા ગમતી ન હોવાના કારણે તેઓ રસપ્રદ રીતે વાર્તા કહી શકતા નથી.
4. વિદ્યાર્થીઓ ના ઘરે કોઇ વાર્તા સંભળાવતુ નથી તેથી તેઓ વાર્તા કહી શકતા નથી.
5. વિદ્યાર્થીઓ ને વાર્તા યાદ ન રહેતી હોવાને કારણે તેઓ વાર્તા કહી શકતા નથી.
6. વિદ્યાર્થીઓ પાસે વાર્તાની બૂક નથી હોતી તેથી તેઓ રસપ્રદ રીતે વાર્તા કહી શકતા નથી.
7. વિદ્યાર્થીઓ કયારેય લાઇબ્રેરીના પુસ્તકો વાંચતા નથી,તેથી તેઓ રસપ્રદ રીતે વાર્તા કહી શકતા નથી.
8. વિદ્યાર્થીઓને વર્ગમાં કયારેય વાર્તા ન સંભળાવવાનાં કારણે તેઓ રસપ્રદ વાર્તા કહી શકતા નથી.
9. પ્રાર્થનાસભામાં કયારેય વાર્તાનું આયોજન ન થતું હોવાથી વિદ્યાર્થીઓ રસપ્રદ વાર્તા કહેતા નથી
10. વિદ્યાર્થીઓ વાર્તાચિત્ર જોઇ તેનું યોગ્ય વર્ણન ન કરી શકવાના કારણે વાર્તા રસપ્રદ બનતી નથી.
11. વિદ્યાર્થીઓથી વાર્તાનું નાટકમાં રૂપાંતર ન કરી શકવાથી વાર્તા રસપ્રદ થતી નથી.

**4.ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

1. જો વિદ્યાર્થીઓને વાર્તાઓના પુસ્તકો આપવામા આવે તો વિદ્યાર્થીઓ રસપ્રદ રીતે વાર્તા કહી શકશે.
2. જો વિદ્યાર્થીઓને વાર્તા પ્રત્યેની ગેરસમજ દૂર કરવામાં આવે તો વિદ્યાર્થીઓ રસપ્રદ રીતે વાર્તા કહી શકશે.

3. જો વિદ્યાર્થીઓને વાર્તાના ચિત્રો દેખાડી વાર્તા કહેવામાં આવે તો વિદ્યાર્થીઓ રસપ્રદ રીતે વાર્તા કહી શકશે.
4. જો વિદ્યાર્થીઓને વાર્તાનું નાટકમાં રૂપાંતર કરતા શીખવવામાં આવે તો વિદ્યાર્થીઓ રસપ્રદ રીતે વાર્તા કહી શકશે.
5. જો વિદ્યાર્થીઓને વર્ગમાં અને ઘરે વાર્તા સંભળાવવામાં આવે તો વિદ્યાર્થીઓ રસપ્રદ રીતે વાર્તા કહી શકશે.
6. જો શાળામાં પ્રાર્થનાસભામાં વાર્તાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવે તો વિદ્યાર્થીઓ રસપ્રદ રીતે વાર્તા કહી શકશે.

**5.પ્રયોગકાર્યની રૂપરેખા** : વિદ્યાર્થીઓને વાર્તાનાં પુસ્તકો આપી સાથે તેમને સમજૂતી પણ આપી. વર્ગખંડમાં વિવિધ વાર્તાઓ સંભળાવી. વિરામચિહ્નો નો યોગ્ય આરોહ અવરોહ સાથે ઉપયોગ કરવો તેનુ યોગ્ય માર્ગદર્શન પણ આપ્યું. વિદ્યાર્થીઓ પાસે વિવિધ ચિત્રો એકઠા કરાવી, તે ચિત્રો નુ વાર્તામાં વર્ણન કરતા શીખવ્યું. વિદ્યાર્થીઓ પાસે વિવિધ વાર્તાનું નાટક કરાવીને વાર્તા રસપ્રદ કરાવી. વિદ્યાર્થીઓને વાર્તા પ્રત્યે રૂચી જગાડી.

**6.માહિતીનું વિશ્લેષણ** :વર્ગમા વિદ્યાર્થીઓને પ્રશ્નોતરી કરી તથા શિક્ષક દ્વારા અવલોકન કરી માહિતીનું વિશ્લેષણ કરવામા આવ્યુ.

7**. તારણો** :

1. ૭૦ % વિદ્યાર્થીઓ વાર્તાનો બોધ ગ્રહણ કરતા થયા.
2. ૨૦ % વિદ્યાર્થીઓ વાર્તાનો સંગ્રહ કરતા થયા.
3. ૧૦ % વિદ્યાર્થીઓ ચિત્રવાર્તા બનાવતા થયા.
4. વિદ્યાર્થીઓ વાર્તાનું મહ્ત્વ સમજતા થયા.

**સારાંશ તૈયાર કરનાર :** જોષી પૂજાબેન એચ. હેડ ટીચર , શ્રી બ્રાંચ શાળા .4,સાવરકુંડ્લા

**સારાંશ ક્રમાંક** : 26

**થીમ/વિષય :** સામાજિક વિજ્ઞાન

**સ્તર** : પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક** : 13મી થી 16મી સદીનાં શાસકોનાં નામ યાદ રાખવામાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ અને ઉપચાર

**સંશોધકનું નામ :** સાવલિયા કમલેશકુમાર મનસુખલાલ

**સંસ્થાનું સરનામું :** સી.આર.સી. કો.ઓ. – એસ.એન.દામાણી, તા. ધારી જિ. અમરેલી

**સંશોધન વર્ષ :** ૨૦૨૩-૨૪

**સારાંશ :**

**1. ભૂમિકા** :

કુબડા પ્રાથમિક શાળાના ધો. 7 ના બાળકોને શાસકોનાં નામ યાદ રાખવામાં ક્યાં મુશ્કેલી છે તે જાણવા માટે તેમજ બાળકોને શાસકોનાં નામ યાદ રાખવામાં રસ લેતા કરવા માટે પ્રસ્તુત અભ્યાસ હાથ ધરાયેલ હતો.

**2. સમસ્યા ક્ષેત્ર :** પ્રસ્તુત સંશોધનનું સમસ્યા ક્ષેત્ર અમરેલી જિલ્લાના ધારી તાલુકાની કુબડા પ્રાથમિક શાળાના વર્ષ ૨૦૨૩-૨૪ના ધો.૭ના વિદ્યાર્થીઓ સુધી સીમીત હતું.

**3. સમસ્યાના સંભવિત કારણો :**

1. વિદ્યાર્થીઓને અગાઉનાં ધોરણમાં ઇતિહાસ વિશેનાં જ્ઞાનમાં કચાશ રહેલ હોય.
2. કોરોના કાળ દરમ્યાન સામાજીક વિજ્ઞાનનાં ઇતિહાસનાં એકમોમાં ઓનલાઇન શિક્ષણ દરમ્યાન વિદ્યાર્થીનાં રસ – રૂચિ જળવાયા ન હોય.
3. શિક્ષક દ્વારા ઐતિહાસિક પાત્રોની સમજૂતી આપવા માટે યોગ્ય શિક્ષણ પધ્ધતિનો ઉપયોગ ન થયેલ હોય.
4. વિદ્યાર્થીઓ દ્વારા અન્ય વિષયોની તુલનાએ ઇતિહાસ વિષયની અવગણના થતી હોય.
5. શિક્ષક દ્વારા પ્રોત્સાહનનો અભાવ હોય.

**4. ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

1. જો શિક્ષક દ્વારા ઐતિહાસિક પાત્રોની સમજૂતી આપવા માટે યોગ્ય શિક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવે તો વિદ્યાર્થીઓમાં સલ્તનતયુગનાં શાસકોનાં નામ યાદ રાખવા પ્રત્યેની રૂચિ વધારી શકાશે.

2. જો વિદ્યાર્થીઓનું પૂર્વજ્ઞાન તપાસી તેમાં અવરોધરૂપ મુદ્દાઓની સમજ આપવામાં આવે તો ઐતિહાસિક નામો પ્રત્યેનો અણગમો દૂર કરી શકાશે.
3. વિદ્યાર્થીઓને ઇતિહાસને લગતા પુસ્તકોનો ઉપયોગ કરવા પ્રેરવામાં આવે તો આ સમસ્યા હલ કરી શકાશે.
4. સલ્તનત યુગનાં શાસકોનાં નામ યાદ રાખવા રસ રુચિ વધારવા માટે જો ટેક્નોલોજીનાં ઉપયોગ સાથે સમજ આપવામાં આવે તો સુધારો લાવી શકાશે.
5. જો વિદ્યાર્થીઓને ઐતિહાસિક નામો સાથે સંકળાયેલ વિવિધ પ્રવૃતિઓ તથા ટી.એલ.એમ. દ્વારા શીખવવામાં આવે તો ઐતિહાસિક નામો પ્રત્યેનો અણગમો દૂર કરી શકાશે.

**5. પ્રયોગકાર્યનીરૂપરેખા :**

દરેક વિદ્યાર્થીની પુર્વ કસોટી લઇ તેની ભૂલો સમજાવવામાં આવી. સલ્તનતયુગનાં શાસકોનો પરિચય આપવામાં આવ્યો. સલ્તનતયુગનાં શાસકોને લગતા સંદર્ભ સાહિત્યની શોધ માટે વિદ્યાર્થીઓ શાળાની લાયબ્રેરીનો ઉપયોગ કરાવવામાં આવ્યો. સલ્તનતયુગનાં શાસકોનાં ચિત્રો દોરવા તેમજ તેમના દ્વારા થયેલ ઐતિહાસિક કામગીરીઓનું લેખન કરાવવામાં આવ્યું. દરેક વિદ્યાર્થીની પુન: કસોટી લઇ વિદ્યાર્થીઓએ કરેલ ભૂલો દુર કરવામાં આવી.

**6. માહિતીનું વિશ્લેષણ :**

પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ વચ્ચેના તફાવતના પ્રાપ્તાંકોની સરાસરીના આધારે માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું.

**7. તારણો :**

1. વિદ્યાર્થીઓને YOUTUBE અને G-SHALA જેવા ટેકનોલોજીના માધ્યમોથી શાસકોનો પરિચય કરાવવામાં આવતા તેઓના આત્મવિશ્વાસમાં વધારો કરી શકાયો હતો.
2. વિદ્યાર્થીઓને નવી પ્રવૃત્તિઓ-ટેક્નોલોજીનો ઉપયોગ કરી ભણાવવાથી તેઓનો સલ્તનતયુગનાં ઐતિહાસિક શાસકોના નામો યાદ રાખવા પ્રત્યેનો અણગમો દૂર કરી શકાયો હતો.
3. લાયબ્રેરીના ઉપયોગથી વિદ્યાર્થીઓમાં સલ્તનતયુગનાં શાસકો વિશે પાયાના ખ્યાલો અને સંકલ્પના સ્પષ્ટ થઇ હતી.
4. વિદ્યાર્થીઓને ચિત્ર દોરવા જેવી પ્રવૃત્તિ કરાવવાથી સલ્તનતયુગનાં ઐતિહાસિક શાસકોના નામથી તેઓ ઝડપથી પરિચિત થયા હતા.

**સારાંશ તૈયાર કરનાર :** લાલજીભાઇ બી. સિંધલ, મોંઘીબા કન્યાશાળા વડીયા. તા. કુંકાવાવ જિ.અમરેલી

**સારાંશ ક્રમાંક :** 28

**થીમ/વિષય :** ભાષા (સંસ્કૃત)

**સ્તર :** પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક :** ધોરણ ૮નાં વિદ્યાર્થીઓને સંસ્કૃત શબ્દ ઉચ્ચારણમાં થતી ભૂલોનું નિદાન ઉપચાર.

**સંશોધકનું નામ** : રવિ સેગલીયા

**સંસ્થાનું સરનામું :** ખાંભા કુમારશાળા તા. ધારી જિ. અમરેલી

**સંશોધન વર્ષ** : ૨૦૨૩-૨૪

**સારાંશ :**

**1. ભૂમિકા :**

ધોરણ 8ના વિધાર્થીઓ સંસ્કૃત શબ્દ ઉચ્ચારણમાં ખૂબ ભૂલો કરતા હતા. આ સમસ્યાનું નિદાન કરી - ઉપચાર કરવા માટે આ સંશોધન હાથ ધર્યું છે.

**2. સમસ્યા ક્ષેત્ર :** પ્રસ્તુત સંશોધનનું સમસ્યા ક્ષેત્ર અમરેલી જીલ્લાના ખાંભા તાલુકાની ખાંભા કુમાર શાળાનાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં અભ્યાસ કરતા ધોરણ 8નાં વિદ્યાર્થીઓ સુધી સીમીત હતું.

**3. સમસ્યાના સંભવિત કારણો :**

1. વિધાર્થીઓ સંસ્કૃત ભાષાની પાયાની બાબતોથી અજાણ હોય.
2. વિધાથીઓ લોઅર પ્રાઈમરી લેવલે આ ભાષા ભણ્યા ન હોય.
3. વિધાર્થીઓ વૈશ્વિક મહામારી (કોરોના)ના લીધે શિક્ષણથી વંચિત રહ્યા હોય.
4. વિધાર્થીઓમાં સંસ્કૃત શબ્દોમાં વાંચન મહાવરાની કચાશ હોય.
5. વિધાર્થીઓ સંસ્કૃત ભાષા પ્રત્યે અરુચી ધરાવતા હોય.
6. શિક્ષકે આપેલ ગૃહકાર્યને વિધાર્થીઓ યોગ્ય રીતે પૂર્ણ કરતા ન હોય.
7. વિધાર્થીઓ મૌખિક સંસ્કૃત બોલવાનો મહાવરો નહિ કરતા હોય.

**4. ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

1. વિધાર્થીઓને સંસ્કૃત ભાષાની પાયાની બાબતો શીખવી ઉચ્ચારણ સુધારી શકાશે.
2. લોઅર લેવલે સંસ્કૃત ભાષાના શિક્ષણ માટે શ્લોક બોલાવવાથી ઉચ્ચારણ સુધારી શકાશે.
3. વિધાર્થીઓની શૈક્ષણીક જરૂરિયાત પૂર્ણ કરવા વધુ સમય આપી શીખવી શકાશે.
4. સંસ્કૃત વાંચનનો વધારે મહાવરો કરી વાંચનની સમસ્યા દુર કરી શકાશે.
5. વિધાર્થીઓને વાંચનમાં અરુચી હોય તો તેમને રસપડે તેવી પ્રવૃત્તિઓ કરાવી ભાષા પ્રત્યે અભિમુખ કરી શકાશે.
6. વિધાર્થીઓને ગૃહકાર્ય પૂર્ણ કરતા ન હોય તો તેમને સમજાવી તેમના વાલી સાથે ચર્ચા કરી ગૃહકાર્ય સમયસર કરતા થાય તેમ કરી શકાશે.

**5. પ્રયોગકાર્યનીરૂપરેખા :**

દરેક વિદ્યાર્થીની પુર્વ કસોટી લઇ તેની ભૂલો સમજાવવામાં આવી. વર્ગખંડમાં પ્રોજેક્ટર દ્વારા શિક્ષણ કાર્ય કરાવવામાં આવ્યું અને વિધાર્થીના વાચન કાર્યનું અવલોકન કર્યું. શુક ,ગજ ,આત્મશ્રદ્ધાયા, સ્વયમ જ્યોતિ, અંતઃ વગેરે જેવા વિસર્ગ વાળાશબ્દોનો વાંચન મહાવરો કરાવ્યો. શુદ્ધ ઉચ્ચારણ માટે વિધાર્થીને મળતી સફળતાનું અવલોકન કરી દ્રઢીકરણ કરાવ્યું. પોસ્ટ ટેસ્ટ દ્વારા ચકાસણી કરી POST TEST ના જવાબોની વર્ગખંડમાં ચર્ચા કરી.

**6. માહિતીનું વિશ્લેષણ :**

પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ વચ્ચેના તફાવતના પ્રાપ્તાંકોની સરાસરીના આધારે માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું.

**7. તારણો :**

1. વિવિધ પદ્ધતી-પ્રયુક્તિને લીધે વિદ્યાર્થી આ વિષયમાં રસ લેતા થયા.
2. વિદ્યાર્થીઓ સરખા ઉચ્ચારવાળા શબ્દો વચ્ચેનો ભેદ, સમાનાર્થી, વિરુધાર્થી, વિવિધ કાળના શબ્દો વગેરેને સુપેરે ઓળખાતા થયા.
3. પ્રત્યક્ષ અનુભવથી શૈક્ષણિક પ્રગતિ સાધી શકાઈ હતી.
4. કોઈ કલા કે રમત સાથે વિષયનો અનુબંધ જોડી દેવામાં આવતા વિદ્યાર્થીઓ સરળતાથી શીખી શકયા હતા.
5. પ્રોત્સાહક ઇનામ આપવાથી પણ વિદ્યાર્થીઓમાં તંદુરસ્ત સ્પર્ધા દ્વારા સુધારો જોવા મળ્યો હતો.
6. વિદ્યાર્થીઓના અંગ્રેજી વિષયનાં શૈક્ષણિક કાર્યમાં સરેરાશ ૭% જેટલો સુધારો જોવા મળ્યો હતો.

**સારાંશ તૈયાર કરનાર :** લાલજીભાઇ બી. સિંધલ, મોંધીબા કન્યાશાળા વડીયા. તા. કુંકાવાવ જિ.અમરેલી

**સારાંશ ક્રમાંક :** 29

**થીમ/વિષય :** ભાષા

**સ્તર :** પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક :** ધોરણ 5 થી 8ના વિદ્યાર્થીઓને વિરામચિહ્નના ઉપયોગમાં પડતી મુશ્કેલીઓનું નિદાન અને ઉપચાર

**સંશોધકનું નામ :** કટકિયા વિપુલકુમાર વી.

**સંસ્થાનું સરનામું :** ખીજડીયા પ્રા. શાળા તા. બગસરા જિ. અમરેલી

**સંશોધન વર્ષ :** ૨૦૨૩-૨૪

**સારાંશ :**

1. **ભૂમિકા :**

સંશોધક દ્વારા ધોરણ 5 થી 8 ના વિદ્યાર્થીઓ પર આ સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં વિરામચિહ્નોના ઉપયોગમાં પડતી મુશ્કેલીઓનું નિદાન અને ઉપચાર કરવામાં આવ્યું હતું.

2. **સંશોધનનું સમસ્યા ક્ષેત્ર:** અમરેલી જિલ્લાના બગસરા તાલુકાની ખીજડીયા પ્રા. શાળાનાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં અભ્યાસ કરતા 5 થી 8ના વિદ્યાર્થીઓ સુધી સીમીત હતું.

3. **સમસ્યાના સંભવિત કારણો :**
   1. વિદ્યાર્થીઓને સ્પષ્ટ વાંચતા આવડતું ન હોવાથી તેઓના લેખનમાં ભુલો થતી હશે.
   2. વિદ્યાર્થીઓને લેખન ગમતું ન હોવાને કારણે તેઓના લેખનમાં ભુલો થતી હશે.
   3. વિદ્યાર્થીઓના ઘરે કોઈ લેખન બાબતે ધ્યાન આપતું ન હોવાના કારણે લેખનમાં ભુલો થતી હશે.
   4. વિદ્યાર્થીઓ વિરામચિહ્નોના લેખન પ્રત્યે માહિતગાર ન હોવાથી લેખનમાં ભુલો થતી હશે.
   5. સ્કૂલની લાઇબ્રેરીના પુસ્તકોનો ઉપયોગ ન કરતા હોવાથી લેખનમાં ભુલો થતી હશે.
   6. વિદ્યાર્થીઓને ક્લાસમાં સુલેખન કે શ્રુતલેખનનો મહાવરો ન હોવાથી લેખનમાં ભુલો થતી હશે.
   7. વિદ્યાર્થીઓ મિત્રો સાથે સંવાદ, વાર્તાલાપ ન કરતા હોવાને કારણે લેખનમાં ભુલો થતી હશે.
   8. વિદ્યાર્થીઓ નમુનારુપ સુલેખન કાર્યથી માહિતગાર ન હોય.

**4. ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

1. જો વિદ્યાર્થીઓને નાના પેરેગ્રાફ દ્વારા અનુલેખન કરાવવામા આવે અને ભુલો વિષે માહિતગાર કરવામા આવે તો વિદ્યાર્થીઓના લેખનમાં ભુલો ઘટાડી શકાશે.
2. વિદ્યાર્થીઓને રોજ એક પેરેગ્રાફનું લેખન કાર્ય કરાવવાથી લેખનમાં થતી ભુલો ઘટાડી શકાશે.

**5. પ્રયોગકાર્યની રૂપરેખા :**

પ્રથમ દિવસ: પ્રિ-ટેસ્ટ (પેરેગ્રાફનું શ્રુતલેખન)

બીજો દિવસ: શિક્ષક દ્વારા પેરેગ્રાફ લેખનનું ઉદાહરણ પુરું પાડવું.

ત્રીજો દિવસ: શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને વિરામચિહ્નોના ઉપયોગ વિશે મહિતગાર કરવા.

ચોથો દિવસ: શિક્ષક દ્વારા પેરેગ્રાફ લેખન કરાવવું.

પાંચમો દિવસ: શિક્ષક દ્વારા પેરેગ્રાફમાં થયેલ ક્ષતિઓ દુર કરાવવી.

છઠ્ઠો દિવસ: શિક્ષક દ્વારા બીજી વાર પેરેગ્રાફ લેખન કરાવવું.

સાતમો દિવસ: પોસ્ટ-ટેસ્ટ (પેરેગ્રાફ લેખન)

**6. માહિતીનું વિશ્લેષણ :**

પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ વચ્ચેના તફાવતના પ્રાપ્તાંકોની સરાસરીના આધારે માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું.

**7. તારણો :**

1. વિદ્યાર્થીઓ સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિનો ઉપયોગ સારી રીતે કરતા શીખ્યા હતા.
2. લેખન શુદ્ધિ, ચોખ્ખાઈ તેમજ વિરામ ચિહ્નો સાથે લખતા શીખ્યા હતા.
3. વિદ્યાર્થીઓ લેખન દ્વારા પોતાના વિચારો અભિવ્યક્ત કરતા શીખ્યા હતા.
4. વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ જોવા મળ્યો હતો.
5. વિદ્યાર્થીઓના અભિવ્યક્તિ અને અર્થગ્રહણ કૌશલ્યમાં સુધારાત્મક પરિવર્તન થયું હતું.

**સારાંશ તૈયાર કરનાર :** લાલજીભાઇ બી. સિંધલ, મોંઘીબા કન્યાશાળા વડીયા. તા. કુંકાવાવ જિ.અમરેલી

**સારાંશ ક્રમાંક :** 30

**થીમ/વિષય :** સામાજિક વિજ્ઞાન

**સ્તર :** ઉચ્ચ પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક :** ધો.૬ થી ૮ના કેટલાક બાળકો શીખવામાં એકદમ ધીમા છે.

**સંશોધકનું નામ :** મકવાણા રસિકકુમાર આર.

**સંસ્થાનું સરનામું :** સી.આર.સી. દલખાણીયા તા.ધારી, જિલ્લો અમરેલી

**સંશોધન વર્ષ :** ૨૦૨૩-૨૪

**સારાંશ :**

1. **ભૂમિકા :** શ્રી દલખાણીયા પ્રાથમિક શાળા, તા.ધારી, જિલ્લો અમરેલીના ધોરણ – ૬ થી ૮ના કેટલાક બાળકો શીખવામાં એકદમ ધીમા છે.

2. **સમસ્યા ક્ષેત્ર :** સંશોધનનું સમસ્યા ક્ષેત્ર અમરેલી જીલ્લાના ધારી તાલુકાની દલખાણીયા પ્રા. શાળાનાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં અભ્યાસ કરતા ધોરણ – ૬ થી ૮ના વિદ્યાર્થીઓ સુધી સીમીત હતું.

3. **સમસ્યાના સંભવિત કારણો :**

    1. સામાજિકવિજ્ઞાનપ્રત્યેનું નબળું મનોબળ.
    2. મહાવરાનો અભાવ.
    3. રાજયોના નામ વધારે હોવાથી સળંગ યાદ રાખવામાં મુશ્કેલી.
    4. યાદ રાખવામાં વિધાર્થીની અરુચિ.
    5. નકશામાં વિધાર્થીઓ ધ્યાન આપતા ન હોય.
    6. નકશાની માહિતી ખુબ જ નાના કદના અક્ષરોમાં હોય.
    7. વિધાર્થીને નકશા વાંચનમાં મહાવરાનો અભાવ.

**4. પ્રયોગકાર્યનીરૂપરેખા :**

વિધાર્થીઓંની લેખિત અભિરુચિ અને ક્ષમતા તપાસવા માટે કુલ ૪૦ બાળકોની પ્રિ- ટેસ્ટ લેવામાં આવી. પ્રિ – ટેસ્ટ લીધા બાદ સમસ્યાના કારણો અને પરીણામ તપસ્યા બાદ ગમ્મત સાથે જ્ઞાન સહિતનો શૈક્ષણિક કાર્યક્રમ હાથ ધરાયો. કાર્યક્રમના અમલીકરણ બાદ પોસ્ટ ટેસ્ટ દ્વારા ઉપચારાત્મક કાર્યની અસરકારકતા ચકાસવામાં આવી.

**5. માહિતીનું વિશ્લેષણ :**

પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ વચ્ચેના તફાવતના પ્રાપ્તાંકોની સરાસરીના આધારે માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું.

**6. તારણો :**

I. ૮૦% કરતા વધુ વિધાર્થીઓ રાજયોના નામ યાદ રાખતા થયા.
II. ૮૫% થી વધુ બાળકોને ભારતના રાજયોના નામ યાદ રાખવાની પ્રેરણા મળી.
III. વિધાર્થીઓના ભૂગોળ વિષયના શિક્ષણમાં આત્મવિશ્વાસનું સિંચન થયું.

**સારાંશ તૈયાર કરનાર :** લાલજીભાઇ બી. સિંધલ, મોંઘીબા કન્યાશાળા વડીયા. તા. કુંકાવાવ જિ.અમરેલી

**સારાંશ ક્રમાંક :** 31

**થીમ/વિષય :** ભાષા શિક્ષણ

**સ્તર :** પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક :** વિદ્યાર્થીઓની કુહુ (ગુજરાતી)મા નિરસતા દૂર કરવાનું નિદાન અને ઉપચાર

**સંશોધકનું નામ :** કસવાલા વરૂણભાઈ મનુભાઈ (સી.આર.સી. કો.ઓર્ડીનેટર)

**સંસ્થાનું સરનામું :** સી.આર.સી. દેવળા

**સંશોધન વર્ષ :** ૨૦૨૩-૨૪

**સારાંશ :**

**1. ભૂમિકા :**

પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન ધોરણ 4 ના વિદ્યાર્થીઓને કુહુ (ગુજરાતી)નાં વિષયમાં જોવા મળતી નિરસતાને સમજવા તેમજ તેનું નિદાન અને ઉપચાર કરવા માટે હાથ ધરવામાં આવ્યું હતું.

**2. સમસ્યા ક્ષેત્ર :**

સમસ્યા ક્ષેત્ર અમરેલી જિલ્લાના ધારી તાલુકાની શ્રી નાગધ્રા પ્રાથમિક શાળાના વર્ષ ૨૦૨૩-૨૪ના ધો.4ના વિદ્યાર્થીઓ સુધી સિમિતત હતું.

**3. સમસ્યાના સંભવિત કારણો :**

1. વિદ્યાર્થીઓમાં વિચારશીલતાનો અભાવ.
2. વિદ્યાર્થીઓને ગુજરાતી વિશે સ્થાનિક ભાષામાં સમજનો અભાવ.
3. વિદ્યાર્થીઓને પ્રશ્નોત્તરીમાં નિરસતા અને ગાણિતિક ક્રિયામાં નિરરસતા.
4. શિક્ષક દ્વારા પ્રોત્સાહનનો અભાવ.
5. વિષયના એકમના પુનરાવર્તન માટે સમયનો અભાવ.
6. શિક્ષક દ્વારા યોગ્ય પદ્ધતિનો અભાવ.
7. શાળામાં ગુજરાતીને લગતા શૈક્ષણિક સાધનોનો અભાવ.
8. વિદ્યાર્થીઓને ગુજરાતીને લગતી પ્રવૃત્તિઓ ગમતી નથી.
9. વિદ્યાર્થીઓને ગુજરાતીનું લાંબુ લચક લખાણ ગમતું નથી.

**4. ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

1. જો શિક્ષક નિરસતા ધરાવતા વિદ્યાર્થીઓનું અલગ જૂથ બનાવે અને તેમને ગુજરાતી વિષયમાં પાયાનું શિક્ષણ આપે તો ઈતર વાંચન વધારી શકાશે.
2. જો વિદ્યાર્થીઓનું પૂર્વજ્ઞાન ચકાસીને તેમને રસ હોય તેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે તો તેમનો ગુજરાતી પ્રત્યેનો અણગમો દુર કરી શકાશે.
3. વિદ્યાર્થીઓને વિવિધ વાર્તાના પુસ્તકોનો ઉપયોગ કરવા પ્રેરવામાં આવે તો આ સમસ્યાનો હલ થઇ શકશે.
4. વિદ્યાર્થીઓને જે પ્રવૃત્તિઓમાં રસ રૂચી હોય તેવા વિષયની પ્રશ્નોત્તરી તૈયાર કરી બાળકોને પ્રશ્નોત્તરી કરતા કરી તેમને રસ દાખવતા કરી શકાશે.
5. વિદ્યાર્થીઓને જાણવા જેવું કે તેમને ગમતી પ્રવૃત્તિ જેમ કે ક્વીઝ સ્પર્ધાના આયોજન દ્વારા તેમનામાં રૂચી ઉત્તપન્ન કરી શકાશે.

**5. પ્રયોગકાર્યનીરૂપરેખા :** પ્રથમ દિવસે પ્રિ ટેસ્ટ લઇ અવલોકન વડે તેમને રસ દાખવતા કરાયા. બીજા દિવસે વર્ગખંડ શિક્ષણકાર્ય દ્વારા અવલોકન વડે અલગ અલગ ચાર્ટ દ્વારા સમજુતી અપાઈ. ચોથા દિવસે શૈક્ષણીક પ્રવૃત્તિ દ્વારા અવલોકન વડે સંદર્ભ સાહિત્યમાંથી લેખન કરાવવામાં આવ્યું. પાંચમાં દિવસે વિદ્યાર્થીઓને તેમેને ગમતી પ્રવૃતિઓ દ્વારા સમજ આપવામાં આવી. છેલ્લા દિવસે પોસ્ટ ટેસ્ટ દ્વારા અવલોકન વડે દરેક વિદ્યાર્થીઓની ગુજરાતી વિષયમાં રસ રૂચી તપાસવામાં આવી.

**6. માહિતીનું વિશ્લેષણ :** માહિતીનું વિશ્લેષણ પ્રિ ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટનાં પરિણામની ટકાવારીના તફાવતને આધારે કરવામાં આવ્યું.

**7. તારણો :**

1. વિદ્યાર્થીઓને નવી પ્રવૃતિઓ અને સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કરીને ભણાવવાથી તેઓનો ગુજરાતી વિષય પ્રત્યેનો અણગમો દુર કરી શકાયા.
2. વિદ્યાર્થીઓને ગુજરાતી વિષયમાં ગુજરાતીને લગતા અન્ય સાહિત્યનુ ઊંડાણપૂર્વકનું જ્ઞાન મેળવીને રૂચી લેતા કરી શકયા.
3. વિદ્યાર્થીઓનો પ્રશ્નોત્તરી પ્રત્યેનો અણગમો દુર કરવા જો વ્યવહારુ ઉકેલ લાવવામાં આવે તો તેમને રસ લેતા કરી શકાયા.

**સારાંશ તૈયાર કરનાર :** લાલજીભાઇ બી. સિંધલ, મોંઘીબા કન્યાશાળા વડીયા. તા. કુંકાવાવ જિ.અમરેલી

**સારાંશ ક્રમાંક** : 32

**થીમ/વિષય :** ગણિત

**સ્તર :** પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક :** ધોરણ ૬ થી ૮ વિદ્યાર્થીઓને ગાણિતિક સંજ્ઞાઓ ઓળખવામાં પડતી મુશ્કેલીઓનું નિરાકરણ

**સંશોધકનું નામ :** બોરીચા મધુભાઈ કે.

**સંસ્થાનું સરનામું :** કોટડાપીઠા પ્લોટ પ્રા.શાળા તા.બાબરા જિ: અમરેલી

**સંશોધન વર્ષ :** ૨૦૨૩-૨૪

**સારાંશ :**

1.**ભૂમિકા :** વર્ષ-૨૦૨૧ માં કોટડા પીઠા પ્લોટ પ્રાથમિક શાળમાં એન.સી.ઈ.આર.ટી.નાં અભ્યાસક્રમને અનુરૂપ ગણિત પુસ્તક આપવામાં આવેલ છે. જેનો ઉપયોગ ૬ થી ૮ નાં ગણિત શિક્ષણ માટે કરવામાં છે. પરંતુ વિવિધ અભ્યાસ પરથી જોવા મળ્યું કે ધોરણ- ૬ થી ૮ નાં વિદ્યાર્થીઓ એન.સી.ઈ.આર.ટી.નું પુસ્તક ગણિતમાં સંજ્ઞાઓને ઓળખ અને ઉપયોગ કરવામાં ભૂલ કરે છે. આ સમસ્યાના નિવારણ માટે પ્રયોજક દ્વાર પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધન હાથ ધરવામાં આવેલ હતું.

**2.સમસ્યા ક્ષેત્ર :** અમરેલી જિલ્લાની બાબરા તાલુકાની કોટડાપીઠા પ્લોટ પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ માં અભ્યાસ કરતા ૧૫ વિદ્યાર્થીઓનો સમસ્યા ક્ષેત્રમાં સમાવેશ કરવામાં આવેલ હતો.

**3. સમસ્યાના સંભવિત કારણો :** શિક્ષક શ્રી દ્વારા એન.સી.ઈ.આર.ટી. ગણિત પુસ્તકનોપૂર્ણ પરિચય કરાવવામાં આવ્યો ન હોય.વિદ્યાર્થીઓ ગણિત વિષય માં રસ ધરાવતા ન હોય.

પ્રાયોગિક કાર્યમાં ગણિત પુસ્તકમાં આવતી સંજ્ઞાઓ નો ઉપયોગ કરવામાં આવતો ન હોય.

**4. ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

1. શિક્ષકશ્રીએ ગણિત પુસ્તકનો પરિચય કરાવે તો વિધાર્થીઓ ગાણિતિક સંજ્ઞાઓ ઓળખતા થશે..
2. વિદ્યાર્થીઓ ગણિત વિષયમાં રસ ધરાવતા થશે.
3. પ્રાયોગિક કાર્યમાં ગણિત પુસ્તકમાં ગાણિતિક સંજ્ઞાઓનો ઉપયોગ કરાવતા થશે.

**5. પ્રયોગકાર્યનીરૂપરેખા :** પ્રસ્તુત સંશોધનમાં સૌપ્રથમ ધોરણ-૬ થી ૮નાં વિદ્યાર્થીઓની પ્રિ-ટેસ્ટ લેવામાં આવી હતી, જેમાં ગણિતમાં આવતી ગાણિતિક સંજ્ઞાઓ વિવિધ ચિત્ર આપેલ હતા. દરેક ચિત્રની નીચે તેનું નામ લખવાનું હતું. આ પ્રિ-ટેસ્ટમાં કુલ ૨૦ ગાણિતિક સંજ્ઞાઓ ઓળખ કરવાની હતી. વિદ્યાર્થીઓએ આપેલા

જવાબો માંથી દરેક ગાણિતિક સંજ્ઞાઓ માટે સાચા જવાબ અને ખોટા જવાબોમાં વર્ગીકરણ કરવામાં આવ્યું હતું. તથા દરેક જવાબોની ટકાવારી નોંધવામાં આવી હતી. ગાણિતિક સંજ્ઞાઓ અંગે પણ દરેક જવાબનું મૂલ્યાંકન કરીને સાચા જવાબ અને ખોટા જવાબોમાં વર્ગીકરણ કરવામાં આવ્યું હતું. તથા દરેક સાચા જવાબ અને ખોટા જવાબોની ટકાવારી નોંધવામાં આવી હતી.

ગાણિતિક સંજ્ઞાઓ અંગેની સમસ્યાના નિદાનકાર્ય તરીકે એન.સી.ઈ.આર.ટીનું ગણિત પુસ્તક પરિચય કરાવવામાં આવ્યો. પુસ્તકમાં રહેલ સંજ્ઞાઓની માહિતી આપવામાં આવી. દરેક વિદ્યાર્થીને ગાણિતિક સંજ્ઞાઓનું વિવરણ કરાવીને ઓળખ કરાવવામાં આવી હતી.

**6. માહિતીનું વિશ્લેષણ** : માહિતીનું વિશ્લેષણ પ્રિટેસ્ટ અને પોસ્ટમાં મેળવેલ ગુણની ટકાવારીનાં આધારે કરવામાં આવ્યું હતું.

**7. તારણો :** સમગ્ર સંશોધન પ્રક્રિયા પરથી નીચે મુજબના તારણો પ્રાપ્ત થયા હતાં.

1. એકંદર કરતાં ૨૬.૪% નો પ્રોગ્રેસ જોવા મળ્યો.
2. શાળામાં એન.સી.ઈ.આર.ટી. ગણિત પુસ્તક ઉપલબ્ધ હોવા છતાં ઓછા પ્રમાણમાં વિધાર્થીઓ ગાણિતિક સંજ્ઞાની નામથી પરિચિત હતાં.
3. ગાણિતિક સંજ્ઞાની ઓળખ બાબતે વિધાર્થીઓમાં નિરસતા હતી.
4. એન.સી.ઈ.આર.ટીના ગણિત પુસ્તકમાં ગાણિતિક સંજ્ઞાઓનું પ્રત્યક્ષ નિદર્શન કરાવતા વિધાર્થીઓ સંજ્ઞાની ઓળખ અંગેની સિદ્ધિમાં વધારો થયો હતો.
5. ગાણિતિક સંજ્ઞાની પરિચય મળવાથી તેનો ઉપયોગ કરવામાં વિધાર્થીઓમાં ઉત્સાહ વધ્યો હતો.

વિધાર્થીઓ એન.સી.ઈ.આર.ટી. ગાણિતિક સંજ્ઞાનો યોગ્ય ઉપયોગ કરતાં શીખી શકયા હતાં

**સારાંશ તૈયાર કરનાર** : બોરીચા મધુભાઈ કે. કોટડાપીઠા પ્લોટ પ્રા.શાળા તા.બાબરા જિ: અમરેલી.

**સારાંશ ક્રમાંક** : ૩૩

**થીમ/વિષય :** સામાજિક વિજ્ઞાન

**સ્તર** : પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક :** વિદ્યાર્થીઓને વર્ગખંડમાં એકાગ્રતા વધારવાના ઉપાયો અને ઉપચાર

**સંશોધકનું નામ** : બાવીશી હીતેશકુમાર અમૃતલાલ

**સંસ્થાનું સરનામું :** શ્રીમાયાપાદર પ્રાથમિક શાળા તાલુકો: કુંકાવાવ , જિલ્લો : અમરેલી

**સંશોધન વર્ષ :** ૨૦૨૩-૨૪

**સારાંશ :**

**1.ભૂમિકા :** પ્રાથમિક શિક્ષણક્ષેત્રે ગુજરાતે છેલ્લા દસકામાં ગતિશીલતાનો અનુભવ કર્યો છે. આ માટે જી.સી.ઈ.આર.ટી.ગાંધીનગર અને સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા અભિનવ પ્રયોગો અને કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે.આ માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, શિક્ષકો, આચાર્યો, સી.આર.સી.કો-ઓર્ડીનેટર, બી.આર.સી.કો-ઓર્ડીનેટર, કેળવણી નિરીક્ષક વગેરે મહાનુભાવોનું મહત્વનું યોગદાન રહ્યું છે.આ માટે સરકાર તરફથી પણ ઉચ્ચતમ ક્ષમતા ધરાવતા શિક્ષકોની નિયુક્તિ,ક્ષમતા કે અભિગમોનો અમલ, ક્ષમતા કેન્દ્રી, આનંદી અને પ્રવૃત્તિલક્ષી પાઠ્યપુસ્તકોનો અમલ વગેરે અનેકવિધ યોજનાઓ સહાયમાં રહી છે.

**2.સમસ્યા ક્ષેત્ર :** શ્રી માયાપાદર પ્રાથમિક શાળા ધોરણ 5 નાં વિદ્યાર્થીઓ**.**

**3.સમસ્યાના સંભવિત કારણો :**

1. વિદ્યાર્થીઓને વર્ગખંડમાં દ્રશ્ય શ્રાવ્ય સાધનોનો ઉપયોગનો અભાવ
2. વિદ્યાર્થીઓને વર્ગખંડમાં પ્રવૃતિમય વાતાવરણનો અભાવ
3. વિદ્યાર્થીઓને પ્રવૃતિમાં સામેલગીરીમાં નિરસતા
4. વિદ્યાર્થીઓને ઈતર વાંચન દ્વારા એકમની સમજ આપવામાં આવતી ન હોય
5. વર્ગખંડમાં પૂરતી પૂર્વતૈયારી વગર અને બાળકના માનસના અનુભવ વગર શિક્ષણકાર્ય કરવવામાં આવતું હોય

**4.ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

1. જો શિક્ષક વિદ્યાર્થીઓને દ્રશ્ય શ્રાવ્ય સાધનો દ્વારા શિક્ષણ આપે તો વિદ્યાર્થીઓને વર્ગખંડ માં એકાગ્રતા વધારી અને જ્ઞાનમાં વધારો કરી શકાશે.
2. જો વિદ્યાર્થીઓને પ્રવૃત્તિમય શિક્ષણ અને વર્ગખંડમાં નાવીન્ય પ્રવૃતિ કરવામાં આવે તો વર્ગખંડમાં રુચિ વધારી શકાશે.
3. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપ ઈનામ અથવા ભેટ આપવામાં આવે તો આ સમસ્યા હલ થઈ શકશે..
4. વર્ગખંડમાં રસરૂચિ વધારવા માટે " યુ ટ્યુબ " જેવી ચેનલનો ઉપયોગ કરીને બાળકોને વર્ગખંડમાં જોડી શકાશે.
5. જો વિદ્યાર્થીઓને વર્ગખંડમાં એકાગ્રતા વધારવા માટે ક્વિઝ અને પ્રશ્નોત્તરી જેવા કાર્યપદ્ધત્તિ અમલમાં લાવીને બાળકને વર્ગખંડમાં જોડી શકાશે.

6. જો વિદ્યાર્થીઓને ભાષાના વિષયમાં શબ્દકાર્ડ રમત અને મને ગમતો લેખ જેવી પ્રવૃત્તિ કરાવીને બાળકને રસ રૂચિ વધારી શકાશે.
7. જો વિદ્યાર્થીઓને ગાણિતિક વિષયના કારણે વર્ગખંડમાં નિરસતા જોવા મળતી હોય તો વિધ્યાર્થીઓને " પઝલ ગેમ " અને અંક ગણન પ્રવૃતિ મોબાઈલ કે લેપટોપમાં રમાંડીને નિરસતા દૂર કરી શકાશે.
8. શ્રી માયાપાદર પ્રા.શાળા, તા. કુંકાવાવ, જિ. અમરેલીના ધોરણ 5નાં વિદ્યાર્થીઓ માટે ઉપરની તમામ પ્રવૃત્તિઓ કરાવવાથી તેમની વર્ગખંડને લગતી નિરસતાઓનું નિદાન તથા ઉપચાર કરી શકાશે.

**5. પ્રયોગકાર્યની રૂપરેખા :**

પ્રથમ દિવસ પ્રિ ટેસ્ટ અવલોકન દરેક વિદ્યાર્થીની પુર્વ કસોટી લઇ તેની ભૂલો સમજાવવી બીજો દિવસે વિદ્યાર્થીઓને વર્ગખંડમાં દ્રશ્ય શ્રાવ્ય પદ્ધતિ થી શિક્ષણ કાર્ય કરી સમજાવવા .ત્રીજો દિવસ વર્ગખંડમાં પ્રવૃતિ કરી શિક્ષણ કાર્ય કરવું અને જૂથકાર્યમાં પ્રવૃતિકાર્ય કરાવવું ચોથો દિવસ વર્ગખંડમાં ઈતર પ્રવૃતિ તથા રમત ગમત દ્વારા શિક્ષણમાં જાગૃત થયા લેવા પ્રયત્ન કરવા.પાંચમો દિવસ વર્ગખંડમાં ગાણિતિક અને ભાષાના વિષયમાં બાળકને ક્વિઝ અને પ્રશ્નોત્તરી દ્વારા ખ્યાલ મેળવે છે. છઠ્ઠો દિવસ ટી.એલ.એમ.નો ઉપયોગ કરી વિષયવસ્તુની  સમજ આપવી. સાતમો દિવસ દરેક વિદ્યાર્થીની પુન: કસોટી લઇ તેની ભૂલો સમજાવવી

**6. માહિતીનું વિશ્લેષણ** : સફળતાની ટકાવારી અને નિષ્ફળતાની ટકાવારી આધારે

**7. તારણો :**

1. વિદ્યાર્થીઓને નવી પ્રવૃત્તિઓ ટેક્નોલોજીનો ઉપયોગ કરી ભણાવવાથી તેઓનો વર્ગખંડમાં અરુચિનો અણગમો દૂર થયો હતો.
2. વિદ્યાર્થીઓને દ્રશ્ય શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરી પાયાનું અને જરૂરી જ્ઞાન આપી ઊંડાણપૂર્વક સમજ આપવાથી વિદ્યાર્થીઓ વર્ગખંડમાં રસરૂચિ વધી હતી..
3. વિદ્યાર્થીઓએ વિવિધ પ્રવૃતિ અને રમતગમત દ્વારા જૂથમાં કાર્ય કરતાં હોવાથી વર્ગખંડમાં રસરૂચિ વધતી સ્પષ્ટ જણાય હતી.
4. વિદ્યાર્થીઓને ટેક્નોલોજીના માધ્યમથી વિવિધ ક્વિઝ અને પ્રશ્નોત્તરી ની રમત કરાવવાથી તેઓના આત્મવિશ્વાસનો વધારો થયો હતો.
5. વિદ્યાર્થીઓ પોતાના મિત્રો સાથે ગાણિતિક ક્વિઝ ની પ્રેક્ટિસ કરે છે તો તે પોતાના મિત્ર પાસેથી વધુ ઝડપી શીખી શક્યા હતા.
6. વિદ્યાર્થીઓને માટીના રમકડાં બનાવવાની પ્રવૃતિ દ્વારા રસ લેતા થયા હતા.

**સારાંશ તૈયાર કરનાર :** બોરીચા મધુભાઈ કે. કોટડાપીઠા પ્લોટ પ્રા.શાળા તા.બાબરા જિ: અમરેલી

**સારાંશ ક્રમાંક** : 34

**થીમ/વિષય :** ગણિત

**સ્તર** : પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક :** ધન અને ઋણ સંખ્યાઓની બેઝિક પ્રક્રિયામાં થતી મુશ્કેલી

**સંશોધકનું નામ** : બુઢ્ઢા રૂપલબેન જે.

**સંસ્થાનું સરનામું :** શ્રી માંડળ પે.સેન્ટર શાળા તાલુકો.- રાજુલા જિલ્લો:- અમરેલી

**સંશોધન વર્ષ :** ૨૦૨૩-૨૪

**સારાંશ :**

**1.ભૂમિકા** : શિક્ષણક્ષેત્રમાં ઉદભવતા પ્રશ્નોના ઉકેલ માટે ક્રિયાત્મક સંશોધન આવશ્યક છે ગણિતના સંખ્યાજ્ઞાનનું મહત્વ વિશેષ છે. તેમના સંખ્યાજ્ઞાનથી બાળક પોતાના વ્યવહારિક કાર્યોને સફળતાથી સમજી શકે છે સાથે સાથે બેઝિક ક્રિયાઓને સમજવામાં સરળતા રહે છે. આમ બાળકમાં જ્ઞાન સમજ કૌશલ્ય ચોકસાઈ જેવા હેતુઓ વિકસે છે .ગણિતના શિક્ષક તરીકે મારી જેમ ઘણા શિક્ષકોની વિદ્યાર્થીને ગણિતમાં ધન અને ઋણસંખ્યાના સરવાળા, બાદબાકી અને ગુણાકાર જેવી ક્રિયાઓમાં સમજવામાં તકલીફ પડેછે. મોટાભાગે ગુણાકારની ક્રિયાઓમાં આ તકલીફ વધુ અનુભવાય છે જે ક્રિયાત્મ કસંશોધન દ્વારા ઉકેલની દ્રષ્ટિ મળે છે અને આ માટે જ ક્રિયાત્મક સંશોધન એ દીવાદાંડી સમાન છે.

**2.સમસ્યા ક્ષેત્ર :** માંડળ પેસેન્ટર શાળાના ધોરણ 7 ના કેટલાક વિદ્યાર્થીઓ ધન અને ઋણ સંખ્યાની બેઝિક ક્રિયાઓમાં સમજવામાં મુશ્કેલીઓ અનુભવે છે આ સમસ્યા શાળાના દરેક વર્ગમાં જોવા મળે છે.

**3.સમસ્યાના સંભવિત કારણો :**

1. ધન અને ઋણ સંખ્યાને ઓળખવામાં મુશ્કેલી.
2. ક્રોસ પ્રક્રિયાને સમજવા મુશ્કેલી.
3. ઋણ + ધન = ઋણ ઋણ x ઋણ = ધન નિશાનીનો ઉપયોગ ન સમજવો
4. ધન અને ઋણ સંખ્યાઓમાં ભાગાકાર અને ગુણાકાર દરમિયાન જોવા મળતી વિવિધ ફેરફાર સમજવામાં તકલીફ .
5. સંખ્યાનો પુર્વજ્ઞાન ન હોવું.
6. વિદ્યાર્થીઓને ગણિત વિષયમાં રસ ન હોવો.
7. ગણિત વિષયનો ડર હોવો.
8. ગાણિતિક ક્રિયાઓમાં પોતાના જવાબ પર વિશ્વાસ ન હોવો.

**4.ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

1. જે વિદ્યાર્થીઓને ધોરણ પ્રમાણે અને અભ્યાસક્રમ પ્રમાણે સંખ્યાજ્ઞાન આપવામાં આવે તો સમસ્યા દૂર થઈ શકશે.
2. NCERT કીટનો ઉપયોગ કરી શિક્ષણ રસપ્રદ બનાવવામાં આવેતો વધુ અસરકાર કરી તે સમસ્યાનો ઉકેલ કરી શકશે.
3. ગણિત વિષયમાં બેઝિક પ્રક્રિયાઓમાં ઉપયોગ થતી નિશાનીનો ઉપયોગ વારંવાર કરવામાં આવે તો તે સમજવામાં સરળતા રહેશે
4. ધન અને ઋણ સંખ્યાના ઉદાહરણોને સતત અભ્યાસ/ દ્રઢીકરણ કરવામાં આવે તો સમસ્યા હલ થઈ શકેશે.

**5. પ્રયોગકાર્યની રૂપરેખા :** સૌ પ્રથમ બાળકોમાં સંખ્યાજ્ઞાનની કચાશ દૂર કરવાનો પ્રયત્ન કર્યા, ત્યારબાદ તેમાં કેટલી સમસ્યાઓ જોવા મળી. આ સમસ્યાના સંશોધન કરવા પ્રિટેસ્ટ ગોઠવવામાં આવી. જેમાં ધન અને ઋણ સંખ્યાઓની બેઝિક ક્રિયાઓ સાથે જોડાયેલ મુખ્ય સમસ્યા નીચે મુજબ જોવા મળી હતી; ફક્ત સંખ્યાજ્ઞાનથી બેઝિક ક્રિયાઓ સરળ બનતી નથી. પાઠ્યપુસ્તકના ઉદાહરણથી ક્રિયાઓ સમજી શકે પણ મૌખિક ગણતરી દરમિયાન ભૂલ પડે છે. ગણિતની ગાણિતિક ક્રિયાઓ કરવામાં રસ પડતો નથી. નિયમિત રૂપે દ્રઢીકરણ કરવામાં આવે તો. આ બધી સમસ્યાઓના ઉકેલ માટે અમે વિદ્યાર્થીઓના સહયોગ લઈ તમામ પ્રવૃત્તિ કે પ્રયોગ કરવામાં આવ્યું. અગાઉના વર્ષો દરમિયાન વિદ્યાર્થીઓની સમસ્યાઓને ધ્યાનમાં લઇ દરેક ધોરણમાં સંશોધનોને આધારે અભ્યાસ કરવાનું નક્કી કર્યું ધન અને ઋણસંખ્યાઓને ઓળખવા અને સમજવા G TEAM તાલીમ અંતર્ગત આપેલ મોડ્યુલનો ઉપયોગ કર્યા. આ વિષયને રસપ્રદ બનાવવા માટે સંખ્યા રેખાપર પ્રવૃત્તિ કરવામાં આવી ત્યાર પછી પોસ્ટ અને પ્રવૃત્તિનો આયોજન કરવામાં આવ્યું.

**6. માહિતીનું વિશ્લેષણ :** પ્રિટેસ્ટ અને પોસ્ટટેસ્ટનાં પરિણામો આધારે કરવામાં આવેલ

**7.તારણો :**

1. 70% વિદ્યાર્થીઓમાં ગાણિતિક સમસ્યા દૂર થઈ હતી..
2. 85% વિદ્યાર્થીઓનો સંખ્યા જ્ઞાનપરિચય વધુ દ્રઢ બન્યો હતો..
3. 20% વિદ્યાર્થીઓ સરળપદ્ધતિએ શીખી શક્યા હતા.
4. 80%વિદ્યાર્થીઓમાં ધન તથા ઋણસંખ્યાઓમાં કૌંસ દરમ્યાન અને કૌંસ દૂર કરતા તથા વિસંગતતા દૂર હતી.
5. ગાણિતિક સમસ્યાઓ દૂર થવાથી ગણિત વિષયમાં આત્મવિશ્વાસ વધ્યો હતો..

**સારાંશ તૈયાર કરનાર :** બોરીચા મધુભાઈ કે. કોટડાપીઠા પ્લોટ પ્રા.શાળા તા.બાબરા જિ: અમરેલી

**સારાંશ ક્રમાંક** 35

**થીમ/વિષય :** સામાજિક વિજ્ઞાન

**સ્તર** : પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક** : ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓમાં નકશાપૂર્તિ ક્ષમતાનો અભાવ

**સંશોધકનું નામ** : ખૂંટ ચંદ્રેશકુમાર પરશોતમભાઈ

**સંસ્થાનું સરનામું :** શ્રી ભક્તિનગર પ્રા. શાળા, તા.કુંકાવાવ , જી. અમરેલી.

**સંશોધન વર્ષ :** ૨૦૨૩-૨૪

**સારાંશ :**

**1.ભૂમિકા :** આજના આધુનિક યુગમાં શિક્ષણ એ સમાજનું અવિભાજ્ય અંગ બની ગયું છે. દિન પ્રતિદિન શિક્ષણની ગુણવતા સુધારવા અવનવી શિક્ષણ પધ્ધતિઓ અમલમાં મુકવામાં આવે છે. છતાં પણ શિક્ષણની ગુણવત્તામાં થોડી ઉણપ જોવા મળે છે તેની પાછળના ઘણા કારણો જવાબદાર છે. જેમકે વાલીઓમાં શિક્ષણ પ્રત્યેની જાગૃતતાનો અભાવ, સ્થાનિક પર્યાવરણ, સામાજિક, આર્થિક વગેરે પરિબળોને કારણે આપણે અવનવી પદ્ધતિઓ અમલમાં મૂકવા છતાં શક્ય એટલા સફળ થઇ શક્યા નથી. જેને કારણે શાળામાં કેટલાક વિદ્યાર્થીઓ અભ્યાસમાં એકદમ ધીમા છે. તેઓ દરરોજ શાળાએ આવે છે છતાં તેની પ્રગતિ ઓછી દેખાય છે. આ પ્રશ્નોનું કારણ શોધવામાં આવે અને શાળા તેમજ સામાજીક કક્ષાએ તેમનો અમલ કરવામાં આવે તો શીખવામાં ધીમા વિદ્યાર્થીઓને પણ પ્રગતિશીલ બનાવી શકાય છે.

તો આવો આપણે સૌ ભેગા મળી ક્રિયાત્મક સંશોધન દ્વારા બાળકોની સામાજિક પરિસ્થિતિમાં સુધારો કરી તેમને અભ્યાસમાં પ્રગતિશીલ બનાવીએ.

**2.સમસ્યા ક્ષેત્ર :** શ્રી ભક્તિનગર પ્રાથમિક શાળા તા.કુંકાવાવ, જિલ્લો અમરેલીના ધોરણ –6 થી 8 ના કેટલાક બાળકો નકશા (એટલાસ)માં સ્થાન દર્શાવી શકતા નથી.

**3.સમસ્યાના સંભવિત કારણો :**

1. વિદ્યાર્થીઓને નકશા વિષે માહિતી ના હોય.
2. શાળામાં નકશા ઉપલબ્ધ ન હોય.
3. વિદ્યાર્થીઓને નકશાની સંજ્ઞાનું પૂરું જ્ઞાન ન હોય.
4. નકશાની માહિતી ખૂબ જ નાના અક્ષરોમાં હોય.
5. શાળામાં ઉપલબ્ધ નકશા જૂના અને અસ્પષ્ટ હોય.
6. નકશાને સમજ્યા વિના ગોખણપટ્ટી કરવામાં આવતી હોય.

**4.ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :** સમસ્યાના જે કારણો હકીકત સ્વરૂપ છે તેને નિવારવા શિક્ષક ક્યાં પગલા વિચારે છે.તેને ક્રિયાત્મક ઉત્કલ્પના કહે છે.શિક્ષક તમામ કારણોના નિવારણ માટે સંભવિત માર્ગો વિચારે છે.

1. જો વિદ્યાર્થીઓને નકશા વિષે પૂરતી માહિતી આપવામાં આવે તો સમસ્યા હલ થઈ શકશે .
2. જો વિદ્યાર્થીઓને શિક્ષક દ્વારા નકશાની સંજ્ઞાઓનું જ્ઞાન આપવામાં આવે તો આ સમસ્યા હલ થઈ શકશે ०

3. વિદ્યાર્થીઓને તાલુકા, જિલ્લા, રાજ્યો અને દેશના સ્થાન વિષે ક્રમિક માહિતી આપવામાં આવે તો તેઓ નકશાપૂર્તિ સારી રીતે કરી શકશે .
4. જો વિદ્યાર્થીઓને નકશાના અવલોકન માટે  સમય આપવામાં આવે તો આ સમસ્યા દૂર થઈ શકશે..
5. શાળા સમયબાદ વિદ્યાર્થીઓને Google Map જેવી Appનો ઉપયોગ કરવા પ્રેરિત કરવામાં આવે તો સમસ્યા સરળતાથી હલ થઈ શકશે.
6. વિદ્યાર્થીઓને મોબાઈલમાં રસ છે તો તેમને મોબાઈલમાં શૈક્ષણિક Appના ઉપયોગ અંગે સમજાવું તો તેમની પ્રગતિમાં સુધારો થઈ શકશે.

**5.પ્રયોગકાર્યની રૂપરેખા :** સમસ્યાના નિવારણ માટે સંભવિત કારણો અને ઉત્કલ્પના સંદર્ભમાં પ્રયોગ કાર્યની રૂપરેખા નક્કી કરી તેને નીચે મુજબ કાર્યાન્વિત કરી.

1. **પહેલા બે દિવસ** વિદ્યાર્થીઓને નકશા વિષે માહિતી આપી અને નકશાઓનું અવલોકન કરાવવામાં આવ્યું. જેમાં મૅપ અને ઍટલાસનો ઉપયોગ કર્યો.
2. **ત્રીજો, ચોથો અને પાંચમો દિવસ**  વિદ્યાર્થીઓને તાલુકા, જિલ્લા, રાજ્યો અને દેશોના સ્થાન વિષે માહિતી આપી. જેના માટે અમરેલી , ગુજરાત, અને ભારતના રાજકીય નકશાનો ઉપયોગ કર્યો.
3. **છઠો, સાતમો,અને આઠમો દિવસ** વિદ્યાર્થીઓને ઍટલાસ અને નકશાપૂર્તિ આપીને તાલુકા, જિલ્લા, રાજ્યોમાં વિવિધ રંગ પુરાવ્યા જેથી ગમ્મત સાથે તેમને  જ્ઞાન મળ્યું અને વિવિધ તાલુકા, જિલ્લા, રાજયોના નકશામાં સ્થાન અંગે માહિતગાર થયા.
4. **નવમો દિવસ** વિદ્યાર્થીઓને નકશાપૂર્તિનું કાર્ય સોપવામાં આવ્યું અને ત્યારબાદ તેમના કાર્યનું અવલોકન અને મૂલ્યાંકન કરવામાં આવ્યું.
5. **દસમો દિવસ** સમગ્ર પ્રવૃતિનું અર્થઘટન અને પૃથ્થકરણ કરવામાં આવ્યું અને વિદ્યાર્થીઓને પણ તેમના માં આવેલા નોંધપાત્ર સુધારા અંગે માહિતગાર કરવામાં આવ્યા.

**6. માહિતીનું વિશ્લેષણ** માહિતીનું વિશ્લેષણ ટકાવારીના આધારે કરવામાં આવ્યું હતું..

**7.તારણો :**

1. નકશાપૂર્તિમાં સરેરાશ ભૂલ ઘટીને 23.6 % જોવા મળી હતી. એટલે કે વિદ્યાર્થીઓના ભૂલના પ્રમાણમાં 47.7% જેટલો નોંધપાત્ર સુધારો જોવા મળ્યો.
2. વિદ્યાર્થીઓને ઍટલાસ અને મૅપનો ઉપયોગ કરતાં કરવાથી ભૂલો નિવારી શકાઇ
3. પ્રોજેક્ટર,મોબાઇલ,સ્માર્ટ ટીવી જેવા આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરવાથી ભૂગોળનું શિક્ષણ કાર્ય સરળ અને રસપ્રદ બની.
4. શિક્ષણકાર્ય અને સમયાંતરે પુનરાવર્તન કરવાથી વિદ્યાર્થીઓને શિખેલી યાદ રાખી શક્યા .
5. નકશાની પઝલ તેમજ અન્ય શૈક્ષણિક રમતો દ્વારા નકશામાં સ્થાન યાદ રાખવાનું સરળ બન્યુ..

**સારાંશ તૈયાર કરનાર :** બોરીચા મધુભાઈ કે. કોટડાપીઠા પ્લોટ પ્રા.શાળા તા.બાબરા જિ: અમરેલી

**સારાંશ ક્રમાંક** : 36

**થીમ/વિષય :** સામાજિક વિજ્ઞાન

**સ્તર** : પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક** : શીખવામાં ધીમા વિદ્યાર્થીઓનું નિદાન અને ઉપચાર

**સંશોધકનું નામ** : ગોધાણી કેતનભાઇ વલ્લભભાઈ

**સંસ્થાનું સરનામું** : શ્રી ભાણિયા પ્રા. શાળા, તા.ખાંભા, જી. અમરેલી

**સંશોધન વર્ષ :** ૨૦૨૩-૨૪

**સારાંશ :**

**1.ભૂમિકા :** આજના આધુનિક યુગમાં શિક્ષણની ગુણવત્તામાં થોડી ઉણપ જોવા મળે છે તેની પાછળના ઘણા કારણો જવાબદાર છે. જેમકે વાલીઓમાં શિક્ષણ પ્રત્યેની જાગૃતતાનો અભાવ, સ્થાનિક પર્યાવરણ, સામાજિક, આર્થિક વગેરે પરિબળોને કારણે આપણે અવનવી પદ્ધતિઓ અમલમાં મૂકવા છતાં શક્ય એટલા સફળ થઇ શક્યા નથી. જેને કારણે શાળામાં કેટલાક વિદ્યાર્થીઓ અભ્યાસમાં એકદમ ધીમા છે. તેઓ દરરોજ શાળાએ આવે છે છતાં તેની પ્રગતિ ઓછી દેખાય છે. તો આવો આપણે સૌ ભેગા મળી ક્રિયાત્મક સંશોધન દ્વારા બાળકોની સામાજિક પરિસ્થિતિમાં સુધારો કરી તેમને અભ્યાસમાં પ્રગતિશીલ બનાવીએ.

**2.સમસ્યા ક્ષેત્ર :** શ્રી ભાણિયા પ્રાથમિક શાળા તા.ખાંભા, જિ. અમરેલીના ધોરણ – ૩ અને ૪ના કેટલાક બાળકો શીખવામાં એકદમ ધીમા છે.

**3.સમસ્યાના સંભવિત કારણો :**

1. સ્થાનિક પર્યાવરણ
2. વાલીઓમાં શિક્ષણ પ્રત્યેની જાગૃતતાનો અભાવ.
3. આર્થિક પરિસ્થિતિ
4. મિત્રોનું ગૃપ
5. પ્રવૃત્તિ શિક્ષણનો અભાવ
6. ઘરનું વાતવરણ

**4. ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ**

1. વિદ્યાર્થીને તેની સામાન્ય સિધ્ધી બદલ પણ બિરદાવાય તો તેને પ્રોત્સાહન મળે અને રસ જાગે.
2. પરિવારના સભ્યોને શિક્ષણનું મહત્વ સમજાય તો બાળકો શિક્ષણ પ્રત્યે ધીમે ધીમે વળે.
3. જો હું શાળા કે વર્ગખંડનું વાતવરણ યોગ્ય બનાવું તો વિદ્યાર્થીની શિક્ષણમાં પ્રગતી વધી શકે.
4. વિદ્યાર્થીઓના મિત્રોના ગ્રુપમાં ફેરફાર કરવાથી તેમની પ્રગતિમાં વધારો થશે..

**5.પ્રયોગકાર્યનીરૂપરેખા :**

1.શાળાના શિક્ષણમાં ધીમા વિદ્યાર્થીઓને પાસે હોશિયાર વિદ્યાર્થીઓની બાજુમાં બેસાડવામાં આવ્યા.

2.હોશિયાર વિદ્યાર્થીઓને અભ્યાસમાં ધીમા વિદ્યાર્થીઓ સાથે કોઈ મુદ્દા વિશે વાર્તાલાપ કરવાનું સમજાવવામાં આવ્યું.

3.શીખવામાં ધીમા વિદ્યાર્થી કોઈ પ્રશ્નનો થોડો ઘણો જવાબ સાચો આપે તો પણ તેને બિરદાવ્યા.

4.સરળ મુદ્દાઓ અલગ તારવી આ વિદ્યાર્થીઓને હોમવર્કમાં આપ્યા.

5.શાળાના અન્ય શિક્ષક મિત્રો સાથે મિટીંગ કરી શીખવામાં ધીમા બાળકોને કઈ રીતે આગળ વધારવા અને શિક્ષકોને આવા બાળકોને દરેક તબક્કે પ્રોત્સાહિત કરવાનું સમજાવવામાં આવ્યું.

6.વિદ્યાર્થીના વાલીશ્રીને મળી સમજાવવામાં આવ્યું કે દરરોજ અભ્યાસ અંગે વિદ્યાર્થી સાથે ચર્ચા કરે. તેમને શાળામાં આજે શું ભણાવવામાં આવ્યું ? હોમવર્કમાં શું આપવામાં આવ્યું છે ? કસોટીમાં કેટલા માર્ક આવ્યા છે ? વગરે જેવા પ્રશ્નો પૂછી વિદ્યાર્થીને સારા માર્કસ આવે તેવું પ્રોત્સાહન. શીખવામાં ધીમા વિદ્યાર્થીના મિત્રોને બોલાવી તેમને શૈક્ષણિક રમતો અંગે સમજાવવામાં આવ્યું અને કઈ કઈ રમતો દ્વારા આનંદ સાથે જ્ઞાન મેળવી શકાય તે પ્રેક્ટીકલી બતાવ્યું.

**6. માહિતીનું વિશ્લેષણ** સરળ મુદાઓ શીખવી નબળા વિદ્યાર્થીઓને હોમવર્કમાં આપતા વિદ્યાર્થીઓને સરળતાથી આવડી જતા તેથી તેમણે શિક્ષણ સહેલું લાગતા ભણવામાં રસ જાગ્યો અને નિયમિત હોમવર્ક કરતા થયા.

શાળામિત્ર, G SHALA અને DIKSHA જેવી APP વાલીશ્રીના મોબાઈલમાં ખોલી માહિતી જાણતા અને શાળાએ આવી વાત કરતા.આ મુદ્દાઓ APP પરથી લખ્યા. આમ મોબાઈલનો યોગ્ય ઉપયોગ કરવાનો ખ્યાલ વિદ્યાર્થીઓને આવ્યો અને સાથે સાથે શૈક્ષણિક પ્રગતિમાં પણ વધારો જોવા મળ્યો.

શાળાની જુદી જુદી સમિતિમાં શીખવામાં ધીમા વિદ્યાર્થીઓને સ્થાન આપવામાં આવ્યું જેના પરિણામે આ વિદ્યાર્થીઓને શાળા પ્રિય (ગમવા) લાગી અને તેઓ ઉત્સાહભેર નિયમિત શાળાએ આવવા લાગ્યા અને દરેક પ્રવૃતિમાં ભાગ લેતા થયા.

**7.તારણો :**

1. ૧૨ માંથી ૯ વિદ્યાર્થીઓની પ્રગતી ખુબજ સારી જોવા મળી જેમને સામાન્ય મુદા શીખવામાં પણ તકલીફ પડતી હતી તે હવે કઠીન મુદ્દાના સોલ્યુશન તરફ વળ્યા.
2. ૪ વિદ્યાર્થીઓએ વાંચન અને લેખનમાં સારી પ્રગતી કરી છે તે અર્થગ્રહણ કરી પ્રશ્નોના જવાબ આપતા થયા.
3. ૨ વિદ્યાર્થીની પ્રગતિ થોડી ધીમી છે પણ ક્રિયાત્મક સંશોધન પહેલા જે સ્થિતિ હતી તેમાં ઘણો સુધારો થયો.

**સારાંશ તૈયાર કરનાર :** બોરીચા મધુભાઈ કે. કોટડાપીઠા પ્લોટ પ્રા.શાળા તા.બાબરા જિ: અમરેલી

**સારાંશ ક્રમાંક** : 37

**થીમ/વિષય** : ગણિત

**સ્તર** : પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક :** વિદ્યાર્થીઓને અપૂર્ણાંક સંખ્યાઓની સમજ અને તેને અનુરૂપ ગાણિતિક પ્રક્રિયાઓમાં પડતી મુશ્કેલીઓનું નિવારણ.

**સંશોધકનું નામ** : સમાબેન વી. બ્લોચ

**સંસ્થાનું સરનામું :** ડેડકડી પ્રાથમિક શાળા તા. સાવરકુંડલા જિ. અમરેલી

**સંશોધન વર્ષ** : ૨૦૨૩-૨૪

**સારાંશ :**

**1. ભૂમિકા :**

પ્રસ્તુત સંશોધનમાં ગણિત વિષયમાં અપૂર્ણાંક સંખ્યાઓની સમજ તેમજ તેમનો વ્યાવહારિક ઉપયોગ કરવામાં પડતી મુશ્કેલીઓના નિવારણ માટે ક્રિયાત્મક સંશોધન હાથ ધરવામાં આવેલ હતું.

**2. સમસ્યા ક્ષેત્ર :**

પ્રસ્તુત સંશોધનનું સમસ્યા ક્ષેત્ર અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાની ડેડકડી પ્રાથમિક શાળાના વર્ષ ૨૦૨૩-૨૪ના ધો.૬ થી ૪ ના વિદ્યાર્થીઓ પૂરતું સિમિત હતું.

**3. સમસ્યાના સંભવિત કારણો :**

1. વિદ્યાર્થીઓમાં પ્રાથમિક સ્તરે જ ગણિત વિષયનો પાયો કાચો .
2. વિદ્યાર્થીઓમાં ગણિત વિષય પ્રત્યે કાલ્પનિક ભય.
3. વિદ્યાર્થીઓમાં ગણિત વિષય કરતાં અન્ય વિષયમાં વધારે રસ રુચિ.
4. શાળામાં ગણિત વિષય સંબંધિત પ્રવૃતિ માટે ગણિતના શિક્ષક પાસે સમયનો અભાવ.
5. વિદ્યાર્થીઓને શિક્ષક તરફથી મળતા પ્રોત્સાહન નો અભાવ.
6. વિષય એકમના પુનરાવર્તન માટેના સમય નો અભાવ.
7. શાળામાં ગણિતના શિક્ષણ કાર્યને લગતા શૈક્ષણિક સાધનોનો અભાવ.

**4. ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

1. અપૂર્ણાંકોની સમજ આપતા રમકડાઓ આપવામાં આવે અને બનાવતા શીખવવામાં આવે તો વિદ્યાર્થીઓની શિક્ષણ પ્રત્યેની અરુચિ ધટાડી તેમના જ્ઞાનમાં વધારી શકાશે.
2. અપૂર્ણાંકોની સમજ આપતી ઇન્ડોર તેમજ આઉટ ડોર રમતો રમાડી ગણિતને લગતી સમસ્યાઓ હલ કરી શકાશે.
3. જ્ઞાન-ગમ્મત તેમજ ટેક્નોલોજીના ઉપયોગથી ગણિત શીખવાની રુચિમાં વધારો કરી શકાશે.

**5. પ્રયોગકાર્યની રૂપરેખા :**

પ્રથમ દિવસે વિદ્યાર્થીઓની પૂર્વ કસોટી લઈ તેમની ભૂલો સમજાવવામાં આવી હતી. બીજા દિવસે ગણિતમાં અપૂર્ણાંકોની અંશ-છેદની સમજ આપવામાં આવી હતી. ત્રીજા દિવસે સમચ્છેદી તથા વિષમચ્છેદી અપૂર્ણાંકની સમજ આપી સરવાળા-બાદબાકીનો મહાવરો કરાવવામાં આવ્યો હતો. ચોથા દિવસે બટરફ્લાઇ મેથર્ડ, રોટલો, રોટલી, ભાખરી અને પિઝાના ઉદાહરણોની પ્રવૃત્તિઓથી ગણતરી શીખવવામાં આવી હતી. પાંચમાં દિવસે સંકલ્પનાઓ આધારિત રમતો રમાડવામાં આવી હતી. છઠ્ઠા દિવસે વિદ્યાર્થીઓ પોતાની જાતે જ રમકડાઓ બનાવી શિક્ષકને ગુણાકાર-ભાગાકાર સમજાવ્યા. સાતમાં દિવસે દરેક વિદ્યાર્થીઓની ઉત્તર કસોટી લઈ મૂલ્યાંકન કરવામાં આવ્યું.

**6. માહિતીનું વિશ્લેષણ :**

માહિતીનું વિશ્લેષણ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીમાં મેળવેલ ગુણની સિદ્ધિની ટકાવારીના તફાવતને આધારે કરવામાં આવ્યું હતું.

**7. તારણો :**

1. મૌખિક કસોટીમાં ૮૦ % વિદ્યાર્થીઓએ સફળતા પ્રાપ્ત કરી હતી.
2. ગાણિતિક રમકડાઓના નિર્માણ કરવામાં ૮૦ % વિદ્યાર્થીઓએ સફળતા પ્રાપ્ત કરી હતી.
3. ગાણિતિક રમકડાઓ અને ઉદાહરણો દ્વારા મૂલ્યાંકનમાં ૮૫ % વિદ્યાર્થીઓએ સફળતા પ્રાપ્ત કરી.
4. મૌખિક કસોટીમાં ૮૦ % વિદ્યાર્થીઓએ સફળતા પ્રાપ્ત કરી હતી.

**સારાંશ તૈયાર કરનાર :** પરેશભાઈ વી. સુરાણી

**સારાંશ ક્રમાંક** : 38

**થીમ/વિષય** : ભાષા (અંગ્રેજી)

**સ્તર** : પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક :** ધોરણ ૧ અને ૨ માં અંગ્રેજી ( Oral Work ) શીખવામાં વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓનું નિદાન અને ઉપચાર.

**સંશોધકનું નામ** : કિશોરકુમાર ચુનીલાલ દેસાઇ

**સંસ્થાનું સરનામું :** શ્રી દડવા રાંદલ પ્રાથમિક શાળા, .તા : કુંકાવાવ, જિલ્લો : અમરેલી

**સંશોધન વર્ષ** : ૨૦૨૩-૨૪

**સારાંશ :**

**1. ભૂમિકા :**

પ્રસ્તુત સંશોધન ધોરણ ૧ અને ૨ ના વર્ગખંડમાં અંગેજી ભાષાનું શિક્ષણ શ્રવણ - કથન કૌશલ્યો પર ધ્યાન કેન્દ્રિત કરવાનું હોય, વિધાર્થીઓ શ્રવણ - કથન કરતી વખતે કેટલીક ભૂલો કરતા જણાયા. તેઓની ભૂલોનું નિદાન અને ઉપચાર કરવાના હેતુસર પ્રસ્તુત સંસોધન આકાર પામ્યું.

**2. સમસ્યા ક્ષેત્ર :**

પ્રસ્તુત સંશોધનનું સમસ્યા ક્ષેત્ર અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાની શ્રી દડવા રાંદલ પ્રાથમિક શાળાના વર્ષ ૨૦૨૩-૨૪ના ધો. ૧ અને ૨ ના વિદ્યાર્થીઓ પૂરતું સિમિત હતું.

**3. સમસ્યાના સંભવિત કારણો :**

1. વિધાર્થીઓ અંગ્રેજી ભાષા પ્રત્યે રુચિ ધરાવતા ન હોય.
2. વિધાથીઓ અંગ્રેજી શબ્દોના શ્રવણથી અજાણ હોય.
3. વિધાર્થીઓ વર્ગખંડ પ્રવૃત્તિઓ, રમતો, ગીતો ગાવા વગેરેમાં જોડાતા ન હોય.
4. વિધાર્થીઓ અંગ્રેજી ઉચ્ચારણમાં કચાસ ધરાવતા હોય.
5. વિદ્યાર્થીઓમાં અંગ્રેજી શબ્દોના શ્રવણ અને ઉચ્ચારણ શક્તિ નો અભાવ હોય.
6. પ્રજ્ઞા વર્ગ શિક્ષણમાં સેકન્ડ લેંગ્વેજ તરીકે અંગ્રેજી ઓરલ વર્કનું કામ થતું ન હોય.

**4. ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

1. વિદ્યાર્થીઓને અંગ્રેજી Loan Words ની જાણકારી આપી શકાશે.
2. વિદ્યાર્થીઓને વધુમાં વધુ અંગ્રેજી Prayers, Rhymes, Action songs ગવડાવી શકાશે.

3. શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓ સાથેના વર્ગ વ્યવહાર દરમિયાન અંગ્રેજીમાં સાદી સૂચનાઓ આપી શકાશે.
4. જેમકે – Come here, Sit down, Yes, go ... વગેરે.
5. વિદ્યાર્થીઓને Activities અને Games નો વધુ મહાવરો કરાવી શકાશે.
6. અંગ્રેજી Loan Words આપી તેના ફ્લેશ કાર્ડ બનાવવાનું ગૃહ કાર્ય કરાવી શકાશે.
7. વિધાર્થીઓને અંગ્રેજી રમતો ,ગીતો , પ્રવૃતિઓ વગેરે You tube અને Diksha પોર્ટલ જેવા
8. દ્રશ્ય શ્રાવ્ય માધ્યમોથી શિક્ષણ આપી શકાશે.

**5. પ્રયોગકાર્યની રૂપરેખા :**

પ્રથમ દિવસે દરેક વિધાર્થીઓને અભિવાદન તથા સાદી સૂચનાઓની સમજ બાદ તેની ભૂલો સમજાવી દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમથી શીખવવામાં આવ્યું તેમજ દ્રઢીકરણ કરાવવામાં આવ્યું. બીજા દિવસે Loan Words ની સમજ આપી અંગ્રેજી બોલવા માટે પ્રોત્સાહન તેમજ આશ્વાસન આપ્યું. ત્રીજા દિવસે વિદ્યાર્થીઓના ઉચ્ચાર સંબંધિત ભૂલો સમજાવવામાં આવી તેમજ દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમથી શીખવવામાં આવ્યું. ચોથા દિવસે વિદ્યાર્થીઓ જ્યાં જ્યાં ભૂલો કરતાં જોવા મળ્યા ત્યાં સાચી સમજ આપવામાં આવી. પાંચમાં દિવસે વિદ્યાર્થીઓના શ્રવણ તથા સમજ સંબંધિત ભૂલો સમજાવી ચિત્રની મદદથી સમજાવવામાં આવ્યું. છઠ્ઠા દિવસે વિદ્યાર્થીઓ જ્યાં ભૂલો કરતાં જોવા મળ્યા ત્યાં સાચી સમજ આપી, દ્રશ્ય- શ્રાવ્ય માધ્યમથી શીખવવામાં આવ્યું. દ્રઢીકરણ કરાવવામાં આવ્યું. સાતમાં દિવસે ભૂલો સુધારી સાચી સમજ આપવામાં આવી. દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમથી શીખવવામાં આવ્યું.

**6. માહિતીનું વિશ્લેષણ :**

વિદ્યાર્થીઓએ વિવિધ પ્રવૃતિઓમાં આપેલ પર્ફોમન્સ, પ્રવૃતિઓમાં સામેલગીરીના આધારે અવલોકન પધ્ધતિથી મૂલ્યાંકન કરવામાં આવ્યું.

**7. તારણો :**

1. અભિવાદન તથા સાદી સૂચનાઓ સમજવામાં ૭૬ % વિદ્યાર્થીઓએ સફળતા પ્રાપ્ત કરી હતી.
2. ચિત્રો અને વસ્તુઓની મદદથી Loan Word નો પરિચય મેળવવામાં ૯૬.૨ % વિદ્યાર્થીઓએ સફળતા પ્રાપ્ત કરી હતી.
3. Prayer તથા Rhyme નું ગાન કરવામાં ૮૩.૫ % વિદ્યાર્થીઓએ સફળતા પ્રાપ્ત કરી.
4. Flash card ( Oral work )માં ૬૪ % વિદ્યાર્થીઓએ સફળતા પ્રાપ્ત કરી હતી.
5. Action Song માં ૯૪ % વિદ્યાર્થીઓએ સફળતા પ્રાપ્ત કરી હતી.
6. Games તથા Activities માં ૯૫.૫ % વિદ્યાર્થીઓએ સફળતા પ્રાપ્ત કરી હતી.

**સારાંશ તૈયાર કરનાર :** પરેશભાઈ વી. સુરાણી

**સારાંશ ક્રમાંક** : 39

**થીમ/વિષય** : ભાષા (ગુજરાતી)

**સ્તર** : પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક :** ધોરણ ૬ નાં વિદ્યાર્થીઓને સ્વતંત્ર લેખન (નિબંધ લેખન)માં પડતી મુશ્કેલીઓનું નિદાન અને ઉપચાર

**સંશોધકનું નામ :** ભાવેશકુમાર રસિકલાલ ત્રિવેદી

**સંસ્થાનું સરનામું :** શ્રી બાંટવા દેવળી પ્રાથમિક શાળા, .તા : કુંકાવાવ, જિલ્લો : અમરેલી

**સંશોધન વર્ષ** : ૨૦૨૩-૨૪

**સારાંશ :**

**1. ભૂમિકા :**

પ્રસ્તુત સંશોધન ધોરણ - ૬ ના વિધાર્થીઓ સ્વતંત્ર લેખનમાં ઘણી મુંજવણ અનુભવતા જણાયા. વિદ્યાર્થીઓને કોઈ વિષય પર લખવાનું કહેવામા આવે ત્યારે તેઓ બહુ જ અલ્પ પ્રમાણમાં સ્વતંત્ર લેખન કરી શકતા હતા. તેઓ યોગ્ય વાક્યરચના સાથે લખી શકતા ન હતા. સ્વતંત્ર લેખનમાં ભાષા શુદ્ધિનો અભાવ જોવા મળતો હતો.

**2. સમસ્યા ક્ષેત્ર :**

પ્રસ્તુત સંશોધનનું સમસ્યા ક્ષેત્ર અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાની શ્રી બાંટવા દેવડી પ્રાથમિક શાળાના વર્ષ ૨૦૨૩-૨૪ના ધો. ૬ ના વિદ્યાર્થીઓ પૂરતું સિમિત હતું.

**3. સમસ્યાના સંભવિત કારણો :**

1. વિદ્યાર્થીઓ સ્વતંત્ર લેખનની પાયાની બાબતોથી અજાણ હોય.
2. વિદ્યાર્થીઓને લોઅર પ્રાયમરી લેવલે ભાષા શિક્ષણમાં કચાસ હોય.
3. વિદ્યાર્થીઓ ગુજરાતી ભાષાના શબ્દોનું અલ્પ જ્ઞાન ધરાવતા હોય.
4. વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષા પ્રત્યે અણગમો હોય.
5. પાઠ્યપુસ્તકમાં આવતા શબ્દોના અર્થ જાણવામાં બેદરકાર હોય.
6. શિક્ષક દ્વારા સ્વતંત્ર લેખનનો મહાવરો ઓછો થયો હોય.

**4. ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

1. વિદ્યાર્થીઓને સ્વતંત્રલેખન (નિબંધલેખન) કરવા માટેની મૂળભૂત પાયાની સમજ આપી શકાશે.
2. લોઅર પ્રાઇમરી લેવલે જો વિદ્યાર્થીઓએ પૂરતું જ્ઞાન કે સમજ મેળવેલના હોય, તો તેવા બાળકની
3. ઓળખ કરી, અલગ સમય ફાળવીને તેઓને શીખવી શકાશે
4. વિદ્યાર્થીઓ જાતે શબ્દભંડોળ વધારવા શબ્દકોષનો ઉપયોગ કરે તેવું કહી શકાશે તેમજ શબ્દભંડોળ
5. વધારવા માટેની શબ્દ રમતો રમાડી શકાશે.
6. વિદ્યાર્થીઓમાં ગુજરાતી ભાષા પ્રત્યેની રૂચિ વધે તેવા પ્રયાસો માટે ગુજરાતી સાહિત્યમાંથી મનોરંજક
7. વાર્તાઓ, કાવ્યો કે લેખોનું નિયમિત વાંચન કરાવી શકાશે, તે આધારીત રમતો રમાડી શકાશે.
8. શિક્ષક દ્વારા નિયમિત રીતે વ્યવસ્થિત ગૃહકાર્ય તપાસી યોગ્ય સૂચનો આપી શકાશે.
9. શિક્ષક દ્વારા પાઠમાં આવતા શબ્દો વિશે જાણકારી આપવામાં આવે તેમજ તેમનો અર્થ વિદ્યાર્થીઓ
10. પાસેથી પ્રત્યુતર સ્વરૂપે મેળવી શકાશે.
11. વિદ્યાર્થી પાસે લોકબોલીના શબ્દો અને શિષ્ટભાષાના શબ્દો વચ્ચેનો ભેદ સ્પષ્ટ થાય તેવી પ્રવૃતિઓ
12. કરાવી શકાશે.

**5. પ્રયોગકાર્યની રૂપરેખા :**

પ્રથમ દિવસે દરેક વિધાર્થીઓની સ્વતંત્ર લેખનની પ્રિ-ટેસ્ટ લેવામાં આવી હતી. બીજા દિવસે પ્રિ-ટેસ્ટમાં કરેલી ભૂલોથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. ત્રીજા દિવસે શ્રુતલેખન કરાવવામાં આવ્યું હતું. ચોથા દિવસે નિબંધ લેખન કરાવવામાં આવ્યું હતું. પાંચમાં દિવસે શબ્દ રમત રમાડવામાં આવી હતી. છઠ્ઠા દિવસે પ્રશ્ન મંચ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. સાતમાં દિવસે પ્રોજેક્ટ કાર્ય સોપવામાં આવ્યું.

**6. માહિતીનું વિશ્લેષણ :**

માહિતીનું વિશ્લેષણ સમયાંતરે લેવાયેલ કસોટીમાં મેળવેલ સિદ્ધિની ટકાવારીના તફાવતને આધારે કરવામાં આવ્યું હતું.

**7. તારણો :**

1. પ્રિ – ટેસ્ટ માં કુલ ૩૪ વિદ્યાર્થીઓએ ૧૦ ગુણ માંથી સરસરી ૪.૨૩ ગુણ મેળવ્યા હતા.
2. મૌખિક લેખનમાં કુલ ૩૧ વિદ્યાર્થીઓએ ૧૦ ગુણ માંથી સરસરી ૪.0૩ ગુણ મેળવ્યા હતા.
3. પ્રોજેક્ટ કાર્યમાં કુલ ૨૬ વિદ્યાર્થીઓએ ૧૦ ગુણ માંથી સરસરી ૬.૫૩ ગુણ મેળવ્યા હતા.
4. પોસ્ટ – ટેસ્ટમાં કુલ ૨૮ વિદ્યાર્થીઓએ ૧૦ ગુણ માંથી સરસરી ૬.૬૪ ગુણ મેળવ્યા હતા.

**સારાંશ તૈયાર કરનાર :** પરેશભાઈ વી. સુરાણી

**સારાંશ ક્રમાંક** : 40

**થીમ/વિષય** : ગણિત

**સ્તર** : પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક :** ધોરણ ૩ થી 5ના વિદ્યાર્થીઓને સરવાળા-બાદબાકી કરવામાં પડતી મુશ્કેલીઓનું નિવારણ.

**સંશોધકનું નામ** : કથીરિયા ભીમભાઈ છગનભાઈ

**સંસ્થાનું સરનામું :** શ્રી મોરવાડા પ્રા શાળા, તા.કુકાવાવ, જી. અમરેલી.

**સંશોધન વર્ષ** : ૨૦૨૩-૨૪

**સારાંશ :**

1. **ભૂમિકા :**

પ્રસ્તુત સંશોધનમાં ધોરણ ૩ થી 5 ના વિદ્યાર્થીઓને સરવાળા-બાદબાકી કરવામાં પડતી મુશ્કેલીઓનું નિવારણ કરવા માટે ક્રિયાત્મક સંશોધન હાથ ધરવામાં આવેલ હતું.

2. **સમસ્યા ક્ષેત્ર :**

પ્રસ્તુત સંશોધનનું સમસ્યા ક્ષેત્ર અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાની મોરવાડા પ્રાથમિક શાળાના વર્ષ ૨૦૨૩-૨૪ના ધો.૩ થી ૫ ના વિદ્યાર્થીઓ પૂરતું સિમિત હતું.

3. **સમસ્યાના સંભવિત કારણો :**

1.વિદ્યાર્થીઓ સંખ્યાથી પૂરતા પરિચિત નહિ હોય.

2.વિદ્યાર્થીઓને સંખ્યાજ્ઞાનનો પૂરતો મહાવરો નહિ હોય.

3.વિદ્યાર્થીઓને બાદબાકીમાં શૂન્ય આગળ દસકો કઈ રીતે લેવો તેનું જ્ઞાન નહિ હોય.

4.વિદ્યાર્થીઓને સરવાળા – બાદબાકીના વ્યવહારિક દાખલાનો પુરતો ખ્યાલ નહિ હોય.

5.અગાઉના ધોરણોમાં સરવાળા – બાદબાકી અંગે પૂરતું જ્ઞાન આપવામાં નહી આવ્યું હોય.

6.સરવાળા-બાદબાકીના દાખલાના મહાવરાનો અભાવ.

7.શિક્ષકો પર ઈત્તર કાર્યનો બોજો હોય.

8.વાલીઓની શિક્ષણ પ્રત્યે બેદરકારી

4. **ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

   1. જો શિક્ષક વિદ્યાર્થીઓને સંખ્યાજ્ઞાનનો પૂરતો મહાવરો કરાવે તો વિદ્યાર્થીઓ દાખલા ગણી શકે.
   2. જો શિક્ષક વિદ્યાર્થીઓને સ્થાન કીમત અંગે પૂરતું જ્ઞાન આપે તો વિદ્યાર્થીઓ દાખલા ગણી શકે.

3. જો શિક્ષક વિદ્યાર્થીઓને સરવાળામાં કઈ રીતે વદી લેવી ? તેનો મહાવરો આપે તો વિદ્યાર્થીઓ ભૂલ રહિત સરવાળાના દાખલા ગણી શકે.
4. જો શિક્ષક વિદ્યાર્થીઓને બાદબાકીમાં કઈ રીતે દસકો લેવો ? તેનો મહાવરો આપે તો વિદ્યાર્થીઓ ભૂલ રહિત બાદબાકીના દાખલા ગણી શકે.

**5. પ્રયોગકાર્યની રૂપરેખા :**

પ્રથમ દિવસે વિદ્યાર્થીઓની પૂર્વ કસોટી લેવામાં આવી હતી. બીજા, ત્રીજા અને ચોથા દિવસે સંખ્યા જ્ઞાન અને સ્થાન કીમતનો પરિચય આપવામાં આવ્યો. પાંચમાં અને છઠ્ઠા દિવસે સરવાળા માટે વદીના નિયમો અને મહાવરો કરાવવામાં આવ્યો. સાતમાં અને આઠમાં દિવસે બાદબાકી માટે દશકાના નિયમો અને મહાવરો કરાવવામાં આવ્યો. નાવમાં દિવસે સરવાળા-બાદબાકીના વ્યાવહારિક દાખલાનો મહાવરો કરાવવામાં આવ્યો. દસમાં અને અગ્યારમાં દિવસે સંકલ્પનાઓ સમજાવવામાં આવી હતી. બારમાં દિવસે સમગ્ર પુનરાવર્તન કરાવવામાં આવ્યું. તેરમાં દિવસે દરેક વિદ્યાર્થીઓની ઉત્તર કસોટી લઈ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

**6. માહિતીનું વિશ્લેષણ :**

માહિતીનું વિશ્લેષણ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીમાં મેળવેલ ગુણની સિદ્ધિની ટકાવારીના તફાવતને આધારે કરવામાં આવ્યું હતું.

**7. તારણો :**

1. . કુલ 16 વિદ્યાર્થીઓ માંથી ઉપચારાત્મક શિક્ષણ બાદ ૧૩ વિદ્યાર્થીઓની ગુણસિદ્ધિમાં વધારો જોવા  મળેલ હતો. વિદ્યાર્થીઓની ગુણસિદ્ધિ ૮૧.૨૫ % હતી.
2. કુલ ૯ કન્યાઓ માંથી ૭ કન્યાઓની ગુણસિદ્ધિમાં વધારો જોવા મળેલ હતો. કન્યાઓની ગુણ સિદ્ધિ ૭૭.૭૭ % હતી.
3. કુલ ૭ કુમારો માંથી ૬ કુમારોની ગુણસિદ્ધિમાં વધારો જોવા મળેલ હતો. કુમારોની ગુણ સિદ્ધિ ૭૭.૭૭ % હતી.

**સારાંશ તૈયાર કરનાર :** પરેશભાઈ વી. સુરાણી

**સારાંશ ક્રમાંક** : 41

**થીમ/વિષય** : ભાષા (અંગ્રેજી)

**સ્તર** : પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક :** ધોરણ ૬ના વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષામાં ક્રિયાપદો(ACTION WORDS)માં થતી સમસ્યાનું નિદાન અને ઉપચાર

**સંશોધકનું નામ** : અમિતભાઈ કે. ભેસાણીયા

**સંસ્થાનું સરનામું :** શ્રી પીપળલગ પ્રાથમિક શાળા તા. અમરેલી જિ. અમરેલી

**સંશોધન વર્ષ** : ૨૦૨૩-૨૪

**સારાંશ :**

**1. ભૂમિકા :**

પ્રસ્તુત સંશોધનમાં અંગ્રેજી વિષયમાં ક્રિયાપદોની સમજ તેમજ તેમનો વ્યાવહારિક ઉપયોગ કરવામાં પડતી મુશ્કેલીઓના નિવારણ માટે ક્રિયાત્મક સંશોધન હાથ ધરવામાં આવેલ હતું.

**2. સમસ્યા ક્ષેત્ર :**

પ્રસ્તુત સંશોધનનું સમસ્યા ક્ષેત્ર અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાની પીપળલગ પ્રાથમિક શાળાના વર્ષ ૨૦૨૩-૨૪ના ધો.૬ ના વિદ્યાર્થીઓ પૂરતું સિમિત હતું.

**3. સમસ્યાના સંભવિત કારણો :**

1. વિદ્યાર્થીઓમાં અંગ્રેજી ક્રિયાપદો બોલવાનો પાયો પ્રાથમિક સ્તરે કાચો.
2. વિદ્યાર્થીઓમાં અંગ્રેજી ક્રિયાપદો પ્રત્યે કાલ્પનિક ભય.
3. વિદ્યાર્થીઓને અંગ્રેજી ક્રિયાપદો બોલવા કરતા ગુજરાતીના ક્રિયાપદો બોલવામાં વધારે રસ.
4. શાળામાં અંગ્રેજી ક્રિયાપદો સંબંધિત પ્રવૃત્તિ માટે ભાષાના શિક્ષક પાસે સમયનો અભાવ.
5. શિક્ષક દ્વારા પ્રોત્સાહનનો અભાવ.
6. અંગ્રેજી ક્રિયાપદોના મહાવરા માટે સમયનો અભાવ.
7. શાળામાં અંગ્રેજી ક્રિયાપદો માટેના શૈક્ષણિક સાધનોનો અભાવ.
8. વિદ્યાર્થીઓને અંગ્રેજી ક્રિયાપદો બોલવા ગમતા નથી.
9. વિદ્યાર્થીઓને અંગ્રેજી ક્રિયાપદો બોલવા અઘરા લાગે છે.

11. વિદ્યાર્થીઓ અંગ્રેજી ક્રિયાપદોના અર્થ સરળતાથી યાદ રહેતા નથી.
12. વિદ્યાર્થીઓને અંગ્રેજી ક્રિયાપદોના ઉચ્ચાર બોલવામાં મુશ્કેલી પડે છે.
13. વિદ્યાર્થીઓને અંગ્રેજી ક્રિયાપદો બોલવાનો મહાવરો મળતો નથી.

**4. ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

1.શિક્ષક જો વર્ગના નબળા વિદ્યાર્થીઓનું અલગ ગ્રુપ બનાવી અંગ્રેજી ભાષાના ક્રિયાપદોના પાયાનું શિક્ષણ આપે તો વિદ્યાર્થીઓની અંગ્રેજી ક્રિયાપદો શીખવાની અરુચિ ઘટશે અને જ્ઞાન વધારી શકાશે.

2.વિદ્યાર્થીઓનું પૂર્વજ્ઞાન તપાસી, ગુજરાતી ક્રિયાપદોની અભિવ્યક્તિમાં અવરોધરૂપ મુદ્દાની સમજ આપવામાં આવે તો ગુજરાતી ક્રિયાપદોની સાથે અંગ્રેજી ક્રિયાપદો પ્રત્યેનો અણગમો દુર કરી શકાશે .

3.અંગ્રેજી ભાષામાં ક્રિયાપદોની અભિવ્યક્તિમાં રસ અને રૂચિ વધારવા માટે અંગ્રેજી ક્રિયાપદોની જો રમત-ગમત તથા ટેકનોલોજીના ઉપયોગ સાથે સમજ આપવામાં આવે તો સુધારો લાવી શકાશે.

4.વિદ્યાર્થીઓને અંગ્રેજી ક્રિયાપદોનો શબ્દ ભંડોળ વિકસે તેવી રસ ઉત્પન્ન કરતી વિવિધ પ્રવૃતિઓ તથા ટી.એલ.એમ.દ્વારા શીખવવામાં આવશે તો અંગ્રેજી ક્રિયાપદોના જ્ઞાનમાં વધારો કરી શકાશે.

**5. પ્રયોગકાર્યની રૂપરેખા :**

પ્રથમ દિવસે દરેક વિદ્યાર્થીઓની પૂર્વ કસોટી લેવામાં આવી હતી. બીજા દિવસે અંગ્રેજી ક્રિયાપદોની સમજ આપવામાં આવી હતી. ત્રીજા દિવસે અંગ્રેજી ભાષામાં વિવિધ ક્રિયાપદોનું નોટબુકમાં લેખન કરાવવામાં આવ્યું હતું. ચોથા દિવસે ક્રિયાપદોને લગતા વિવિધ ચિત્રો બતાવી મહાવરો કરાવવામાં આવ્યો હતો. પાંચમાં દિવસે અંગ્રેજી ક્રિયાપદોના ઉચ્ચાર વિષે માહિતી આપવામાં આવી હતી. છઠ્ઠા દિવસે ટી.એલ.એમ.નો ઉપયોગ કરી અંગ્રેજી ક્રિયાપદોની સમજ આપવામાં આવી હતી. સાતમાં દિવસે દરેક વિદ્યાર્થીઓની ઉત્તર કસોટી લઈ મૂલ્યાંકન કરવામાં આવ્યું.

**6. માહિતીનું વિશ્લેષણ :**

માહિતીનું વિશ્લેષણ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીમાં મેળવેલ ગુણસિદ્ધિની ટકાવારીના તફાવતને આધારે કરવામાં આવ્યું હતું.

**7. તારણો :**

1. મૌખિક કસોટી દ્વારા મૂલ્યાંકનમાં ૯૪ % વિદ્યાર્થીઓએ સફળતા પ્રાપ્ત કરી હતી.
2. અંગ્રેજીમાં વિવિધ ક્રિયાપદો લખાવવામાં આવ્યા તથા ટેકનોલોજીની મદદથી વિવિધ ક્રિયાપદોના મૂલ્યાંકનમાં ૯૨ % વિદ્યાર્થીઓએ સફળતા પ્રાપ્ત કરી હતી.
3. ચિત્રો બતાવી મૌખિક અભિવ્યક્તિના મૂલ્યાંકનમાં ૯૦ % વિદ્યાર્થીઓએ સફળતા પ્રાપ્ત કરી હતી.
4. દૈનિક દિનચર્યા વાળા વાક્યો પ્રશ્નોતરી દ્વારા મૂલ્યાંકનમાં ૮૦ % વિદ્યાર્થીઓએ સફળતા પ્રાપ્ત કરી. અંગ્રેજી ક્રિયાપદોની ખાસ કસોટી દ્વારા મૂલ્યાંકનમાં ૮૦ % વિદ્યાર્થીઓએ સફળતા પ્રાપ્ત કરી હતી.

**સારાંશ તૈયાર કરનાર :** પરેશભાઈ વી. સુરાણી

**સારાંશ ક્રમાંક :** 42

**થીમ/વિષય :** સામાજિક વિજ્ઞાન

**સ્તર :** ઉચ્ચ પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક :** "ધોરણ 6ના વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાનમાં કર્કવૃત્ત,વિષવવૃત અને મકરવૃત અક્ષાંશ અને રેખાંશની સમસ્યા

**સંશોધકનું નામ :** શ્રી કાજલબેન વિનુભાઈ કળથીયા

**સંસ્થાનું સરનામું :** શ્રી દિપડીયા પ્રાથમિક શાળા. તાલુકો-રાજુલા, જિલ્લો-અમરેલી

**સંશોધન વર્ષ :** ૨૦૨૩-૨૪

**સારાંશ :**

1. **ભૂમિકા :** વિદ્યાર્થીઓ પૃથ્વીના ગોળામાં કર્કવૃત્ત,વિષવવૃત અને મકરવૃત,અક્ષાંશ અને રેખાંશની અવઢવ અનુભવે છે. પ્રસ્તુત સંશોધનમાં પૃથ્વીના ગોળામાં કર્કવૃત્ત, વિષવવૃત અને મકરવૃત, અક્ષાંશ અને રેખાંશ સંબધિત સમસ્યાઓના નિવારણ માટે ક્રિયાત્મક સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું

2. **સમસ્યા ક્ષેત્ર :** સમસ્યાનું ક્ષેત્ર અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાની શ્રી દિપડીયા પ્રાથમિક શાળાના વર્ષ ૨૦૨૩-૨૪ના ધો.૬ ના વિદ્યાર્થીઓ સુધી સીમિત હતું.

3. **સમસ્યાના સંભવિત કારણો :**

   1. વિદ્યાર્થીઓને રસ ન હોય
   2. વિદ્યાર્થીઓને પૃથ્વીના ગોળા વિષે માહિતી ન હોય.
   3. સ્કુલમાં પૃથ્વીનો ગોળો ઉપલબ્ધ ન હોય.
   4. વિદ્યાર્થીઓ વર્ગમાંમાં મુખ્ય અક્ષાંશવૃતો દર્શાવવામાં અવઢવ અનુભવતા હોય.
   5. વિદ્યાર્થીઓને પૃથ્વીના ગોળામાં અક્ષાંશ અને રેખાંશનું પૂરું જ્ઞાન ન હોય.
   6. શાળાના પૃથ્વીનો ગોળો અસ્પષ્ટ હોય
   7. પૃથ્વીના ગોળા પર માહિતી ખુબ જ ઝીણા અક્ષરમાં હોય
   8. પૃથ્વીના ગોળા પર અક્ષાંશ અને રેખાંશને સમજ્યા વગર ગોખણપટ્ટી કરી ગોખવામાં આવતા હોય
   9. શિક્ષકથી વિદ્યાર્થીઓ ડરતા હોય( ખોટું પાડવાનો ડર)
   10. વિદ્યાર્થીઓને નકશાપૂર્તિ કરવાનું સોપેલ કામ બરાબર ન કરવામાં આવેલુ હોય
   11. વર્ગમાં બધા જ વિદ્યાર્થીઓ નકશાપૂર્તિ ખરીદવા માટે સક્ષમ ન હોય
   12. વિદ્યાર્થીઓ શાળામાં ગેરહાજર રહેતા હોય

4. **ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

   1. જો વિદ્યાર્થીઓને મુખ્ય અક્ષાંશ અને રેખાંશ વિષે અને મુખ્ય કટીબંધો અક્ષાંશ અને રેખાંશ પ્રદેશવાર વ્યવસ્થિત,વિભાગવાર યોગ્ય માહિતી આપવામાં આવે તો સમસ્યા હલ થશે .

2. જો વિદ્યાર્થીઓને પૃથ્વીના ગોળાનું અવલોકન માટે પુરતો સમય આપવામાં આવે તો આ સમસ્યા હલ થશે .
3. જો વિદ્યાર્થીઓને શિક્ષક દ્વારા મુખ્ય કટીબંધો અક્ષાંશ અને રેખાંશ સંજ્ઞાઓનું યોગ્ય જ્ઞાન આપવામાં આવે તો આ સમસ્યા હલ થશે .
4. જો વિદ્યાર્થીઓ પાસે અક્ષાંશવૃતો અને રેખાંશવૃતો અને ત્રણ વૃતોની આકૃતિ દોરાવામાં આવે તો આ સમસ્યા હાલ થશે .
5. કટીબંધો અક્ષાંશ અને રેખાંશ સંજ્ઞાઓનું યોગ્ય જ્ઞાન આપવામાં આવે વિદ્યાર્થીઓ પાસે અક્ષાંશવૃતો અને રેખાંશવૃતો અને ત્રણ વૃતોની આકૃતિ દોરાવામાં આવે તો આ સમસ્યા હાલ થશે .

**5. પ્રયોગકાર્યની રૂપરેખા :** પ્રયોગકાર્યની રૂપરેખા નીચે મુજબ છે

વિદ્યાર્થીઓને ક્યાં વૃતો દર્શાવવામાં મુંજવણ અનુભવે છે તે તપાસવા સંશોધકે પૂર્વ કસોટીનું આયોજન કરી માહિતીનું એકત્રીકરણ કર્યું ત્યારબાદ નવ દિવસના પ્રયોગકાર્યમાં વિદ્યાર્થીઓને વૃત્તો વિષે પૃથ્વીનો ગોળા દ્વારા સમજણ આપવામાં આવી અને જુદી જુદી રીતે વૃતો અને કટિબંધો વિષે વિદ્યાર્થીઓને સમજુતી આપ્યા બાદ પ્રયોગકાર્યની રૂપરેખા મુજબ વિદ્યાર્થીઓને નકશાપૂર્તિનું કામ સોપવામાં આવ્યું.

**6. માહિતીનું વિશ્લેષણ :** માહિતીનું વિશ્લેષણ વિદ્યાર્થીઓની પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીઓના પરિણામની ટકાવારી આધારે કરવામાં આવ્યું હતું

**7. તારણો :**

1. પૂર્વ કસોટીમાં વિદ્યાર્થીઓને અક્ષાંશ અને રેખાંશ દર્શાવવામાં સરેરાશ 61.1 % ભૂલ થતી હતી, જે ઘટીને ઉત્તર કસોટીમાં સરેરાશ 32.9 % ભૂલ જોવા મળી.
2. વિદ્યાર્થીઓની ભૂલના પ્રમાણમાં સરેરાશ 28.2% જેટલો સુધારો જોવા મળ્યો.
3. વિદ્યાર્થીઓને વિવિધ વૃતોના જ્ઞાન આપવાથી ભૂલ નિવારી શકાય.
4. વિદ્યાર્થીઓને નકશા,પ્રોજેક્ટર કે એના જેવી નવીન ટેકનોલોજીનો વર્ગખંડમાં વિનિયોગ કરી અધ્યયન કરવાથી ભૂલને નિવારી શકાય.
5. શિક્ષણ દ્વારા નિદર્શન કાર્ય કરતી વખતે કાળજી રાખવામાં આવે તો વૃતોની ભૂલમાં નોંધપાત્ર ઘટાડો કરી શકાય.

**સારાંશ તૈયાર કરનાર** :શ્રી ગોહેલ હરેશકુમાર વી. નાનાગોખરવાળા પ્રાથમિક શાળા, તાં.જિ.-અમરેલી

**સારાંશ ક્રમાંક :** 43

**થીમ/વિષય :** દિવ્યાંગ બાળકોનું શિક્ષણ

**સ્તર : પ્રાથમિક**

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક :** વિશિષ્ટ જરૂરિયાત ધરાવતાં બાળકોનાં વર્તન આધારિત સમસ્યાઓનો અભ્યાસ.

**સંશોધકનું નામ :** કૃતિકા ધીરુભાઈ ત્રિવેદી

**સંસ્થાનું સરનામું :** બી.આર.સી.ભવન સાવરકુંડલા, તા: સાવરકુંડલા .જિ. અમરેલી

**સંશોધન વર્ષ :** ૨૦૨૩-૨૪

**સારાંશ :**

1. **ભૂમિકા :**

   વિદ્યાર્થીઓના અપવાદરૂપ વર્તન અને જરૂરિયાતોમાં પડતી મુશ્કેલીઓ, વર્તન અને વિશિષ્ટ જરૂરિયાતો તેમજ તેમાં આવતી મુશ્કેલીઓનો ઉકેલ શોધવાનો પ્રયાસ માટે ક્રિયાત્મક સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું

2. **સમસ્યા ક્ષેત્ર :**

   સમસ્યાનું ક્ષેત્ર અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાની શાળા નંબર ૭, ૮, ૯, ૧૦ અને અન્ય શાળાના વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો સુધી સીમિત હતું

3. **સમસ્યાના સંભવિત કારણો :**

   1. વિદ્યાર્થીઓમાં અમુક સમપ્રાસ શબ્દોની કચાશ અને સમાન વળાંકો વાળા શબ્દો ઓળખવામાં પડતી મુશ્કેલીઓ
   2. વિદ્યાર્થીઓમાં અન્ય સાથે થતી સરખામણીનો ભય
   3. શાળામાં અન્ય બાળકોની સાપેક્ષ વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો માટે શિક્ષક પાસે નાવીન્યતાનો અભાવ
   4. શિક્ષક દ્વારા પ્રોત્સાહનનો અભાવ
   5. વિશિષ્ટ શિક્ષકોની મુલાકાતનો માર્યાદિત સમય
   6. શિક્ષક દ્વારા યોગ્ય પદ્ધતિનો અભાવ
   7. વિદ્યાર્થીઓમાં અમુક રંગ કે વાતાવરણનો ભય
   8. વિદ્યાર્થીઓને અન્ય બાળકો સાથે આત્મીયતા સાધવામાં લાગતો સમય.
   9. વિદ્યાર્થીઓ પ્રત્યે સાંપ્રત સમુદાય દ્વારા સેવાતી દુર્લક્ષતા.

4. **ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

   1. જો શિક્ષક નબળા વિદ્યાર્થીઓના અલગ જુથ બનાવે અને તેમને ઉચ્ચારણનાં પાયાનું શિક્ષણ આપે તો વિદ્યાર્થીઓની બોલવા પ્રત્યેની અરૂચિ ઘટે અને જ્ઞાન વધારી શકાશે

2. જો વિદ્યાર્થીઓનું પૂર્વજ્ઞાન તપાસી તેમાં અવરોધ રૂપ મુદ્દાઓની સમજ આપવામાં આવે તો ભાષા પ્રત્યેનો અણગમો દૂર કરી શકાશે
3. વિદ્યાર્થીઓને માળખાગત ભાષાકીય પ્રવૃતિઓને લગતા પુસ્તકોનો ઉપયોગ કરવા પ્રેરવામાં આવેતો આ સમસ્યા હલ કરી શકાશે
4. શિક્ષણમાં રસ રૂચિ વધારવા માટે રમત- ગમત તથા ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે તો સુધારો લાવી શકાશે
5. જો વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ વિકસે તેવી વિવિધ રસ ઉત્પન્ન કરતી પ્રવૃતિઓ તથા ટી.એલ.એમ. દ્વારા શીખવવામાં આવે તો જ્ઞાનમાં વધારો કરી શકાશે
6. જો વિદ્યાર્થીઓને પ્રશ્નોત્તરી કરી તેની પાસે તેની નમુના નિર્માણની પ્રવૃત્તિઓ કરાવવામાં આવે તો સમસ્યાનું નિવારણ કરી શકાશે
7. જો વિદ્યાર્થીઓને ઓનલાઈન ઉપલબ્ધ માહિતીથી વાકેફ કરવામાં આવે તો વિદ્યાર્થીઓ જાતે જ પોતાની ભૂલો સુધારી ઉચ્ચારણો વધુ શુદ્ધ કરી શકાશે.

**5. પ્રયોગકાર્યનીરૂપરેખા :**

પ્રયોગકાર્યની રૂપરેખા નીચે મુજબ છે

વિશિષ્ટ જરૂરિયાત ધરાવતાં બાળકોનાં વર્તન આધારિત સમસ્યાઓ માટે સાત દિવસ સુધી વિવિધ પ્રવૃતિઓ જેવી કે રમતો, વર્ગખંડ શિક્ષણકાર્ય, શૈક્ષણિક પ્રવૃત્તિઓનું અવલોકનનાં આધારે સુધાર કાર્ય કરવામાં આવ્યું

**6. માહિતીનું વિશ્લેષણ :**

માહિતીનું વિશ્લેષણ વિદ્યાર્થીઓની જુદી જુદી મુલ્યાંકન પધ્ધતીની સફળતા અને નિષ્ફળતાની ટકાવારી આધારે કરવામાં આવ્યું હતું

**7. તારણો :**

1. આ નવતર પ્રાયોગિક રમત દ્વારા બાળકોની અવલોકન કરવાની શક્તિ વધુ ખીલી હતી.
2. સામાન્ય અક્ષરો, શબ્દો, રંગો, વાતાવરણ, વર્તનની સમજ કેળવતા શિક્ષણ પ્રત્યે બાળકોમાં ઉત્સાહ અને રૂચિ વધ્યા હતા.
3. બોલચાલની ભાષા અને શબ્દો માટે રોજિંદા ઉપયોગ પ્રત્યેનો ડર ઓછો થયો.
4. બાળકો શબ્દો અને અક્ષરોને ઓળખવા લાગ્યા હતા.
5. શિક્ષકોની મદદથી અન્ય પ્રવૃતિઓ પણ આ રમત દ્વારા શીખતા થયા અને તેમના ઉત્સાહમાં વધારો થયો હતો
6. બાળકોનું સતત મુલ્યાંકન થતા તેમની સિદ્ધિઓની નોંધ રાખી શકાય હતી.

**સારાંશ તૈયાર કરનાર :** શ્રી ગોહેલ હરેશકુમાર વી. , નાનાગોખરવાળા પ્રાથમિક શાળા, તા.જિ.-અમરેલી

**સારાંશ ક્રમાંક :** 44

**થીમ/વિષય :** ભાષા (અંગ્રેજી)

**સ્તર :** પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક :** ધો.૩માં અંગ્રેજી ભાષાના અર્થગ્રહણમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ

**સંશોધકનું નામ :** વસોયા હેતલબેન વી.

**સંસ્થાનું સરનામું :** બી.આર.સી.ભવન, સાવરકુંડલા, તા: સાવરકુંડલા, જિ. અમરેલી

**સંશોધન વર્ષ :** ૨૦૨૩-૨૪

**સારાંશ :**

**1. ભૂમિકા :**

પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધનમાં વિદ્યાર્થીઓને ધો. ૩ અંગ્રેજી ભાષામાં પાયાની સાક્ષારતા શીખવામા પડતી મુશ્કેલીઓને સમજવા અન્વયે આવશ્યક નિદાન અને ઉપચાર કાર્ય વિશે સંશોધન કાર્ય કરવામાં આવેલ હતું તથા વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષામાં પાયાની સાક્ષારતા શીખતી વખતે પડતી મુશ્કેલીનો અભ્યાસ કરીને એ મુશ્કેલીનો ઉકેલ શોધવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

**2. સમસ્યા ક્ષેત્ર :**

સમસ્યા ક્ષેત્ર અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાની કૃષ્ણગઢ પ્રાથમિક શાળાના વર્ષ ૨૦૨૩-૨૪ના ધો. ૩ ના વિદ્યાર્થીઓ સુધી સીમીત હતું.

**3. સમસ્યાના સંભવિત કારણો :**

1. વિદ્યાર્થીઓમાં અંગ્રેજી ઉચ્ચારણનો પાયો પ્રાથમિક સ્તરે કાચો હોવો.
2. વિદ્યાર્થીઓમાં અંગ્રેજી વિષય પ્રત્યે કાલ્પનિક ભય તથા અન્ય વિષયમાં વધુ રસ રૂચી હોવા.
3. વિદ્યાર્થીઓને વિષયના એકમનાં પુનરાવર્તન માટે સમયનો અભાવ હોવો.
4. અંગ્રેજી વિષય શિક્ષણ માટે ભાષા શિક્ષક પાસે નાવીન્યતાનો તથા યોગ્યપદ્ધતિનો અભાવ હોવો.
5. વિદ્યાર્થીઓને અંગ્રેજી બોલતા શરમ આવવી કે બોલવાનો પૂરતો મહાવરો ન મળતો હોય.

**4. ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

1. નબળા વિદ્યાર્થીઓનું અલગ જૂથ બનાવી અંગ્રેજી સંભાષણનાં પાયાનું શિક્ષણ આપી શકાશે .
2. વિદ્યાર્થીઓનું પૂર્વ જ્ઞાન તપાસી તેમાં અવરોધરૂપ મુદ્દાઓની સમજ આપી શકાશે.
3. રમત- ગમત, ટી.એલ.એમ. તથા ટેક્નોલોજી દ્વારા અંગ્રેજી સંભાષણનું જ્ઞાન આપી શકાશે.
4. ભાષાકીય પ્રવૃતિઓને લગતા પુસ્તકોના ઉપયોગ દ્વારા શબ્દભંડોળ વિકસાવી શકાશે.

**5. પ્રયોગકાર્યની રૂપરેખા :**

આ પ્રાયોગિક કાર્ય સાત દિવસ કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ દિવસથી વિદ્યાર્થીઓની પુર્વ કસોટી લઇ તેમની ભૂલો સમજાવવામાં આવી હતી. બીજા દિવસે અંગ્રેજી ભાષાના પાયાના ખ્યાલો ટેક્નોલોજીનો ઉપયોગ દ્વારા સમજાવવામાં આવ્યા હતા. ત્રીજા દિવસે સ્પેલિંગ, ઉચ્ચારણો, અને પાયાના પ્રશ્નોને લગતા મુદ્દાઓનું નોટબુકમાં લેખન કરાવી ચોથા દિવસે તે મુદ્દાઓનું આરોહ અવરોહ યુક્ત સંભાષણ કરાવવામાં આવ્યું હતું. પાંચમા દિવસે અંગ્રેજી વ્યાકરણનો પાયાનો ખ્યાલ આપવામાં આવ્યો હતો, છઠ્ઠા દિવસે ટી.એલ.એમ. નો ઉપયોગ કરી અંગ્રેજી ભાષાની પાયાગત પ્રવૃતિઓની સમજ આપવામા આવી હતી તથા સાતમા દિવસે વિદ્યાર્થીઓની પુન: કસોટી લઇ તેમની ભૂલો સમજાવવામાં આવી હતી.

**6. માહિતીનું વિશ્લેષણ :**

માહિતીનું વિશ્લેષણ પ્રિ-પોસ્ટ ટેસ્ટની ટકાવારીના આધારે કરવામાં આવેલ હતું.

**7. તારણો :**

1. સામાન્ય સંજ્ઞા(કોડીંગ) અને ફૂટ વાચન (ડીકોડીંગ)ની સમજ કેળવતા ભાષા શિક્ષણ પ્રત્યે બાળકોમાં ઉત્સાહ અને રૂચી વધ્યા હતા તથા અંગ્રેજી ઉચ્ચારણનો પાયો મજબુત થયો હતો.
2. વિદ્યાર્થીઓનો અંગ્રેજી ભાષાના રોજિંદા ઉપયોગ પ્રત્યેનો ડર ઓછો થયો, તેઓ સંકુલ શબ્દો અને પ્રશ્નોના જવાબ આપવા લાગ્યા તથા કઠીનબિંદુઓનું સરળીકરણ કરતા શીખ્યા હતા.
3. બાળકોનું સતત મુલ્યાંકન થતા તેમની સિદ્ધિઓની નોંધ રાખી શકાય હતી.

**સારાંશ તૈયાર કરનાર :** સોલંકી પ્રકાશકુમાર ડી., શ્રી ક્રાંકચ કન્યા પ્રા. શાળા, તા.લીલીયા, જી.અમરેલી

**સારાંશ ક્રમાંક :** 45

**થીમ/વિષય :** ભાષા (અંગ્રેજી)

**સ્તર :** ઉચ્ચ પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક :** ધોરણ-૮ ના વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયમાં રસ ધરાવતા નથી.

**સંશોધકનું નામ :** ડોડીયા પ્રિયાબેન એચ.

**સંસ્થાનું સરનામું :** શ્રી વઢેરા પ્રાથમિક શાળા, તા. જાફરાબાદ, જી.અમરેલી

**સંશોધન વર્ષ :** ૨૦૨૩-૨૪

**સારાંશ :**

**1. ભૂમિકા** :

આજના આ પ્રવર્તમાન યુગને જ્ઞાનનો યુગ કહેવામાં આવે છે. આ ડીજીટલ યુગમાં ડગલે ને પગલે ભાષા નજરે ચડે છે અને તે ભાષા એટલે અંગ્રેજી. અંગ્રેજી ભાષાનો વ્યવહારિક ઉપયોગ દિનપ્રતિદિન વધો જ જાય છે. આથી વ્યવહારિક જીવનમાં અંગ્રેજીનું જ્ઞાન હોવું હાલના સમયમાં ખુબ જ આવશ્યક છે. ભારતનું ભવિષ્ય પ્રાથમિક શાળાના વર્ગોમાં નિર્માણ પામી રહ્યું છે ત્યારે જો બાળકોને અંગ્રેજી વિષયમાં કચાશ રહી જાય તો તેમના ભવિષ્ય માટે નુકશાનકારક બની શકે છે.

**2. સમસ્યા ક્ષેત્ર :**

સમસ્યા ક્ષેત્ર અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાની વઢેરા પ્રાથમિક શાળાના વર્ષ ૨૦૨૩-૨૪ના ધો. ૮ ના વિદ્યાર્થીઓ સુધી સીમીત હતું.

**3. સમસ્યાના સંભવિત કારણો :**

1. બાળકોની અંગ્રેજી વિષયમાં કચાશ હોવી.
2. બાળકોને અંગ્રેજી વિષયમાં રસ ન હોવો.
3. બાળકો અંગ્રેજી વિષયની વ્યવહારિક ઉપયોગીતા તથા મહત્વ ન જાણતા સમજતા હોવા.
4. બાળકોમાં અંગેજી વિષય પ્રત્યે આત્મવિશ્વાસ ન હોવો.

**4. ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

1.બાળકોના અંગ્રેજી વિષયની પાયાની કચાશ દુર થશે તો અંગ્રેજીમાં રસ લેતા થઈ શકાશે.

2.બાળકોને વ્યવસ્થિત મૂળાક્ષરોનું જ્ઞાન આપવામાં આવે તો અંગ્રેજીમાં રસ લેતા થઈ શકાશે.

3.વિદ્યાર્થીઓમાં જૂથ કાર્ય કરાવવામાં આવે તો તે ઝડપથી શીખી શકાશે.

4.અંગ્રેજી વિષયનો તાસ શરૂઆતમાં રાખવામાં આવે તો બાળકો રસ લેતા થઈ શકાશે.

**5. પ્રયોગકાર્યની રૂપરેખા :**

આ પ્રાયોગિક કાર્ય સાત દિવસ કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ દિવસે વિદ્યાર્થીઓની પુર્વ કસોટી લઇ તેમની ભૂલો સમજાવવામાં આવી હતી. તથા બાકીના ત્રણ-ત્રણ દીવસ બાળકોને મૂળાક્ષર કાર્ડના ઉપયોગથી જુથ કાર્ય કરાવીને તથા અન્ય ચાર્ટ, અમૂર્ત વસ્તુઓ તથા રમત દ્વારા બાળકોને જૂથકાર્ય કરાવવામાં આવ્યું હતું. અંતિમ દિવસે વિદ્યાર્થીઓની પુન: કસોટી લઇ તેમની ભૂલો સમજાવવામાં આવી હતી.

**6. માહિતીનું વિશ્લેષણ :** માહિતીનું વિશ્લેષણ પ્રિ-ટેસ્ટ તથા પોસ્ટ-ટેસ્ટમાં મેળવેલ ગુણની ટકાવારીના આધારે કરવામાં આવેલ હતું.

**7. તારણો :**

1. વિદ્યાર્થીઓની અંગ્રેજી વિષયમાં પાયાની કચાશ દુર થઇ હતી.
2. બાળકોને વ્યવસ્થિત મૂળાક્ષરોનું જ્ઞાન આપવામાં આવતા અંગ્રેજી વિષયમાં રસ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં ક્રમશ: વધારો થયો હતો.
3. હોશિયાર વિદ્યાર્થીઓ સાથે જૂથકાર્ય કરાવતા નબળા વિદ્યાર્થીઓ ઝડપથી શીખ્યા હતા.
4. અંગ્રેજી વિષયનું શૈક્ષણિક કાર્ય પ્રથમ તાસમાં કરાવવાથી વિદ્યાર્થીઓની સક્રિયતા વધી હતી.

**સારાંશ તૈયાર કરનાર :** સોલંકી પ્રકાશકુમાર ડી., શ્રી ક્રાંકચ કન્યા પ્રા. શાળા, તા.લીલીયા, જી.અમરેલી

**સારાંશ ક્રમાંક** : 46

**થીમ/વિષય :** ભાષા (ગુજરાતી)

**સ્તર :** ઉચ્ચ પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક :** ધોરણ 6 થી 8માં ગુજરાતી વિષયમાં રેફવાળા (અર્થાત હલંત 'ર'કાર વાળા) શબ્દોમાં પડતી મુશ્કેલીનું નિદાન તથા ઉપચાર

**સંશોધકનું નામ :** સંજયભાઈ બી. વાળોદરા

**સંસ્થાનું સરનામું** : શ્રી અંટાળિયા પ્રાથમિક શાળા, તા. લીલીયા, જી.અમરેલી

**સંશોધન વર્ષ** : ૨૦૨૩-૨૪

**સારાંશ :**

**1. ભૂમિકા :**

પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધનમાં વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષામાં રેફ વાળા શબ્દો અર્થાત હલન્ત રકાર વાળા શબ્દોને વાંચવા - લખવા તથા સમજવામાં પડતી મુશ્કેલીને નિવારવા માટે આવશ્યક નિદાન અને ઉપચાર કાર્ય વિશે ક્રિયાત્મક સંશોધન કાર્ય કરવામાં આવેલ હતું તથા તેમને પડતી મુશ્કેલીનો અભ્યાસ કરીને એ મુશ્કેલીનો ઉકેલ શોધવાનો પ્રયાસ કર્યો હતો.

**2. સમસ્યા ક્ષેત્ર :**

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાની અંટાળિયા પ્રાથમિક શાળાના વર્ષ ૨૦૨૩-૨૪ના ધો.૬થી ૮ ના વિદ્યાર્થીઓ સુધી સીમીત હતું.

**3. સમસ્યાના સંભવિત કારણો :**

1. વિદ્યાર્થીઓને રેફની નિશાની સમજવામાં ભૂલ કે રેફ કઈ જગ્યાએ મૂકવો તેની સમજણ ન હોય.
2. વિદ્યાર્થીઓને રેફવાળા શબ્દોનું વાંચન લેખનના મહાવરાનું પુનરાવર્તન મળ્યું ન હોય.
3. વિદ્યાર્થીઓને રેફના નિયમોની સમજણ નહીં હોય કે સંયુક્તાક્ષરમાં ભૂલો થતી હોય.
4. જાહેરાતના બોર્ડ તથા મુદ્રિત સામગ્રીમાં થતી ભૂલોના કારણે વિદ્યાર્થીઓની સમજણમાં ભૂલો થતી હોય.

**4. ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

1. જો શિક્ષક પોતે જ વર્ગમાં રેફવાળા શબ્દો પ્રત્યે સજાગ રહે તો ભૂલો નિવારી શકાશે.
2. વિદ્યાર્થીઓનું પૂર્વજ્ઞાન તપાસી તેમને સમજ આપવમાં આવે તો ભૂલોને નિવારી શકાશે.
3. વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષામાં રેફવાળા શબ્દોને અંતર્ગત પુસ્તકો, ચોક્કસ પધ્ધતિ/પ્રવૃત્તિ તથા મોબાઈલ એપ્લીકેશનનો ઉપયોગ કરવા પ્રેરવામાં આવે તો બાળકોમાં સુધારો લાવી શકાશે.
4. વર્ગમાં રેફવાળા શબ્દોની નાની પુસ્તિકામાં યાદી બનાવી તેનો સંગ્રહ કરી તેનો દરરોજ ઉપયોગ તો આ સમસ્યા હલ કરી શકાશે.

**5. પ્રયોગકાર્યની રૂપરેખા :**

આ પ્રાયોગિક કાર્યમાં સૌ પ્રથમ રેફ વાળા શબ્દોના વાંચન તથા શ્રુતલેખન દ્વારા બાળકોની પૂર્વ કસોટી લેવામાં આવી હતી. ત્યાર બાદ આધાર પદ્ધતિ તથા નિદર્શન પ્રયુક્તિ દ્વારા નિયમો સમજાવવામાં આવ્યા હતા. આદર્શ વાંચન, મૂક-વાચન કરાવ્યા બાદ નિદર્શન તથા લેખન પદ્ધતિ દ્વારા રેફ વાળા શબ્દોની નાની પુસ્તિકા તૈયાર કરાવવામાં આવી હતી. અંતે ફરીથી દ્રઢીકરણ માટે વાંચન તથા શ્રુતલેખન દ્વારા પુન: કસોટી લેવામાં આવી હતી.

**6. માહિતીનું વિશ્લેષણ :**

માહિતીનું વિશ્લેષણ પ્રિ-ટેસ્ટ તથા પોસ્ટ- ટેસ્ટમાં મેળવેલ ગુણની ટકાવારીના આધારે કરવામાં આવેલ હતું.

**7. તારણો :**

1. વિદ્યાર્થીઓનું પૂર્વજ્ઞાન તપાસી તેમને રેફવાળા શબ્દોના નિયમો સમજાવતા વાંચન, લેખન તથા સાચા ઉચ્ચારણની ભૂલો સુધરી હતી.
2. મોબાઇલ એપ્લીકેશનના માધ્યમથી સમજ આપવમાં આવતા તેમની ભૂલો સુધરી હતી.
3. રેફવાળા શબ્દોની શબ્દ પોથી બનાવી તેના સતત મહાવરાથી વિદ્યાર્થીઓની ભૂલો સુધરી હતી.
4. સમયાંતરે વિદ્યાર્થીઓને મહાવરો કરાવી દ્રઢીકરણ દ્વારા સંયુક્તાક્ષરમાં થતી ભૂલો સુધરી હતી.

**સારાંશ તૈયાર કરનાર** : સોલંકી પ્રકાશકુમાર ડી., શ્રી ક્રાંકચ કન્યા પ્રા. શાળા, તા.લીલીયા, જી.અમરેલી

**સારાંશ ક્રમાંક** : 47

**થીમ/વિષય** : સામાજિક વિજ્ઞાન

**સ્તર** : ઉચ્ચ પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક** : વિદ્યાર્થીઓમાં દીશા ઓળખ સંબધિત સમસ્યા અને તેનું નિરાકરણ.

**સંશોધકનું નામ** : નથવાણી પાયલબેન એ.

**સંસ્થાનું સરનામું** : શ્રી ચાંદગઢ પ્રાથમિક શાળા, તા. અમરેલી, જી.અમરેલી

**સંશોધન વર્ષ** : ૨૦૨૩-૨૪

**સારાંશ :**

**1. ભૂમિકા** :

ધોરણ 5 અને 6 ના બાળકોમાં દિશાઓનું જ્ઞાન ન હોવું એક સમસ્યા છે. કારણકે દિશાઓનું જ્ઞાન પ્રાથમિક સ્તરના વિદ્યાર્થીઓમાં શરૂઆત થઈ જાય છે. આથી બાળકોમાં દિશાઓની સમજ હોવી જરૂરી છે. દિશાઓનું જ્ઞાન ન હોવાથી વિદ્યાર્થીઓને વિવિધ સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જેમકે રસ્તો ભૂલી જવો, શાળાથી પોતાના ઘરની દિશા ન કહી શકવી, ચારેય દિશાઓની સમજમાં ભ્રમ ઉત્પન્ન થવો વગેરે. તેથી આ ક્રિયાત્મક સંશોધનથી વિદ્યાર્થીઓની દિશા ઓળખની સમજ અને સંકલ્પના સ્પષ્ટ થશે. જેથી વિદ્યાર્થીઓ પોતાની દિનચર્યા અને આવન જાવનમાં પ્રયોગ કરી શકતા હતા.

**2. સમસ્યા ક્ષેત્ર :**

સમસ્યા ક્ષેત્ર અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાની ચાંદગઢ પ્રાથમિક શાળાના વર્ષ ૨૦૨૩-૨૪ના ધો. ૫ અને ૬ ના વિદ્યાર્થીઓ સુધી સીમીત હતું.

**3. સમસ્યાના સંભવિત કારણો :**

1. વિદ્યાર્થીઓમાં દિશાઓની સંકલ્પના સ્પષ્ટ ન હોવી તથા દિશાઓની બાબતમાં ભ્રમણા હોવી.
2. ઉગમણી-આથમણી દિશા, ડાબું–જમણું, તેમજ આગળ–પાછળ વગેરેની સમજ ન હોવી.
3. નકશાના વાચન સમયે ધ્યાન કેન્દ્રિત ન હોવું.
4. ભૌગોલિક રીતે દિશાઓને યાદ ન રહેતી હોવી.

**4. ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

1. વિવિધ રમતો દ્વારા કોઈ સ્થળ અંગેની પ્રશ્નોત્તરી કરીને આ સમસ્યાનું નિરાકરણ લાવી શકાશે.
2. વર્ગખંડમાં નક્શાનું વારંવાર વાચન કરાવીને આ સમસ્યા હળવી કરી શકાશે.
3. વિદ્યાર્થીઓની નકશામાં પોતાનું ગામ, તાલુકો અને જીલ્લો શોધવાનું કહીને પ્રશ્ન હલ કરી શકાશે.
4. ચારેય દિશાઓની સંકલ્પના સ્પષ્ટ રૂપથી બતાવવાં માટે ઉગતા સૂર્યની સામે ઉભા રાખી શકાશે.

**5. પ્રયોગકાર્યની રૂપરેખા :**

આ ક્રિયાત્મક સંશોધનમાં સૌ પ્રથમ પ્રશ્નોતરીના માધ્યમથી દિશાજ્ઞાનમાં નબળા વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરવામાં આવી હતી. ત્યાર બાદ ટી.એલ.એમ., સ્વ નિર્મિત ચિત્રો, ખુલ્લા મેદાનમાં રમત તથા અન્ય સંદર્ભ સાહિત્ય દ્વારા બાળકોને દિશાની સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત બાળકોને ગામમાં વિવિધ સ્થળોની મુલાકાત કરાવી તથા નોટબુકમાં શાળાનો નકશો દોરાવી તથા ગૃહકાર્ય આપી શીખવવામાં આવ્યું હતું. સંશોધન દરમ્યાન વિદ્યાર્થીઓની લેખિત પરીક્ષા દ્વારા તેમની પ્રગતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

**6. માહિતીનું વિશ્લેષણ :**

માહિતીનું વિશ્લેષણ મળેલ પરિણામની ટકાવારીના આધારે કરવામાં આવેલ હતું.

**7. તારણો :**

1. વિદ્યાર્થીઓમાં દિશાઓની સંકલ્પના સ્પષ્ટ થઇ હતી તથા દિશાઓ અંગેની ભ્રમણા દુર થઇ હતી.
2. ઉગમણી-આથમણી દિશા, ડાબું–જમણું, તેમજ આગળ–પાછળ વગેરેની સમજ કેળવાઈ હતી..
3. નકશાના વાચનમાં થતી મુશ્કેલીઓ દુર થઇ હતી.
4. ભૌગોલિક રીતે દિશાઓને યાદ રાખતા થયા હતા.

**સારાંશ તૈયાર કરનાર :** સોલંકી પ્રકાશકુમાર ડી., શ્રી ક્રાંકચ કન્યા પ્રા. શાળા, તા.લીલીયા, જી.અમરેલી

**સારાંશ ક્રમાંક** : 48

**થીમ/વિષય** : વિજ્ઞાન

**સ્તર :** ઉચ્ચ પ્રાથમિક

**ક્રિયાત્મક સંશોધનનું શિર્ષક** : વાર્તા દ્વારા ધોરણ ૬ થી ૮ નાં બાળકોમાં વિજ્ઞાન વિષયની અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિ

**સંશોધકનું નામ** : સોલંકી પ્રકાશકુમાર ડી.

**સંસ્થાનું સરનામું** : શ્રી ક્રાંકચ કન્યા પ્રાથમિક શાળા, તા. લીલીયા, જી.અમરેલી

**સંશોધન વર્ષ** : ૨૦૨૩-૨૪

**સારાંશ :**

**1. ભૂમિકા :**

આ સંશોધન પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને વિજ્ઞાન શીખવવા માટેની તકનીક તરીકે વાર્તા કહેવાના ઉપયોગના ફાયદા અને અસરકારકતાની શોધ કરે છે. વિજ્ઞાન શિક્ષણમાં વાર્તાઓનો સમાવેશ કરીને, શિક્ષકો, વિદ્યાર્થીઓની સંલગ્નતા, સમજણ અને વૈજ્ઞાનિક ખ્યાલોને જાળવી રાખવાની ક્ષમતા વધારી શકે છે. આ સંશોધન પ્રાથમિક શાળામાં વિજ્ઞાન અભ્યાસક્રમમાં વાર્તા દ્વારા અપેક્ષિત અધ્યયન નિષ્પતિની સિદ્ધિ માટે તથા વાર્તા કહેવાના અમલીકરણ માટે વ્યવહારુ વ્યૂહરચના પ્રદાન કરે છે.

**2. સમસ્યા ક્ષેત્ર :**

સમસ્યા ક્ષેત્ર અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાની શ્રી ક્રાંકચ કન્યા પ્રાથમિક શાળાના વર્ષ ૨૦૨૩-૨૪ ના ધો.૬ થી ૮ ના વિદ્યાર્થીઓ સુધી સીમીત હતું.

**3. સમસ્યાના સંભવિત કારણો :**

1. ઘણા વૈજ્ઞાનિક ખ્યાલો જટિલ તથા અમૂર્ત હોય છે અને નાના બાળકો માટે તેને સમજવું મુશ્કેલ હોય છે.
2. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ પાસે વૈજ્ઞાનિક સિદ્ધાંતોનું અગાઉનું જ્ઞાન મર્યાદિત હોય છે.
3. વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન વિષયના જટિલ મુદ્દાઓમાં તેમની રુચિ જાળવવી પડકારજનક હોઈ શકે છે.
4. વિદ્યાર્થીઓની શીખવાની શૈલીઓ વિવિધ હોય છે. તેમની જરૂરીયાત મુજબ પાઠ આયોજનનો અભાવ.

**4. ક્રિયાત્મક ઉત્કલ્પનાઓ :**

1. વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિષય શીખવવામાં સરળ અને રસપ્રદ ભાષાનો ઉપયોગ કરી શકાશે.
2. વાર્તા કથન વિજ્ઞાન વિષયના જટિલ મુદ્દાને સરળતાથી સમજાવી શકાશે.
3. વાર્તા દ્વારા વિજ્ઞાનના વિષયના અમૂર્ત ખ્યાલોને બાળકના મનમાં જીવંત કરી શકાશે.
4. વાર્તા કથન દ્વારા વિજ્ઞાન વિષયની અપેક્ષિત અધ્યયન નિષ્પતિને સિદ્ધ કરી શકાશે.
5. વાર્તા દ્વારા વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન વિષય પ્રત્યે રસ રૂચી કેળવી શકાશે.

**5. પ્રયોગકાર્યની રૂપરેખા :** આ ક્રિયાત્મક સંશોધનમાં સૌ પ્રથમ બાળકોની વિજ્ઞાન વિષયના પ્રકરણ આધારિત પ્રિ ટેસ્ટ લેવામાં આવી હતી. ત્યાર બાદ બીજા દિવસે શિક્ષક દ્વારા જ સ્વ નિર્મિત તે જ વિષય સંબંધિત વાર્તા કહેવામાં આવી હતી. ત્રીજા દિવસે આ જ વાર્તા બાળકોને વાંચન માટે આપવામાં આવેલ હતી તથા ત્યાર બાદ વાર્તા યાદ રાખીને લેખન માટે આપવામાં આવેલ હતી. ચોથા દિવસે આ જ વાર્તાનો શિક્ષક દ્વારા સ્વ નિર્મિત ઓડિયો વાર્તા સંભળાવવામાં આવી હતી અને પાંચમાં દિવસે બાળકોની વિષય આધારિત પોસ્ટ ટેસ્ટ લેવામાં આવી હતી.

**6. માહિતીનું વિશ્લેષણ :** માહિતીનું વિશ્લેષણ પ્રિ ટેસ્ટ તથા પોસ્ટ ટેસ્ટમાં બાળકો દ્વારા મેળવવામાં આવેલ ગુણ તથા તે આધારિત ટકાવારીને આધારે કરવામાં આવેલ હતું.

**7. તારણો :**

1. વાર્તા કથન વિજ્ઞાન વિષયના જટિલ મુદ્દાને સરળતાથી સમજવામાં મદદરૂપ થઇ હતી.
2. વાર્તા દ્વારા વિજ્ઞાનના અમૂર્ત ખ્યાલોને બાળકના મનમાં જીવંત કરી શકાયા હતા.
3. વાર્તા કથન દ્વારા વિજ્ઞાન વિષયની અપેક્ષિત અધ્યયન નિષ્પતિને સિદ્ધ કરી શકાય હતી.
4. વાર્તા દ્વારા વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન વિષય પ્રત્યે રસ રૂચી કેળવી શકાયા હતા.

**સારાંશ તૈયાર કરનાર :** સોલંકી પ્રકાશકુમાર ડી., શ્રી ક્રાંકચ કન્યા પ્રા. શાળા, તા.લીલીયા, જી.અમરેલી